# Divine Association

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

*One day while returning from my office I saw a newly opened fast-food restaurant in an adjacent complex. I remembered visiting the restaurant in Mumbai and hence I went inside to have a look at the menu. I found everything to be similar to their Mumbai outlet right from the ambience to the prices and the quality of food.*

*A gentleman came forward and provided me with all the details. And he proudly announced that he was **the owner of the shop** and it was **the franchise of the fast-food company which he had started**. Had he not told me, **it would have been difficult to make out** that it was not a company owned outlet **but a franchisee**.*

*A franchise is a **right granted to an individual or a group** by the company **to market its product and services in the specified territory**. Thus within this **territory the franchise owner is the ultimate authority** appointed by the company.*

➔ *This **franchisee-franchisor association** has helped various companies promote and trade their products and services across the world successfully. Let us try to find out through this article that **Divine Association** which has benefitted Islam and made it a successful religion the world over.*

We start with Almighty Allah's following instruction to the holy Prophet (SAW) in Surah-e-Jinn:

- *"(Ye bhi) kehdo ki **main tumhare haq main** na **burayee ka** hi ikhtiyar rakhta hoon aur **na bhalayee ka** – (Surah-e-Jinn, ayah 21)*

  *"(Say, "**It is not** in **my power** to cause you either **harm or good**")*

It is only Allah (SWT) – the Most Powerful, the Most Beneficent who can help the mankind and even harm them if needed. Does it mean that the presence of holy Prophet (SAW) in our lives has not done any good to us?

- *"Khuda ne to **imaandaron per bada ehsaan kiya** ke unn ke waaste unheen ki qawm ka **ek Rasool (SAW) bheja jo unhain Khuda ki aayatein padh padh ke sunata hai** aur **unn ki tabiyat ko pakizah karta hai** aur **unhain Kitab (Kitab-e-Khuda) aur aqal ki baatein sikhaata hai** agarche wo pehle khuli hui **gumrahi main pade the**." - (Surah-e-Aale Imran, ayah 164)*

*"(Allah did confer **a great favour on the believers** when **He sent among them a messenger from among themselves, rehearsing unto them the Signs of Allah, sanctifying them, and instructing them in Scripture and Wisdom**, while, before that, they **had been in manifest error.**)"*

When we observe the above ayah we find that there are so many benefits Allah (SWT) has made us count while referring to the holy Prophet (SAW). In fact in the above ayah He says **that the holy Prophet's presence amongst us is His Great Favour**. So if there are multiple benefits because of the holy Prophet (SAW) why did the first ayah say that it is not in his power to do any good to us? This needs to be further pondered upon.

- *"Qasam hai sitare ki jis waqt ke woh utra. **Tumhara rafeeq na bhatak gaya hai** aur **na bahka hai**. Aur **woh khwahishe nafsaani se kuch nahin kehta**. Jo kuch woh kehta hai **woh nahin hai magar Wahi hai jo uski taraf bheji jaati hai**. Usko badi quwwaton waale aur badi aqal waale ne taalim kiya." - (Surah-e-Najam, ayah,1-5)*

  *"(I swear by the star when it goes down. **Your companion does not err**, **nor does he go astray**; **Nor does he speak out of desire.** It is naught **but revelation that is revealed**, The Lord of Mighty Power has taught him)"*

The above ayahs give us various results and provide us clarity on the above point which we were contemplating. The holy Prophet (SAW) **never errs**; hence **he is without any flaw**. He **never goes astray** hence he is always **steadfast on the straight path**. He **does not speak anything out of his will and desire**. **He only speaks whatever has been revealed to him**. It means whatever he has said in his life is a revelation of Allah. **These revelations are called ayahs in Quran and outside Quran they are called ahadith of the holy Prophet (SAW).** This is the **Divine Association** our holy Prophet (SAW) has with the Almighty Allah. And **this association provides him all the power to benefit us.**

And with the following ayah Allah (SWT) has further informed us on the importance of the presence of holy Prophet (SAW) in our lives:

- *"Aur Ae Rasool (SAW) Hum ne tum ko **tamam alamon ke liye rehmat hi karke bheja hai".** – (Surah-e-Ambiya, ayah 107)*

  *(**"**And We have not sent you but as a **mercy to the worlds**.")*

Allah (SWT) has created the Sun to provide us with light & warmth in day time. If we avoid Sunlight we will have to live in darkness and forego many other benefits of it. Hence it is required to be under the comfort of Sunlight whenever need arises. Our holy Prophet (SAW)'s

presence is similar to this. He is mercy to the worlds; hence the seekers of Allah's Mercy need to approach the holy Prophet (SAW). Without his intercession Allah's Mercy will never reach us.

➔ **Allah's Mercy:** In the light of various ayahs we saw divine association our holy Prophet (SAW) has with Allah (SWT) and hence **the right** to **bestow Allah's Mercy** over **the mankind** has been **granted to the holy Prophet (SAW).**

Holy Prophet (SAW) got all his instructions from Allah (SWT) and he obeyed every instruction given to him. His mission was just to convey these instructions to the *Ummah* and he was not made accountable to ensure whether they were being followed or not, which Quran has clarified on various occasions. Let us see one of such instructions on *Jihad* in the following ayah:

- *"Pus (Ae Rasool (SAW)) tum Khuda ki raah mein jihad karo aur* ***tum apne <u>nafs ke siwa</u> aur kisi ke zimmedar nahin*** *ho aur imaandaron ko jihad ki targhib do." – (Surah-e-Nisa, ayah 84)*

  *"(Then fight in Allah's cause - Thou art* ***held responsible only for thyself*** *- and rouse the believers.)"*

Allah (SWT) orders holy Prophet (SAW) to perform *Jihad.* And also requires from him to motivate the believers to do the same, but holds him **responsible only for himself (his *'nafs'*) and <u>nobody else</u>;** as in Arabic the ayah **says *<u>'Illa Nafsaka'</u>*** meaning 'except your *nafs'***.** What does his nafs include let us try to understand.

Conduct of Mawla Ali (A.S) in various holy wars fought during the time of holy Prophet (SAW) and the time after that is well documented by Islamic scholars and historians and they have vouched for his steadfastness and bravery. He followed the instructions given by holy Prophet (SAW) to perfection.

Also, on different occasions the holy Prophet (SAW) referred to his relation with Mawla Ali (A.S) as similar to the relationship of Musa (A.S) with Haroon (A.S), so let us first see an ayah related to Musa (A.S) and Haroon (A.S)'s relationship and then we will further contemplate on the above point.

- *"Tub Musa (A.S) ne arz ki Khuda wanda Tu khuub waqif hai ke* ***apni zaat khaas aur apne bhai ke siwa kisi per mera qaboo nahin*** *buss ab hamare aur nafarman logon ke darmiyan judai daal de. " – (Surah-e-Maida, ayah 25)*

  *"(He (Moses) said: "O my Lord!* ***I have power only over myself and my brother****: so separate us from this rebellious people!")"*

The ayah says that Musa (A.S) prayed to Allah (SWT) to protect him and his brother (Haroon (A.S)) from the rebellious people as he acknowledged that **he only had the authority over himself and his brother and nobody else**. In the light of this ayah and the holy Prophet (SAW)'s comparison of his relationship with Mawla Ali (A.S) to Musa (A.S)'s relationship with Haroon (A.S) when we observe the ayah of *Surah-e-Nisa* mentioned above where Allah (SWT) has instructed the holy Prophet (SAW) for *'Jihad'* and made him responsible only for himself; it seems that the *'nafs'* or **the 'self' of holy Prophet (SAW) included Mawla Ali (A.S) as well.**

In the battlefield of Ohad, when the holy Prophet (SAW) was deserted by his companions and left alone it was Mawla Ali (A.S) who remained with him and helped him. The holy Prophet (SAW) asked him why he not fled with others to which **<u>Ali (A.S) replied that he belonged to the Prophet (SAW).</u>** He being a believer would not like to turn a disbeliever or an infidel by resorting to flight. *(Ref: Tabari; Ibn Athir; Madarij-al-Nabowat, Habib-ql-Siyar; Rawdzat-al-Ahbab.)*

In the light of ayahs, hadith and Mawla Ali (A.S)'s conduct in *'Jihad'* we could infer that Mawla Ali (A.S) was *'nafs'* of the holy Prophet (SAW) to which Allah (SWT) has referred to in the ayah pertaining to *Jihad* (ayah no. 84) of *Surah-e-Nisa* . Let us now see an event mentioned in Quran which will endorse our inference.

When the Christians of Najran contested the Prophethood of holy Prophet (SAW), Allah (SWT) instructed the holy Prophet (SAW) to call both the parties to the event for a *'Mubahela'.* The ayah is also called *ayah-e-Mubahela* for this reason:

- *"Phir jab tumhare paas ilm (Quran) aa chuuka us ke baad bhi agar tum se koi (Nasrani) Isa (a.s) ke baare main hujjat kare to kaho ki achha maindaan main aao* ***Hum apne beton ko bulaae tum apne beton ko, Hum apni aurton ko bulaae tum apni aurton ko, Hum apni jaanon ko bulaae tum apni jaanon ko,*** *uske baad* ***Hum sab milkar Khuda ki baargaah main gid gidaae*** *aur jhooton per Khuda ki la'anat kare..." – (Surah-e-Aale-Imran, ayah 61)*

  *"(…If any one disputes in this matter with thee, now after (full) knowledge hath come to thee say: "Come! Let us gather together, -* ***our sons and your sons, our women and your women, ourselves and yourselves.*** *Then let us earnestly pray and invoke the curse of God on those who lie.)"*

As instructed in the verse, each party was to bring their women, their sons and ***<u>Anfosana.</u>*** While the Christians brought a great delegation of learned scholars, the holy Prophet (SAW) summoned **Hazrat Fatima (S.A)** in place of **women of his house**. **Hassan (A.S) and Hussain (A.S)** in place of **his sons** and **Hazrat Ali (A.S) as** '***Anfosana'*** meaning part **of his *'nafs'* or self.** Both the parties then were needed to pray and invoke curse of Allah on the liars.

The Christian delegation looking at these five purified souls and their holy spirits quickly conferred amongst them and called off the *Mubahela*. They agreed not to question the nobility of the holy Prophet (SAW) and his mission. *(Ref: Imam Fakhruddin Razi in Tafseer-e-Kabeer, Vol II, P 73, Allama Zamakhshari in Tafseer-e-Kashshaf)*

➔The holy Prophet (SAW) neither errs nor he goes astray and he does not speak anything but whatever is revealed to him by the Almighty Allah. While Mawla Ali (A.S) is the part of his *'nafs' or 'soul'*, thus even he does not err, neither he goes astray and his conduct during his entire life is the example of how the instructions of the holy Prophet (SAW) needs to be followed. And hence **<u>his conduct is Allah's *'Wahi'* (revelation)</u>** in human form.

Our above inference shows a **strong association Mawla Ali (A.S) has with Almighty Allah**. In the light of an ayah that showcases status of Mawla Ali (A.S) with respect to Allah (SWT) and degree of his nearness to the Almighty let us further substantiate this fact:

- *"Aur logon mein se Khuda ke bande kuch aise hein jo **<u>Khuda ki (khushnudi) haasil</u>** karne ki gharaz se **<u>apne nafs tak bech daalte</u>** hain aur **Khuda** aise bandon per **bada hi shafkat** wala hai." – (Surah-e- Baqra, ayah 207)*

  *"(And among men is **<u>he who sells himself to seek the pleasure of Allah</u>**; and **Allah is Affectionate** to the servants.)"*

Imam Ghizali in his *Tareekh-e-Khamees* writes that the above ayah of *Surah-e-Baqra* was revealed mentioning **the sacrifice of Mawla Ali (A.S) when he slept on the bed of the holy Prophet (SAW) during the night of *Hijrat* risking his own life** to save the holy Prophet (SAW) **and thus helped the cause of Islam.** Various prominent Islamic historians, on the authority of Ibn-e-Abbas, have also documented a similar tradition in their work referring to the above ayah with Mawla Ali's sleep on the bed of the holy Prophet (SAW) at the night of *'Hijrat'. (Ref: In Mustadrak by Imam Hakim, Volume 3 Page 4)*

The ayah highlights the sacrifice of Mawla Ali (A.S) by saying that **<u>he sold himself to seek the pleasure of Allah</u>.** The ***'nafs'*** of **Mawla Ali (A.S) was purchased by Allah (SWT)** on this night of *Hijrat.* Imagine if someone helps your cause risking his own life what would you do? Would not

you want to help him or reward him to the best of your capacity? I would definitely try to do my best to reward such a helper who is ready to risk his life to help me.

Allah (SWT) is Most Beneficent and Merciful, and the Most Powerful. He is ***'Ala Kulle Shayeen Kadeer'.*** So what would be the level of His reward? As the ayah says that in return of *'nafs'* of Mawla Ali (A.S), Allah (SWT) granted him with **His Pleasure. So whatever pleases Ali (A.S) pleases Allah (SWT)** and **whatever displeases Ali (A.S) displeases Allah – The Almighty.**

And in one of the sermons which he addressed to Hazrat Salman Farsi (R.A) and Hazrat Abu Zarr Ghaffari (R.A), Hazrat Ali (A.S) has narrated the rewards he got from Allah – The Most High:

- "O Salmán! O Jandáb! Verily, **Allah has made me His Trustee over His creations** and **His Vicegerent on His earth**, in **His territories, and over His servants**. Allah has given me what no artist can depict and no man of understanding can truly comprehend. One, who knows me in this manner, **becomes a momin."**

Then he further continued in the same sermon:

- "When my name was written on **the throne of sky, it attained its calmness**. When it was inscribed on the mountains, **they were upraised**. When written on the earth, **it became stable**. When it was **inscribed on the wind, it started flowing**…." *(Ref: Excerpts from Sermon of Marefat-e-Nooraniyat of Imam Ali (A.S), Nah jul Israr, hubeali.com)*

➔**Allah's Pleasure**: Allah (SWT) has granted Mawla Ali (A.S) with His Pleasure, hence **the seeker of Allah's pleasure now should approach Mawla Ali (A.S)** without his intercession it would not be possible to please Almighty Allah.

Mosques are built so that we worship our Lord. Hence Allah (SWT) gives strict instructions on our conduct in Mosques:

- *"Aur ye ki masjidein khaas Khuda ki hain to logo* ***Khuda ke saath kisi ki ibadat na karna****."  - (Surah-e-Jinn, ayah 18)*

  *"(And the places of worship" are for Allah (alone): So* ***invoke not any one along with Allah****)"*

Only Allah (SWT) is to be worshipped and nobody else is worth worshipping along with Him otherwise it would lead to *'Shirk'. 'Namaz'* is the highest form of worship and hence Muslims everywhere in the world throng to Mosques to perform *'Namaz'*. Let us try to understand '*Namaz'* then.

*'Namaz'* starts with *Surah-e-Hamd*. It is mandatory to recite this *Surah* in the beginning of every *'Namaz'* otherwise *Namaz* does not start. The ayahs (6 & 7) of this *Surah* are the prayer to tread **the straight path of those who have been bestowed by Allah's Grace**. Sa'labi in his tafseer has mentioned a tradition from Abu Hureira that **the 'straight path' means the path taken by <u>Mohammed (SAW) and the children of Mohammed (SAW).</u>** *(Ref: Sa'labi in his Tafseer, Waki ibn-e-Jarrah in his commentary).*

Again, at the end of every *'Namaz'* **it is mandatory to send *'durood'* and salutations** on **the holy Prophet (SAW) and his holy Progeny,** without which *'Namaz'* remains incomplete. Thus *'Namaz'* starts with a prayer to follow the path taken by the holy Prophet (SAW) and his progeny and it ends with ***'durood'*** on them.

➔ It means that sending ***'durood'*** **and salutations on the holy Prophet (SAW) and his holy Progeny** and **discussing their virtues amongst ourselves** and praying to Allah (SWT) to make us capable enough to follow their path is an **integral part of our prayers**. Thus ***Zikr-e-Ahl-ul-bait*** **should not be mistaken as *'Shirk'*** but it is an integral part of ***<u>Zikr-e-Khuda</u>***.

Almighty Allah reveals His Glory through His creations. These creations are His Signs to understand His Greatness. As He says in the following ayah:

- *"Kya tumne nahin dekha* ***ke kashtiyan samandar mein Khuda ki ne'mat se chalti hein*** *ke wo apni nishaniyon main se ba'az tum ko dikhlade be-shak har sabr karne wale aur shukr karne wale ke liye uss main bahot si nishaniyan maujood hain." – (Surah-e-Luqman, ayah 31)*

  *" (Do you not see that the* ***<u>ships sail in the ocean by the grace of God</u>****, that He may show you some of His glories. Verily there are signs in this for those who constantly persevere and give thanks.)"*

Whatever happens in this world **is because of the Grace of Allah (SWT),** as the above ayah indicates that ships sail in the ocean by His Grace. **So invoking Allah's Grace is to get all our desires fulfilled.**

Keeping this in mind, let us see following excerpts from *Hadeeth-e-Kisa,* this hadeeth is a *tafseer* of *ayah-e-tatheer (Surah-e-Ahzab, ayah 33).* Jabir Ibn-e-Abdullah Ansari (R.A) narrates from the authority of Lady Fatema (S.A), the beloved daughter of the holy Prophet (SAW) that:

- "Then the Lord, Almighty Allah said: 'O My Angels! O inmates of the Heavens! **I created** this solid firmament, well-stretched earth, well-lighted moon, shinning sun, rotating

planets, **rippling oceans, floating boats,** and **all other things for the sake** and **love of these five persons who are inside the cloak.'**

At this, the Archangel Jibraeel (A.S) said: 'O Lord! Who are they inside the cloak?'

The Lord said: '**They are Ahl-ul-Bait of the Prophet** and the assets of the Prophethood. **They are Fatima (S.A), her father, her husband and her two sons**.'

The ayah from *Surah-e-Luqman* says that **whatever happens is due to the Grace of Almighty Allah,** while in the hadeeth-e-Kisa, Almighty Allah says that **He created everything for the sake and love of** Fatima (S.A), her father (The holy Prophet (SAW)), her husband (Mawla Ali (A.S)) and her two sons (Hassan and Hussein (A.S)) i.e. **family of Fatima (S.A) – The Panjetan Paak (A.S).**

Again if we go back to ayah of *Surah-e-Hamd* (ayah 6 & 7) which is a prayer for us to tread the straight path taken by Mohammed (SAW) and his children; who were bestowed by **Allah's Grace** it seems logical that **Allah's Grace is nothing but in loving them and following them.**

➔**Allah's Grace:** Thus in the light of ayahs of *Surah-e-Hamd* and *Surah-e-Luqman* and Hadeeth-e-Kisa, **Allah's Grace is the love for family of Fatima (S.A)**. If she and her family is happy with us Allah's Grace will always be with us**. Without the intercession of family of Fatima (S.A), it is not possible to invoke Allah's Grace.**

Allah (SWT) has created this world with a purpose. In one of the *ahadeeth-e-Qudsi* Allah (SWT) informs the purpose of this world to his first creation Adam (A.S):

- *"O Adam! Suppose if they (Mohammed (SAW) wa Aale Mohammed (SAW)) had not been there, I would neither have created you, nor would I have given the attire of creation to the Heavens, Hell, Skies and Earth." (Ref: Ma'ani Al Akhbar, P 124)*

The Purpose of Allah creating this world is His love for Mohammed (SAW) and his children. And in this love He has concealed His Grace. He wanted the *'Ummah'* to understand His Purpose and in return He wished to shower us with His Grace and hence Allah (SWT) instructed the holy Prophet (SAW) to ask his *'Ummah'* to reward him for his messengership by loving his Ahl-ul-bait in the following manner:

- *"Ae Rasool (SAW) tum kehdo ke main apni tableegh-e-risalat ka* ***apne karabatdaron ki mohabbat*** *ke siwa tumse koi sila nahin maangta"* – (Surah-e-Shura, aayat – 23)

*"('Say: I do not ask of you any reward for it but **love for my near relatives'**)"*

Here the love of relatives of the holy Prophet (SAW) **is love for Fatima (S.A), Ali (A.S) and their children Hassan (A.S) and Hussain (A.S).** (*Ref: Sa'labi, Suyuti, Baidhavi, Bukhari, Muslim, Ahmed ibn Hambal, Allama Zamkhashri Vol 3, P 68).*

➔ **Allah's Purpose:** Thus family of Fatima (S.A) is not **only Allah's Grace but they are the Purpose of Allah**. And if we remain dedicated to them we ensure that **Allah would be pleased** with us. This would keep us **steadfast on the straight path**. **Allah's Mercy** would be **bestowed upon us** and we would always be **under His limitless Grace**.

So let us along with Almighty Allah send ***'durood'*** and salutations to the holy Prophet (SAW) and his holy Progeny, the way Quran says:

- *"Ae Ahl-ul-bait (Nabuwwat) tum per Khuda ki rehmat wa Usski barkatein (naazil ho)." – (Surah-e-Hud, ayah 73)*

  *"(The Mercy of Allah and His Blessings are on you, O Ahl-ul-bait)"*

Salwaat…

# ઈલાહી નિસ્બત

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*એક દિવસે મારી ઑફિસથી પાછા આવતાં મેં નજીકમાં આવેલા કોમ્પ્લેક્સમાં નવી જ શરૂ થયેલી ફાસ્ટ-ફૂડની એક રેસ્ટોરન્ટ જોઈ. મને મુંબઈમાં રેસ્ટોરન્ટની મુલાકાત લીધેલી તે યાદ આવી અને તેથી જ તો હું તેના મૅનુ (Menu) તરફ એક નજર કરવા માટે અંદર ગયો. મને તેમની મુંબઈના રેસ્ટોરન્ટથી અહીંયાં કંઈ પણ જુદું ન લાગ્યું, મૅનુ ઉપર લખેલા ભાવથી માંડીને ગુણવત્તા સુધીની બધી જ બાબતોમાં કંઈ પણ ફેરફાર ન હતો.*

*એક સદ્‌ગૃહસ્થ આગળ આવ્યા અને મને બધી જ વિગતો પૂરી પાડી. વળી તેમણે ગર્વપૂર્વક એવી જાહેરાત પણ કરી કે તેઓ તે* ***શૉપના માલિક છે અને તેમણે એક ફાસ્ટફૂડ કંપનીની ફ્રેન્ચાઈઝ લીધી છે.*** *જો તેમણે મને કહ્યું ન હોત તો મારા માટે એ બાબત સમજવી મુશ્કેલ બની જાત કે તે કંપનીની માલિકીની રેસ્ટોરન્ટ છે કે ફ્રેન્ચાઈઝ છે.*

*ફ્રેન્ચાઈઝ એક એવો* ***અધિકાર છે કે જે કોઈ વ્યક્તિ કે જૂથને*** *કંપની દ્વારા* ***તેની ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓનું અમુક નિશ્ચિત પ્રદેશમાં વેચાણ કરવા આપવામાં આવે છે.*** *આથી તે* ***પ્રદેશની અંદર ફ્રેન્ચાઈઝનો માલિક*** *કંપની દ્વારા નિયુક્ત થયેલ* ***આખરી સત્તા હોય છે.***

*→* ***ફ્રેન્ચાઈઝ આપનાર - ફ્રેન્ચાઈઝ ધરાવનાર વચ્ચેના આ જોડાણે*** *જુદી જુદી કંપનીઓને બઢતી આપવામાં અને પોતાની ચીજ વસ્તુઓ અને સેવાઓનો સમગ્ર દુનિયામાં સફળતાપૂર્વક વેપાર કરવામાં મદદ કરી છે. ચાલો આપણે આ લેખ દ્વારા એ ઈલાહી નિસ્બત જાણવાનો પ્રયત્ન કરીએ કે જેણે ઈસ્લામને ફાયદો પણ પહોંચાડ્યો છે અને સમગ્ર દુનિયામાં તેને એક સફળ ધર્મ પણ બનાવી દીધો છે.*

સર્વશક્તિમાન અલ્લાહે રસૂલિલ્લાહ (સ.)ને સૂરએ જિનમાં આપેલા નીચેના આદેશોથી આપણે શરૂઆત કરીએ :

- '(એ પણ) જુઓ કે **હું તમારા હકમાં ન તો બૂરાઈનો** જ ઈખ્તિયાર ધરાવું છું કે **ન તો ભલાઈનો.'** (સૂરએ જિન, આયત-૨૧)

એ તો માત્ર સર્વશક્તિમાન અને સૌથી વધારે દયાળુ અલ્લાહ(સુ.વ.ત.) જ માત્ર છે કે જે માનવજાતને મદદ કરી શકે છે અને જરૂર પડે તો તેમને નુકસાન પણ પહોંચાડે છે. શું એનો અર્થ એવો થાય ખરો કે આપણા જીવનમાં રસૂલિલ્લાહ (સ.)ની હાજરીએ આપણું કોઈ ભલું જ કર્યું નથી?

- 'ખુદાએ **ઈમાનદારો ઉપર મોટો અહેસાન એ કર્યો છે** કે તેમના માટે તેમની જ કોમનો **એક રસૂલ(સ.) મોકલ્યો છે કે જે તેમને ખુદાની આયતોને વાંચી વાંચીને સંભળાવે** છે અને **તેમના સ્વભાવને પવિત્ર બનાવે છે** અને **તેમને કિતાબ (કિતાબે-ખુદા) અને બુધ્ધિની વાતો શિખવાડે છે,** જોકે તેઓ પહેલાં **ખુલ્લી ગુમરાહીમાં પડેલા હતા.'**

**લાગણી જેને શહીદે કરબલાની હોય છે,**
**એવા બંદા પર ખુદાની મહેરબાની હોય છે.**

**પાણી પોતે પાર પહોંચાડે છે જીવન-નાવને,**
**શોકમાં શબ્બીરના આંસુ સુકાની હોય છે.**

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૬૪)

જ્યારે આપણે ઉપરની આયતનું અવલોકન કરીએ છીએ તો આપણને જાણવા મળે છે કે અલ્લાહ(સુ.વ.ત.)એ રસૂલિલ્લાહ(સ.)નો સંદર્ભ આપીને આપણને ઘણા બધા ફાયદા ગણાવ્યા છે. હકીકતમાં ઉપરની આયતમાં તેણે ફરમાવ્યું છે કે **રસૂલે પાક(સ.)ની આપણી વચ્ચેની હાજરી જ આપણા માટે અલ્લાહનો બહુ મોટો ઉપકાર છે.** તેથી જો રસૂલિલ્લાહ(સ.)ને કારણે અનેકવિધ ફાયદા હોય તો પછી પહેલી આયતે એવું શા માટે ફરમાવ્યું છે કે આપણી ભલાઈ કરવી તેમના ઈખ્તિયારમાં નથી? આ બાબત ઉપર હજુ વધુ વિચાર કરવાની જરૂર છે.

- 'કસમ છે સિતારાની કે જે સમયે તે નાઝિલ થયો, **તમારો રફીક (મોહંમદ) ન તો ભટકી ગયો છે કે ન બહેકી ગયો છે** અને **<u>તે પોતાના મનની ઈચ્છાઓથી તો કંઈ બોલતો જ નથી</u>** તે જે કંઈ કહે છે **<u>તે બીજું કંઈ નથી પરંતુ વહી છે કે જે તેના ઉપર મોકલવામાં આવે છે.</u>** તેને મહાન શક્તિશાળીએ અને મહાન બુધ્ધિશાળીએ તાલીમ આપી છે.'

(સૂરએ નજમ, આયત-૧ થી ૫)

ઉપરની આયતો આપણને વિવિધ પરિણામો આપે છે અને ઉપરના મુદ્દા ઉપર સ્પષ્ટતા પૂરી પાડે છે કે જેના ઉપર આપણે ચિંતન કરી રહ્યા છીએ. રસૂલે પાક(સ.) **કદી પણ ભૂલ કરતા જ નથી** તેથી આપ(સ.) **કોઈ પણ પ્રકારની ક્ષતિ વગરના છે.** આપ **કદી પણ ગુમરાહ થતા નથી.** આથી આપ હંમેશાં **સિરાતે મુસ્તકીમ ઉપર સાબિતકદમ રહે છે.** આપ(સ.) **કદી પણ પોતાના મનથી કે પોતાની ઈચ્છાથી બોલતા નથી.** **<u>આપ(સ.) તો માત્ર એ જ બોલે છે કે જેની આપના ઉપર વહી કરવામાં આવી હોય.</u>** આનો અર્થ એ થયો કે આપ(સ.)એ પોતાના જીવનમાં જે કંઈ કહ્યું છે તે અલ્લાહ તરફથી નાઝિલ થયેલું છે. **કુરાનમાં નાઝિલ થયેલી બાબતોને આયતો કહેવામાં આવે છે અને કુરાન બહાર નાઝિલ થયેલી બાબતોને રસૂલિલ્લાહ (સ.)ની અહાદીસ(હદીસો) કહેવાય છે.** આ બાબત આપણા પવિત્ર પયગમ્બર(સ.)નું સર્વશક્તિ અલ્લાહ(સુ.વ.ત.) સાથેની **ઈલાહી નિસ્બત** છે. અને **આ નિસ્બતે રસૂલ(સ.)ને આપણને ફાયદા પહોંચાડવાની સઘળી શક્તિ પૂરી પાડી છે.**

અને અલ્લાહ(સુ.વ.ત.)એ નીચેની આયત સાથે આપણી જિંદગીઓમાં રસૂલે પાક(સ.)ની હાજરીનું શું મહત્વ છે તેની વધારે માહિતી આપી છે :

- 'અને અય રસૂલ(સ.) ! અમોએ તમને **તમામ આલમો માટે રહેમત બનાવીને મોકલ્યા છે.'** (સૂરએ અંબિયા, આયત-૧૦૭)

અલ્લાહ(સુ.વ.ત.)એ દિવસ દરમિયાન આપણને પ્રકાશ અને ગરમી પૂરી પાડવા માટે સૂર્યનું સર્જન કર્યું છે. જો આપણે સૂર્યના પ્રકાશની અવગણના કરીએ તો આપણે અંધારામાં રહેવું પડશે અને તેનાથી થતા બીજા ઘણા બધા ફાયદા જતા કરવા પડશે. તેથી જ્યારે જ્યારે જરૂર ઊભી થાય ત્યારે ત્યારે સૂર્ય પ્રકાશની સુવિધામાં રહેવું જરૂરી છે. આપણા રસૂલે પાક(સ.)ની હાજરી પણ આના જેવી જ છે. આપ સઘળી દુનિયાઓ માટે રહેમત છે તેથી અલ્લાહની રહેમતની ઈચ્છા રાખનારાઓએ રસૂલે પાક(સ.)ની પાસે જવાની

**જેમના દિલમાં કદી પાકીઝગી હોતી નથી,**
**જેમની આંખો ગુનાહોથી બચી રોતી નથી.**

**એ ભલે આંસુ વહાવે શાહના ગમમાં, મગર,**
**એ ફક્ત પાણીનાં ટીપાં હોય છે, મોતી નથી.**

જરૂર છે. આપની મધ્યસ્થી વગર અલ્લાહની રહેમત આપણા સુધી કદી નહીં પહોંચે.

→ **અલ્લાહની રહેમત :**

વિવિધ આયતોની રોશનીમાં આપણે જોયું કે આપણા પવિત્ર પયગમ્બર(સ.)ને અલ્લાહ (સુ.વ.ત.) સાથે ઈલાહી સંબંધ છે અને **માનવજાત ઉપર અલ્લાહની રહેમતને વરસાવવાનો અધિકાર હઝરત રસૂલે પાક(સ.)ને આપવામાં આવેલો છે.**

હઝરત રસૂલે પાક(સ.)એ અલ્લાહ (સુ.વ.ત.) તરફથી સઘળા હુકમો મેળવ્યા અને આપને આપવામાં આવેલ દરેકે દરેક હુકમનું આપે પાલન કર્યું. આપના જીવનનું કર્તવ્ય તો આ હુકમોને માત્ર ઉમ્મત સુધી પહોંચાડવાનું હતું અને તે આજ્ઞાઓનું પાલન થાય કે ન થાય તે માટે આપને જવાબદાર ઠરાવવામાં આવ્યા નહોતા, જેની કુરાને જુદા જુદા પ્રસંગોએ ચોખવટ કરી છે. ચાલો, આપણે આ હુકમોમાંથી એક જેહાદ વિષે નીચેની આયતમાં જોઈએ :

- 'અને (અય રસૂલ(સ.) !) તમે ખુદાની રાહમાં જેહાદ કરો અને **તમે તમારા <u>નફસ સિવાય</u> બીજી કોઈ બાબત માટે જવાબદાર નથી અને ઈમાનદારોને જેહાદ માટે ઉત્તેજન આપો.'** (સૂરએ નિસા, આયત-૮૪)

અલ્લાહ(સુ.વ.ત.) રસૂલિલ્લાહ(સ.)ને જેહાદ કરવાનો હુકમ આપે છે. વળી મોમિનો પણ એવું જ કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા આપની મદદ ઈચ્છે છે. **પરંતુ ફક્ત આપની જાત (નફસ)ને માટે જ આપને જવાબદાર ગણે છે અને બીજા કોઈની નહીં,** જેમકે અરબી આયત ફરમાવે છે : **<u>'ઈલ્લા નફસકા'</u>** જેનો અર્થ થાય 'સિવાય તમારા નફસના.' આપના નફસમાં કઈ બાબત સમાયેલી છે તે સમજવા ચાલો આપણે પ્રયત્ન કરીએ.

રસૂલિલ્લાહ(સ.)ના જમાના દરમિયાન અને તે પછી લડવામાં આવેલ જુદા જુદા પવિત્ર યુધ્ધોમાં મૌલા અલી(અ.)ની કામગીરી અંગે ઈસ્લામના આલિમોએ અને ઈતિહાસકારોએ સારા એવા દસ્તાવેજો પૂરા પાડ્યા છે અને તે બધાએ તેમની સાબિતકદમી અને શુજાઅતનું સમર્થન પણ કર્યું છે. આપે રસૂલિલ્લાહ(સ.)ની આજ્ઞાઓનું અક્ષરસઃ પાલન કર્યું હતું.

વળી જુદા જુદા પ્રસંગોએ રસૂલે પાક(સ.)એ પોતાની મૌલા અલી(અ.) સાથેની નિસ્બતને મૂસા(અ.)ના હારૂન(અ.) સાથેની નિસ્બત જેવો ગણવાનો સંદર્ભ આપ્યો છે. તેથી ચાલો પ્રથમ તો આપણે એવી આયત જોઈએ કે જે મૂસા(અ.) અને હારૂન(અ.)ની નિસ્બત સાથે જોડાયેલી હોય અને ત્યાર પછી આપણે તે મુદ્દા ઉપર વધારે ચિંતન મનન કરીશું.

- 'ત્યારે મૂસા(અ.)એ અરજ કરી, ખુદાવંદા! તું ખૂબ જાણે છે કે **મારી ખાસ ઝાત અને મારા ભાઈના સિવાય કોઈના ઉપર મારો કાબૂ નથી.** બસ હવે (તું) અમારા અને નાફરમાન લોકોની વચ્ચે જુદાઈ કરી દે.'

(સૂરએ માએદા, આયત-૨૫)

આયત ફરમાવે છે કે મૂસા(અ.)એ વિદ્રોહીઓથી પોતાનું તથા પોતાના ભાઈ(હારૂન)નું રક્ષણ કરવા માટે અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ દુઆ માગી કેમકે તેમણે એ બાબતની કબૂલાત કરી લીધી કે **તેમને તો માત્ર પોતાની જાત ઉપર અને પોતાના ભાઈ સિવાય બીજા કોઈના ઉપર**

**રહેબર હતા તો રાહ બતાવી ગયા હુસૈન,**
**દુશ્મન મટાડી દોસ્ત બનાવી ગયા હુસૈન.**

**હુરને તો પાણી રૂપમાં કવસર મળી ગયું,**
**જન્નતની એની પ્યાસ બુઝાવી ગયા હુસૈન.**

**ઈખ્તિયાર નથી.** આ આયતની રોશનીમાં અને રસૂલિલ્લાહ(સ.)એ પોતાના મૌલા અલી(અ.) સાથેની નિસ્બતની સરખામણી સાથે મૂસા(અ.)એ હારૂન(અ.) સાથે કરેલી સરખામણીમાં જ્યારે આપણે ઉપર દર્શાવેલ સૂરએ નિસાની આયતનું અવલોકન કરીએ છીએ કે જેમાં અલ્લાહ (સુ.વ.ત.)એ રસૂલિલ્લાહ(સ.)ને 'જેહાદ' માટે હુકમ કર્યો છે અને આપને પોતાની જાત પૂરતા જ જવાબદાર ઠરાવ્યા છે તેના ઉપરથી તો એવું લાગે છે કે નફસમાં અથવા **રસૂલિલ્લાહ (સ.)ની ઝાતમાં મૌલા અલી(અ.)નો પણ સમાવેશ થઈ ગયો છે.**

ઓહદના જંગમાં જ્યારે રસૂલિલ્લાહ(સ.)ને આપના અસ્હાબો છોડીને નાસી ગયા અને આપ એકલા પડી ગયા ત્યારે મૌલા અલી(અ.) જ હતા કે જેઓ આપની સાથે રહ્યા હતા અને આપની મદદ કરી હતી. રસૂલિલ્લાહ(સ.)એ તેમને પૂછ્યું, (અય અલી !) તમે પણ બીજાઓની સાથે નાસી કેમ ન ગયા ? તેના જવાબમાં **અલી(અ.)એ જવાબ આપ્યો હતો કે હું તો રસૂલિલ્લાહ(સ.)નો (નફસ) છું.** એક વાર ઈમાન લાવ્યા પછી કોઈ બિનઈમાનદાર અથવા કાફિરની માફક નાસી જવાનું મને ગમતું નથી. (સંદર્ભ : તબરી; ઈબ્ને અસીર, મદારેજુન્નબુવ્વહ, હબીબુસ્સિયર, રૌઝતુલ અહબાબ)

આયતો, હદીસો અને મૌલા અલી(અ.)એ જેહાદમાં કરેલા આચરણની રોશનીમાં આપણે એવું અનુમાન તારવી શકીએ છીએ કે મૌલા અલી(અ.) રસૂલિલ્લાહ(સ.)ના નફસ હતા કે જેનો અલ્લાહ (સુ.વ.ત.)એ જેહાદ વિષેની આયત (આયત નં.૮૪, સૂરએ નિસા)માં ઉલ્લેખ કર્યો છે. ચાલો હવે આપણે કુરાને ઉલ્લેખ કરેલો એ પ્રસંગ જોઈએ કે જે આપણા અનુમાનની સાબિતી રજૂ કરશે.

**મળે જૂઠ તો સામનો એનો કરજો, જગતમાં સદા સત્યનો શ્વાસ ભરજો.**

જ્યારે નજરાનના ખ્રિસ્તીઓએ રસૂલિલ્લાહ (સ.)ની પયગમ્બરીની બાબતમાં તકરાર કરી તો અલ્લાહ(સુ.વ.ત.)એ રસૂલે ખુદા(સ.)ને હુકમ કર્યો કે બન્ને જૂથોને બોલાવીને મુબાહિલો કરો. આ કારણે જ આ આયત 'આયએ મુબાહિલા' કહેવાય છે.

- 'પછી જ્યારે તમારી પાસે ઈલ્મ (કુરાન) આવી ચૂક્યું, તો તેના પછી અગર તમને કોઈ (નસરાની) ઈસા(અ.)ના બારામાં હુજ્જત કરે તો કહી દો કે સારું, મેદાનમાં આવો, **અમે અમારા બેટાઓને બોલાવીએ તમે તમારા બેટાઓને, અમે અમારી ઓરતોને બોલાવીએ, તમે તમારી ઓરતોને, અમે અમારી જાનોને બોલાવીએ, તમે તમારી જાનોને** ત્યાર પછી **આપણે બધા ભેગા થઈને ખુદાની બારગાહમાં કરગરીને રડીએ** અને જૂઠ્ઠાઓ પર ખુદાની લા'નત કરીએ...'

(સૂરએ આલે ઈમરાન, આયત-૬૧)

આયતમાં હુકમ થયા મુજબ દરેક જૂથે પોતાની સ્ત્રીઓ, પોતાના દીકરાઓ અને **અન્ફોસના** (નફસોને) બોલાવાના હતા. જ્યારે ખ્રિસ્તી લોકો આલિમોનું એક મોટું પ્રતિનિધિમંડળ લઈને આવ્યા ત્યારે રસૂલિલ્લાહ(સ.)એ સ્ત્રીઓની જગ્યાએ પોતાના ઘરમાંથી **હઝરત ફાતેમા(અ.)ને, દીકરાઓની જગ્યાએ હસન(અ.) અને હુસૈન(અ.)ને** અને **અન્ફોસના** જેનો અર્થ થાય **છે આપના નફસના અથવા ઝાતના ભાગ** તરીકે હઝરત અલી(અ.)ને બોલાવ્યા. હવે બન્ને પક્ષોએ દુઆ માગવાની અને જૂઠ્ઠાઓ ઉપર

**કહું ટૂંકમાં બોધ જો કરબલાનો, ધરમ માટે જીવજો, ધરમ માટે મરજો.**

અલ્લાહની લા'નત મોકલવાની જરૂર હતી.

ખ્રિસ્તી પ્રતિનિધિમંડળે આ પાંચ પવિત્ર આત્માઓને અને તેમની પવિત્ર રૂહોને જોતાંની સાથે જ ઝડપથી અંદરો અંદર મસલત કરી લીધી અને મુબાહિલો કરવાનું માંડી વાળ્યું. રસૂલિલ્લાહ(સ.) તેમજ આપના જીવનના કર્તવ્યના ઉમદાપણા વિષે કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન કરવા માટે તેઓ બધા સહમત થઈ ગયા. (સંદર્ભ : ઈમામ ફખ્રુદ્દીન રાઝી, તફસીરે કબીરમાં ભાગ-૨, પેજ-૭૩, અલ્લામા ઝમખ્શરી, તફસીરે કશ્શાફમાં)

→ રસૂલિલ્લાહ(સ.) ન તો કદી કોઈ ભૂલ કરે છે કે ન તો ગુમરાહ થાય છે અને સર્વશક્તિમાન અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા આપના ઉપર જે કંઈ નાઝિલ કરવામાં આવે તેના સિવાય કંઈ પણ બોલતા નથી. જ્યારે મૌલા અલી(અ.) તો આપના નફસનો અથવા 'આત્મા'નો ભાગ છે. આથી તે પણ કોઈ ભૂલ કરતા નથી કે નથી ગુમરાહ થતા અને સમગ્ર જીવન દરમિયાનનું તેમનું આચરણ એ બાબતનો નમૂનો છે કે પયગમ્બર(સ.)ની આજ્ઞાઓનું અનુસરણ કેવી રીતે થાય અને તેથી જ તો <u>**તેમનું આચરણ માણસના સ્વરૂપમાં અલ્લાહની 'વહી'**</u> છે.

આપણું ઉપરોક્ત અનુમાન **સર્વશક્તિમાન અલ્લાહ(સુ.વ.ત.) સાથે મૌલા અલી (અ.)ને કેટલી બધી મજબૂત નિસ્બત છે તે બતાવે છે.** મૌલા અલી(અ.)ના અલ્લાહ (સુ.વ.ત.) સાથેના દરજ્જાને અને સર્વશક્તિમાન સાથેની તેમની નિકટતાને પ્રદર્શિત કરતી હોય એવી એક આયતની રોશનીમાં ચાલો આપણે આ હકીકતને વધુ એક પૂરાવાથી સાબિત કરીએ :

- 'અને લોકોમાં ખુદાના કેટલાક બંદા એવા પણ છે કે જે <u>**ખુદાની ખુશનુદી પ્રાપ્ત**</u> કરવા માટે <u>**પોતાનો નફસ સુધ્ધાં વેચી નાખે છે**</u> અને **ખુદા** એવા બંદાઓ પર **ખૂબ જ મહેરબાન છે.'**

(સૂરએ બકરહ, આયત-૨૦૭)

ઈમામ ગિઝાલી પોતાની 'તફસીરે ખમીસ'માં લખે છે કે સૂરએ બકરહની ઉપરોક્ત આયત મૌલા અલી(અ.)ની **એ કુરબાનીનો ઉલ્લેખ કરતાં નાઝિલ થયેલી છે કે જ્યારે તેઓ હિજરતની રાત્રે પોતાના જીવનું જોખમ વહોરીને રસૂલિલ્લાહ(સ.)ની પથારી ઉપર રસૂલ(સ.)નો જીવ બચાવવા સૂઈ ગયા** હતા, અને **આ રીતે ઈસ્લામના ઉદ્દેશ્યમાં મદદ કરી હતી.** જુદા જુદા પ્રખ્યાત ઈસ્લામી ઈતિહાસકારોએ ઈબ્ને અબ્બાસના હવાલાથી પોતાની કિતાબોમાં **હિજરતની રાત્રે રસૂલિલ્લાહ(સ.)ની પથારી ઉપર મૌલા અલી(અ.) સૂઈ ગયા હતા તે** વિષેની આયતોનો ઉલ્લેખ કરતી આવી જ હદીસનો દસ્તાવેજી પૂરાવો આપ્યો છે.

(સંદર્ભ : ઈમામ હાકિમ દ્વારા લખાયેલ મુસ્તદ્રક, જિલ્દ-૩, પેજ-૪)

ઉપરોક્ત આયત એવું ફરમાવીને મૌલા અલી(અ.)ની કુરબાનીને ઉજાગર કરે છે કે <u>**તેમણે અલ્લાહની ખુશનુદીને પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને વેચી દીધી.**</u> હિજરતની આ રાત્રે **અલ્લાહ(સુ.વ.ત.)એ મૌલા અલી(અ.)નો નફસ ખરીદી લીધો હતો.** કલ્પના કરો કે જો કોઈ માણસ પોતાના જીવનું જોખમ ખેડીને તમારા ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરતો હોય તો તમે શું કરશો ? શું તમે તમારી સંપૂર્ણ શક્તિને ખર્ચી નાખીને તેની મદદ કરવાની અથવા

**સદા રહેશો સલામત એ રીતે આફત મરી ગઇ છે,**
**રહે કાયમ મહોબ્બત એ રીતે નફરત મરી ગઇ છે.**

**હુસૈની કાફલો તમને કહે છે એજ કે મિત્રો !**
**હુસૈનિયત જીવે છે ને યઝીદિયત મરી ગઇ છે.**

તો બદલો વાળવાની ઈચ્છા નહીં કરો ? હું તો ચોક્કસપણે આવા મદદગારને શક્તિ પ્રમાણે બદલો વાળવાનો પ્રયત્ન કરીશ કે જે મને મદદ કરવા પોતાનો જીવ જોખમમાં મૂકવા તૈયાર હોય.

અલ્લાહ(સુ.વ.ત.) સૌથી વધારે દયાળુ અને સૌથી વધારે મહેરબાન અને સૌથી વધારે શક્તિમાન છે. એ તો <u>અલા કુલ્લે શયઈન કદીર</u> (સઘળી વસ્તુઓ ઉપર કાબૂ ધરાવનાર છે.) તો પછી તેના વળતરનું લેવલ કેટલું હશે ? આયત કહે છે કે તે પ્રમાણે તો મૌલા અલી(અ.)ના નફસના બદલામાં અલ્લાહ(સુ.વ.ત.)એ **પોતાની ખુશનુદી** તેમને આપી દીધી. **તેથી અલી(અ.) જેનાથી ખુશ હોય તેનાથી અલ્લાહ(સુ.વ.ત.) પણ ખુશ અને જે કોઈથી અલી(અ.) નાખુશ તેનાથી સર્વશક્તિમાન અલ્લાહ(સુ.વ.ત.) પણ નાખુશ.**

અને હઝરત સલ્માન ફારસી(રહે.અ.) અને હઝરત અબુઝર ગફફારી(રઝી.અ.)ને સંબંધોને કહેલા ખુત્બાઓમાંથી એક ખુત્બામાં હઝરત અલી(અ.)એ અલ્લાહ તઆલા તરફથી તેમને જે બદલાઓ મળ્યા હતા તેનું વર્ણન કરતાં આપ ફરમાવે છે :

- 'અય સલ્માન ! અય જંદલ ! ખરેખર **અલ્લાહે તેની મખ્લૂક ઉપર મને તેનો ટ્રસ્ટી** અને **તેની પૃથ્વી ઉપર, તેની સલ્તનતો ઉપર અને તેના બંદાઓ ઉપર તેનો પ્રતિનિધિ બનાવ્યો** છે. અલ્લાહે મને જે કંઈ અર્પણ કર્યું છે તેનું ચિત્ર કોઈ કલાકાર દોરી શકે તેમ નથી અને સમજશક્તિવાળો કોઈ પણ માણસ તેને સાચા અર્થમાં સમજી શકે તેમ નથી. જે માણસ આ બાબતમાં મારી માઅરેફત ધરાવે છે તે <u>**મોમિન બની જાય છે.'**</u>

> **મદીના-કરબલાની વાતનો ઉપદેશ એક જ છે,**
> **મોહબ્બતનો અને શબ્બીરનો ઉદ્દેશ એક જ છે.**

પછી આપે આ જ ખુત્બામાં વધુ ફરમાવ્યું છે :

- 'જયારે મારું નામ **આકાશની રાજગાદી (અર્શ) ઉપર લખવામાં આવ્યું તો તેણે પોતાની નિશ્ચલતા (શાંતિ) જાળવી રાખી,** જયારે તેને પર્વતો ઉપર આલેખવામાં આવ્યું તો **તેમને ઉન્નત બનાવવામાં આવ્યા,** જયારે તેને પૃથ્વી ઉપર લખવામાં આવ્યું તો **તે સ્થિર થઈ ગઈ,** જયારે તેને **પવન ઉપર લખવામાં આવ્યું તો તેણે ફૂંકાવાનું શરૂ કરી દીધું...'**

(સંદર્ભ : ઈમામ અલી(અ.)ની નૂરાનિયતની માઅરેફતના ખુત્બાઓના અંશોમાંથી અને નહજુલ ઈસરારમાંથી, hubeali.com)

→ **અલ્લાહની ખુશનુદી :**

અલ્લાહ (સુ.વ.ત.)એ મૌલા અલી(અ.)ને પોતાની ખુશનુદી આપી દીધી તેથી **અલ્લાહની ખુશનુદી પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનારે હવે મૌલા અલી(અ.)ની પાસે આવવું જોઈએ,** તેમની મધ્યસ્થી વગર સર્વશક્તિમાન અલ્લાહને ખુશ કરવો શક્ય નહીં બને.

મસ્જિદો બાંધવામાં આવે છે જેથી કરીને આપણે આપણા રબની ઈબાદત કરીએ. તેથી જ તો અલ્લાહ મસ્જિદોમાં આપણા આચરણ અંગે કડક આજ્ઞાઓ ફરમાવે છે :

- 'અને એ કે મસ્જિદો ખાસ ખુદાની છે તો અય લોકો ! **ખુદાની સાથે (બીજા) કોઈની ય પણ ઈબાદત ન કરતા.'** (સૂરએ જિન, આયત-૧૮)

માત્ર અલ્લાહ(સુ.વ.ત.) જ ઈબાદતને લાયક છે અને તેની સાથે બીજો કોઈ પણ ઈબાદત માટે લાયક નથી નહિતર તે બાબત 'શિર્ક' તરફ દોરી જશે. નમાઝ ઈબાદતનું સર્વોચ્ચ સ્વરૂપ છે અને

> **તફાવત છે ભલે એમાં રિસાલત ને ઈમામતનો,**
> **પરંતુ બેયમાં અલ્લાહનો સંદેશ એક જ છે.**

આથી મુસ્લિમો દુનિયામાં દરેક જગ્યાએ મસ્જિદોમાં નમાઝ પઢવા એકઠા થાય છે. તો પછી ચાલો આપણે પણ નમાઝને સમજવાનો પ્રયત્ન કરીએ.

'નમાઝ' સૂરએ હમ્દથી શરૂ થાય છે. દરેક નમાઝની શરૂઆતમાં આ સૂરાની તિલાવત કરવી વાજિબ છે નહિતર નમાઝ શરૂ જ થતી નથી. આ સૂરાની આયતો (નં.૬ અને ૭) **સિરાતે મુસ્તકીમ** ઉપર ચાલવા માટેની દુઆ છે એવા લોકોના રસ્તા પર કે **જેમના ઉપર અલ્લાહની નેઅમતો નાઝિલ થયેલી છે.** સ'લાબીએ પોતાની તફસીરમાં અબુ હુરૈરા તરફની એક હદીસનો ઉલ્લેખ કર્યો છે કે **સિરાતે મુસ્તકીમ એટલે એવો રસ્તો કે જેને મોહંમદ વ આલે મોહંમદ(સ.)એ અપનાવ્યો હોય.** (સંદર્ભ : સ'લાબીએ પોતાની તફસીરમાં વાકી ઈબ્ને જર્રાહે પોતાની તફસીરમાં)

ફરીથી, દરેક નમાઝના અંતે **મોહંમદ વ આલે મોહંમદ(સ.) પર દુરૂદો સલામ મોકલવાનું વાજિબ છે** કે જેના વગર નમાઝ અધુરી રહે છે. આથી નમાઝ, રસૂલિલ્લાહ(સ.) અને તેમની આલે અપનાવેલા રસ્તાને અનુસરવાની દુઆથી શરૂ થાય છે અને તેમના ઉપર **'દુરૂદ'** (મોકલવા) સાથે તે સમાપ્ત થાય છે.

→ એનો અર્થ એ થાય કે હઝરત **રસૂલે ખુદા(સ.) અને આપની પવિત્ર આલ ઉપર દુરૂદ અને સલામ મોકલવી** અને તેમના સદ્‌ગુણોનો આપસમાં ઝિક્ર કરવો અને અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ એવી દુઆ માગવી કે જેથી તે આપણને તેમના રસ્તા ઉપર ચાલવા માટે પૂરતા શક્તિમાન બનાવે તે છે **આપણી ઈબાદતોનો અખંડ ભાગ.** તેથી **એહલેબયતના ઝિક્રને 'શિર્ક' ગણવાની ભૂલ કરવી ન જોઈએ** પરંતુ એ તો **ઝિક્રે ખુદાનો** એક અખંડ ભાગ જ છે.

સર્વશક્તિમાન અલ્લાહ પોતાની મખ્લૂક દ્વારા પોતાની ભવ્યતાને પ્રગટ કરે છે. આ મખ્લૂકાત તેની મહાનતાને સમજવા માટેની નિશાનીઓ છે. જેમકે તે પોતે જ નીચેની આયતમાં ફરમાવે છે :

- 'શું તમે જોયું નથી કે **સમુદ્રમાં હોડીઓ ખુદાની નેઅમતથી ચાલે છે** કે જે તેની પોતાની નિશાનીઓમાંથી કેટલીકને તમને દેખાડે; બેશક દરેક સબર કરવાવાળા અને શુક્ર કરવાવાળા માટે તેમાં ઘણી બધી નિશાનીઓ મોજૂદ છે.'

(સૂરએ લુકમાન, આયત-૩૧)

જે કંઈ આ દુનિયામાં બને છે **તે અલ્લાહ(સુ.વ.ત.)ની નેઅમતને કારણે છે.** જેમકે ઉપરની આયત ઈશારો કરે છે કે વહાણો સમુદ્રમાં તેની નેઅમતથી તરે છે **તેથી અલ્લાહની નેઅમતોને દિલપૂર્વક માગવી એનો અર્થ થાય આપણી બધી તમન્નાઓને પરિપૂર્ણ કરી દેવી.**

આ બાબતને મનમાં રાખીને ચાલો આપણે હદીસે કિસામાંથી નીચે મુજબ કેટલાક અંશો જોઈએ, આ હદીસ આયએ તત્હીરની તફસીર છે. (સૂરએ અહઝાબ, આયત-૩૩) જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી (રઝી.અ.) રસૂલે ખુદા(સ.)ની વહાલી દીકરી બીબી ફાતેમા(સ.અ.)ના હવાલાથી વર્ણવે છે કે :

- ત્યાર પછી પરવરદિગાર, સર્વશક્તિમાન અલ્લાહે ફરમાવ્યું, 'અય મારા ફરિશ્તાઓ ! અય જન્નતમાં મારી નજીક રહેનારાઓ ! મેં આ નક્કર આકાશને, સપાટ જમીનને, પ્રકાશિત ચંદ્રને,

**કર્મના આખા બગીચાની ફસલ છે કરબલા,**
**ધર્મના સૂરજની કાયમની મજલ છે કરબલા.**

**ઈશનો સંદેશ જે લાવ્યા હતા છેલ્લા નબી,**
**ઈશના સંદેશનો, પાકો અમલ છે કરબલા.**

ઝળહળતા સૂર્યને, પરિભ્રમણ કરતા ગ્રહોને, **મોજાંવાળા સમુદ્રોને તરતી હોડીઓને અને અન્ય બધી વસ્તુઓને આ ચાદરની નીચે જે પાંચ બુઝુર્ગવારો છે તેમના ખાતર અને તેમની મોહબ્બતમાં બનાવેલ છે.'**

આ સાંભળીને મુખ્ય ફરિશ્તા જિબ્રઈલ (અ.)એ ફરમાવ્યું,

'પરવરદિગાર ! ચાદરની અંદર કોણ બુઝુર્ગવારો છે ?'

પરવરદિગારે ફરમાવ્યું, **'તેઓ બધા રસૂલિલ્લાહ(સ.)ની એહલેબયત છે અને રિસાલતનો ખજાનો છે. <u>તેઓ ફાતેમા(અ.) છે, તેમના પિતા છે, તેમના શૌહર છે અને તેમના બે દીકરાઓ છે.'</u>**

સૂરએ લુકમાનમાંની આયત ફરમાવે છે કે **જે કંઈ બને છે તે સર્વશક્તિમાન અલ્લાહની નેઅમતને લીધે બને છે.** જ્યારે હદીસે કિસામાં સર્વશક્તિમાન અલ્લાહ ફરમાવે છે કે **તેણે બધી જ વસ્તુઓનું સર્જન ફાતેમા(સ.અ.)**, તેમના પિતા (રસૂલિલ્લાહ(સ.)), તેમના પતિ (મૌલા અલી(અ.)) અને તેમના બે દીકરા (હસન અને હુસૈન(અ.)) અર્થાત **ફાતેમા(અ.)ના કુટુંબની-પંજેતન પાક(અ.)ની મોહબ્બતમાં બનાવ્યું છે.**

ફરીથી પાછા આપણે સૂરએ હમ્દ(ની આયત ૬ અને ૭) તરફ જઈએ કે જે મોહંમદ(સ.) અને તેમની આલે અપનાવેલ સિરાતે મુસ્તકીમ પર ચાલવા માટેની દુઆ છે કે જેમના ઉપર **<u>અલ્લાહની નેઅમતો</u>**ની વર્ષા થયેલી છે. તેના ઉપરથી તો એ બાબત તાર્કિક લાગે છે કે અલ્લાહની નેઅમત તેમની સાથે મોહબ્બત કરવા અને તેમનું અનુસરણ

**દૃશ્ય આવાં ક્યાંય દુનિયામાં બીજે મળતાં નથી,**
**ક્યાંય આવા કાફલાવાળાય નીકળતા નથી.**

કરવા સિવાય બીજું કંઈ નથી.

**→ અલ્લાહની નેઅમત :**

આ રીતે સૂરએ હમ્દ અને સૂરએ લુકમાનની આયતો અને હદીસે કિસાની રોશનીમાં **અલ્લાહની નેઅમત છે ફાતેમા(અ.)ના કુટુંબ સાથેની મોહબ્બત.** જો તેણી અને તેણીનું કુટુંબ આપણાથી ખુશ હોય તો અલ્લાહની નેઅમત હંમેશાં આપણી સાથે જ રહેશે. **ફાતેમા(અ.)ના કુટુંબની મધ્યસ્થી (શફાઅત) વગર અલ્લાહની નેઅમતને દિલપૂર્વક માગવાનું શક્ય નથી.**

અલ્લાહ(સુ.વ.ત.)એ એક હેતુને લીધે આ દુનિયાનું સર્જન કર્યું છે. અહાદીસે કુદસીમાંથી એકમાં અલ્લાહ(સુ.વ.ત.) પોતાના પ્રથમ સર્જન

**છે હુસૈની શમ્અના પરવાના સૌ કરતાં જુદાં,**
**આગ પર ચાલી રહ્યા છે, તે છતાં બળતા નથી.**

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૨૨

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَهَبْ لِىْ مِنْ لَّدُنْكَ وَلِيًّا ۙ يَّرِثُنِىْ

......... وَاجْعَلْهُ رَبِّ رَضِيًّا

**ફહબ્લી મિલ્લદુન્ક વલીયૈય યરેસોની..**
**.....વજઅલ્હો રબ્બે રઝીય્યા.**

(પારો-૧૬, સૂરએ મરયમ, આયત-૬)

અર્થ : અને મારી પત્ની વાંઝણી છે, માટે તારી પાસેથી મને એક વારસદાર અર્પણ કર જે મારો વારસદાર બને... ...અને હે મારા પરવરદિગાર ! તેને તું પસંદ કરે એવો બનાવ. *

આદમ(અ.)ને આ દુનિયા સર્જવા પાછળના હેતુની માહિતી આપે છે :

- 'અય આદમ ! જો કદાચ તેમને (અર્થાત મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ને) પેદા કરવામાં આવ્યા ન હોત તો મેં ન તો તમને પેદા કર્યા હોત કે ન તો મેં જન્નત, જહન્નમ, આકાશો અને પૃથ્વીને તેમનો પોષાક પહેરાવ્યો હોત.'

(સંદર્ભ : મ'આની અલ અખ્બાર, પેજ-૧૨૪)

આ દુનિયા પેદા કરવા પાછળનો અલ્લાહનો હેતુ છે તેની મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.) સાથેની મોહબ્બત અને આ મોહબ્બતમાં તેણે પોતાની નેઅમતને સંતાડેલી રાખી છે. તેણે એવી ઈચ્છા કરી કે ઉમ્મત તેના હેતુને સમજે અને બદલામાં તેણે પોતાની નેઅમતોની તેમના ઉપર વર્ષા કરવાની ઈચ્છા કરી અને આથી જ તો અલ્લાહે રસૂલિલ્લાહ(સ.)ને તેમની ઉમ્મત પાસેથી તેમની રિસાલતનો બદલો તેમની એહલેબયતની સાથે મોહબ્બત કરીને નીચે મુજબ રીતે લેવાનું કહ્યું.

- 'અય રસૂલ(સ.) તમે કહી દો કે હું મારી તબ્લીગે રિસાલતનો **મારા કરાબતદારોની મોહબ્બત** સિવાય કોઈ બદલો તમારી પાસેથી માગતો નથી.' (સૂરએ શુરા, આયત-૨૩)

રસૂલિલ્લાહ(સ.)ના સંબંધીઓ સાથેની મોહબ્બત છે ફાતેમા(અ.), અલી(અ.) અને તેમના બે બાળકો હસન(અ.) અને હુસૈન(અ.) સાથેની મોહબ્બત.'

(સંદર્ભ : સ'લબી, સુયુતિ, બૈદાવી, બુખારી, મુસ્લિમ, એહમદ ઈબ્ને હમ્બલ, અલ્લામા ઝમખ્શરી, જિલ્દ-૩, પેજ-૬૮)

→ **અલ્લાહનો ઉદ્દેશ્ય :**

આ રીતે ફાતેમા(અ.)નું કુટુંબ **માત્ર અલ્લાહની નેઅમત જ નથી પરંતુ તેઓ પોતે જ અલ્લાહનો ઉદ્દેશ્ય પણ છે** અને જો આપણે તેમને સમર્પિત થયેલા રહેશું તો આપણને ખાત્રી છે કે **અલ્લાહ આપણાથી ખુશ થઈ જશે.** આ રીતે આપણને આ બાબત **સિરાતે મુસ્તકીમ ઉપર સાબિતકદમ રાખશે, અલ્લાહની નેઅમતોની આપણા ઉપર વર્ષા થશે** અને આપણે હંમેશાં તેમની **અનંત નેઅમતોની નીચે રહીશું.**

તેથી ચાલો સર્વશક્તિમાન અલ્લાહની સાથે આપણે પણ રસૂલે પાક(સ.) અને તેમની પવિત્ર આલ ઉપર કુરાનના કહેવા પ્રમાણે **દુરૂદો** સલામ મોકલીએ :

- 'અય એહલેબયત(નબુવ્વત) તમારા ઉપર ખુદાની રહેમત અને તેની બરકતો (નાઝિલ થાય).'

(સૂરએ હુદ, આયત-૭૩)

સલવાત...

**સૌ જગતની સિધ્ધિ પાછી આસ્થા પર આવશે,**
**શક્તિ જીવનની અસલ એની જગ્યા પર આવશે.**


Shokatbhai - 9428384286 M:(Shop) 9722901460
Faizahemad - 9714764194

Dashawadawala
APANA
CUTLERY STORE

Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

### ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

(ગતાંકનું ચાલુ)

વાતાવરણના પ્રદૂષણ સિવાય જે વસ્તુ માણસનું આયુષ્ય ઘટાડે છે તે છે અવાજ. હમણાં સુધી ડૉકટરો એવું જ માનતા હતા કે ફક્ત વાતાવરણમાં જ પ્રદૂષણ પેદા થઈ શકે છે. તેમને ખબર ન હતી કે અવાજ પણ માણસના જીવનમાં આવી અસર કરી શકે છે. પરંતુ હવે તેમણે સંશોધન કર્યું છે કે સતત અવાજ ચાલુ રહેવાથી માણસનું આયુષ્ય ઓછું થઈ જાય છે. આ માન્યતા ખોટી છે કે માણસને ટેવ પડી જાય છે અને પછી તેને અવાજના કારણે તકલીફ પડતી નથી. માણસ પોતાના જીવનના કોઈ પણ તબક્કામાં અવાજથી ટેવાતો નથી અને અવાજના તરંગો બાળપણથી લઈને જીવનના છેલ્લા દિવસ સુધી તેની માંસપેશીઓ અને શરીરના કોષોને નુકસાન પહોંચાડતા રહે છે.

જાણીતો ફ્રેન્ચ એન્જિનિયર કામી રાજરૂન કે જે બીજા વિશ્વયુધ્ધ પહેલાં ફ્રાન્સના નૌકાદળનાં મોટાં જહાજો કે જેમનાં નામ રિશેલ્યુ (Richelieu) અને ઝાંબાર (Jean Bart) હતાં, તેમના કારખાનામાં ઈન્ચાર્જ હતો. તે માનતો હતો કે સતત અવાજ આવવાથી શરીરના કોષો ઉપર એવી અસર પડે છે કે જેવી અસર ઑક્સિજનના કારણે લોખંડ ઉપર પડે છે. જેવી રીતે ઑક્સિજન લોખંડને કાટ લગાડીને ધીમે ધીમે ખતમ કરી નાખે છે તેવી જ રીતે સતત અવાજ આવવાથી પણ શરીરના કોષો શિથિલ થઈ જાય છે જેના કારણે માણસનું આયુષ્ય ઘટી જાય છે.

આ જ એન્જિનિયર વધુમાં કહે છે કે શહેરમાં સૌથી સારું ઘર એ છે કે જેના દરવાજા અને દીવાલો એવી હોય કે જેથી બહારનો કોઈ પણ અવાજ ઘરના રહેવાસીઓને સંભળાય નહીં.

કામી રાજરૂન કહે છે કે આજના જીવનની પરિસ્થિતિ એવી છે કે સતત આવતા અવાજથી છુટકારો પામવો મુશ્કેલ છે માટે તેનો એક ઉકેલ એ છે કે અવાજને અવરોધરૂપ થાય તેવી વસ્તુઓથી દરવાજા અને દીવાલો બનાવવામાં આવે. આવી વસ્તુઓ હવે અમેરિકાના બજારમાં મળતી થઈ ગઈ છે. કામી રાજરૂનના કહેવા પ્રમાણે જો બધા મકાનોની અંદર આવી રીતે સાઉન્ડ પ્રુફીંગ ન કરવામાં આવે તો ઓછામાં ઓછા બે ત્રણ કમરાની અંદર તો સાઉન્ડ પ્રુફીંગ કરવું જ જોઈએ કે જેથી માણસ આરામના સમયે સતત આવતા અવાજથી સુરક્ષિત રહી શકે.

કામી રાજરૂન એવું માનતો હતો કે સતત

**ચાંદ પર જ્યારે ખુદાના માર્ગની થાશે તલાશ,**
**ચાંદ પરનાં લોક કરબલની ધરા પર આવશે.**

**પ્રલયના દિન સુધી કંઈ સ્વાર્થ કે સંહાર ના હોતે,**
**જગતમાં પ્રેમ, જીવનમાં અમી, દિલમાં ખુદા હોતે.**

ચાલતા રહેતા અવાજની અસર એવી પણ થાય છે કે જેનાથી માણસ અચાનક પાગલ થઈ જાય. સતત આવતા અવાજથી માણસની માંસપેશીઓ શિથિલ થઈ જાય છે અને ક્યારેક આવું પણ બને છે કે સહનશીલ અને મૃદુ સ્વભાવના માણસો કે જેમના જીવનનો એક મોટો ભાગ સહનશીલતા અને મૃદુ સ્વભાવમાં વિત્યો હોય, તેઓ અચાનક પાગલ થઈ જાય છે. સતત અવાજની ચોક્કસ અસરોમાંની એક અસર હંમેશાં રહેતો થાક (chronic fatigue) છે. આ થાકના કારણે નાસીપાસ થવાય છે અને લોકો સાથે બિનજરૂરી વાદવિવાદમાં પડવાનું કારણ બને છે. એવા લોકો કે જેમના ઉપર આવી અસર થાય છે તેઓ એ વાતથી અજાણ હોય છે કે આ બીમારી તેમને લાગુ પડી ગઈ છે અને જ્યારે તેઓ ડૉક્ટર પાસે જાય છે અને ડૉક્ટર તેમને તપાસે છે તો તેમના શરીરમાં કોઈ માંદગી જ દેખાતી નથી.

કામી રાજરૂનના કહેવા પ્રમાણે સતત આવતા અવાજો માણસને થકવી નાખે છે અને નાસીપાસ કરે છે. તે ઉપરાંત પાંચથી દસ વર્ષ સુધી માણસના આયુષ્યમાં ઘટાડો કરી નાખે છે અને જો માણસ પાસે ગાડી હોય તો તેણે એવા શહેરોમાં અથવા એવી જગ્યાએ કે જ્યાં સતત અવાજ આવતો હોય ત્યાં રહેઠાણ રાખવું જોઈએ નહીં. અસંતુલિત ખોરાક કે જે આજના મશીની યુગમાં એક સામાન્ય બાબત છે, તે પણ માણસનું આયુષ્ય ઓછું કરી નાખે છે. માણસનું આયુષ્ય લાંબુ હોય છે એ શરતે કે તે પોતે તેને ઓછું ન કરી દે.

યુરોપના દેશો અને યુ.એસ.એ. તથા દરેક એવા દેશમાં કે જ્યાં મશીની જીવનનું ચલણ છે ત્યાં લોકો વધારે પડતા કૃત્રિમ ખાદ્યપદાર્થોથી પોતાનાં પેટ ભરે છે. અમેરિકામાં એક વર્ગ એવો હતો કે જે સારું ભોજન લેતો, ઢોર ઢાંખરને ચરાવતો અને cowboy ના નામથી જાણીતો થયો છે. આ લોકો તાજુ દૂધ પીતા, દૂધની મલાઈ અને ભોજન લેતા અને હંમેશાં શહેરથી દૂર વિશાળ રણપ્રદેશમાં જીવન વ્યતીત કરતા હતા. તેમની સરેરાશ યૌવનશક્તિ ૮૦ થી ૮૫ વર્ષ સુધી બાકી રહેતી હતી. આ જ મજબૂત cowboy કે જે ૮૫ વર્ષ સુધી ઘોડાની પીઠ ઉપર સવારી કરી શકતા હતા અને જંગલમાં ગાયોના ધણ સાથે મુસાફરી કરતા હતા તેઓ ખરાબ ખોરાકની અસરથી ૮૫ વર્ષની ઉંમરે પહોંચતાંની સાથે જ બીમારીઓનો શિકાર થઈ જાય છે એટલા માટે કે તેમણે એવો ખોરાક ખાવાનું શરૂ કરી દીધું છે કે જે ખાવાથી શરીરમાં યુરિયા અને યુરિક ઍસિડ જેવા બગાડમાં વધારો કરે છે. તેમણે આવો ખોરાક ખાવાનો શરૂ કરી દીધો છે જેના કારણે તે લોકો માંસપેશીઓ અને હાડકાંના તીવ્ર દુઃખાવામાં સપડાયેલા રહે છે અને આ સિવાય પણ તેમની અંદર એવી બીમારીઓ પેદા થઈ ગઈ છે કે જે લોહીની અશુધ્ધતાના સ્વરૂપમાં જાહેર થાય છે. આ બીમારીઓ પણ અસંતુલિત ખોરાકના કારણે પેદા થાય છે અને તે લોકોને ૫૦ વર્ષની ઉંમરે જ ઘરડા કરી નાખે છે જ્યારે કે આ સદીની શરૂઆત સુધીમાં તો cowboy ૫૦ વર્ષની ઉંમરમાં યુવાની છોડતો હતો.

અલાસ્કા કે જે અમેરિકાના રાજ્યોમાંથી એક રાજ્ય છે કે ત્યાં આ સદીની શરૂઆતમાં કોઈ માણસ બીમાર થતો જ ન હતો. ત્યાંના નાગરિકોની બીમારી ફક્ત દાંતનો દુઃખાવો જ હતી અને તે બીમારી પણ એમને જીવનના છેલ્લા ભાગમાં થતી હતી કારણ કે સ્ત્રી-પુરૂષો પોતાના દાંતને ૭૦ થી ૮૦ વર્ષ સુધી સુરક્ષિત રાખતા હતા. આવું એટલા માટે થતું કે

**શહીદે કરબલા જો વિશ્વના સૌ લોકને બદલે,**
**ફક્ત એક તું ને તારા સાથીઓ જીવતા રહ્યા હોતે.**

**અહમદ નબી ખુદાના, ખુદાની ખબર હુસૈન,**
**હયદર ખુદાની આંખ, ખુદાની નઝર હુસૈન.**

તેઓ સામાન્ય ભોજન લેતા હતા અને હંમેશાં કામમાં વ્યસ્ત રહેતા હતા.

અલાસ્કાના લોકોનો ખોરાક દૂધ, સાબરનું માંસ અને અલાસ્કાના સમુદ્રમાંથી મોટી સંખ્યામાં પકડવામાં આવતી સફેદ માછલી હતી. ત્યાંના ગોવાળ પાસેના સાબરના ટોળામાં હજાર હજાર સાબર હતાં પરંતુ તેમને તેમના સાબરોને ચારવા માટે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડતો ન હતો એટલે સુધી કે અલાસ્કાની સખત ઠંડીમાં પણ જ્યારે બરફ દરેક જગ્યાને ઢાંકી દેતો હતો ત્યારે પણ તેમને આવી મુશ્કેલીનો સામનો કરવો પડતો ન હતો. તે પ્રાણીઓ તેમના બન્ને પગની ધારદાર ખરીઓ વડે બરફને ખસેડીને એક મોટો ખાડો બનાવી દેતા હતા અને આ શીત પ્રદેશનું વિશેષ ઘાસ ખાતા હતા કે જે શીત પ્રદેશોમાં ઉનાળામાં ઉગે છે અને ઝડપથી સૂકાઈ જાય છે.

અમેરિકન લેખક એલન રોસ અવન્સ કે જેનું અલાસ્કાના લોકોના જીવન વિશેનું અને ખાસ કરીને ધ્રુવ પ્રદેશોમાં રહેતા સાબર વિશેના સંશોધનને ભરોસાપાત્ર ગણવામાં આવે છે તે, ઈ.સ. ૧૯૬૦માં મૃત્યુ પામ્યો હતો. તે કહે છે કે તેણે ઈ.સ. ૧૯૩૫માં અલાસ્કાની પાનખર ઋતુમાં સાબરની વાર્ષિક હિજરત નજરો નજર જોયેલી છે અને પાંચ દિવસ સુધી જંગલી સાબરોના અંદરો અંદરના ટકરાવથી વીજળીની ગર્જના જેવો અવાજ સાંભળ્યો હતો તેવાં સાબરોને અલાસ્કાના લોકોએ કાબૂમાં કર્યાં હતાં અને લોકો હવે તેમનું દૂધ પીતા હતા અને માંસ ખાતા હતા.

આ જ લેખક કહે છે કે અલાસ્કામાં કોઈ ડૉક્ટર નથી કારણ કે ડૉક્ટરોને ખબર છે કે ત્યાં જઈને કંઈ કમાવાનું નથી કારણ કે ત્યાં કોઈ બીમાર પડતું જ નથી. ફક્ત થોડાક દાંતના ડૉક્ટરો કામ કરી રહ્યા છે. અલાસ્કામાં પુરૂષોનું સરેરાશ આયુષ્ય ૯૦ વર્ષ અને સ્ત્રીઓનું આયુષ્ય ૧૦૦ વર્ષ છે.

આ લેખ ઈ.સ. ૧૯૩૫નો (એટલે કે આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાંનો) છે. તેને વધારે સમય થયો નથી. અહીં આ વાત કરવી વ્યર્થ નથી કે ડૉક્ટરો અને સ્વાસ્થ્યના નિષ્ણાતો માને છે કે માણસે લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરવા માટે અને હંમેશાં સ્વસ્થ્ય રહેવા માટે વધુ પડતો શાકાહારી ખોરાક લેવો જોઈએ. ખાસ કરીને યુવાની વિતી ગયા પછી પ્રાણીઓની ચરબી અને ચરબીયુક્ત માંસથી દૂર રહેવું જોઈએ અને ત્રીસ વર્ષની ઉંમર પછી માણસ માટે સર્વશ્રેષ્ઠ ખોરાક ફળ અને સબ્જી છે. પરંતુ જેમ એલન રોસ લખે છે તેમ અલાસ્કાના રહેવાસીઓ આખું જીવન સાબરનું માંસ અને સફેદ માછલી ખાતા હતા કારણ કે અલાસ્કાના ઠંડા વાતાવરણમાં ફળ અને સબ્જી ઉગતા નથી અને લાઈકન ઘાસ સિવાય કોઈ અન્ય ઘાસ ઉગતું નથી. આ ઘાસની વેલ હોય છે પરંતુ તેનો છોડ થોડો મોટો હોય છે. આજ સુધી અલાસ્કાના વાતાવરણમાં સબ્જી ઉગાવવામાં કોઈ પણ માણસ સફળ થઈ શક્યો નથી તો પછી ફળ ઉગાડવાની તો વાત જ દૂર રહી.

હમણાં હમણાંના થોડાંક વર્ષો દરમિયાન અલાસ્કાની અંદર ગ્રીન હાઉસ બનાવવામાં આવ્યાં છે જેમાં સબ્જી અને ફળ ઉગાડવામાં આવ્યાં છે. અલાસ્કાની અંદર વાતાવરણ એટલું બધું ઠંડુ છે કે ઉનાળામાં પણ માંસને ફ્રિઝમાં રાખવાની જરૂર પડતી નથી ફક્ત એટલું જ પર્યાપ્ત છે કે તેને એવા

**તૌહીદનો પુરાવો બની એની જિંદગી,**
**આ વિશ્વને કદીય મળ્યો નહીં દિગર હુસૈન.**

**મંઝિલની માગણી છે, ઉતારા ન જોઈએ,**
**રહેબરનો સાથ જોઈએ, રસ્તા ન જોઈએ.**

કમરામાં મૂકી દેવામાં આવે કે જ્યાં તડકો ન આવતો હોય અને મડદાને દફન કરવા માટે કબર ખોદવી ઉનાળામાં પણ મુશ્કેલ હોય છે કારણ કે જમીનને જ્યારે થોડીક ખોદવામાં આવે છે કે તરત જ નીચે બરફ મળે છે અને શિયાળામાં તો જમીન પથ્થરની જેમ સખત થઈ જાય છે જેને ખોદવી ઘણી મુશ્કેલ બની જાય છે. સંક્ષેપમાં એ કે પાછલા જમાનામાં અલાસ્કાના લોકો સમગ્ર જીવન દરમિયાન ન તો ફળ ખાતા હતા કે ન તો સબ્જી ખાતા હતા. તેમનો ખોરાક ફક્ત દૂધ, સાબરનું માંસ અને સફેદ માછલી હતો. ગમે તેમ પણ તેઓ ૧૦૦ વર્ષ સુધી જીવતા હતા.

આજ સુધી તો અલાસ્કાના લોકોનું લાંબુ આયુષ્ય એ વાતનું સૂચન કરે છે કે તે લોકો કે જે સાબરના માંસ, માછલી અને દૂધ સિવાય કોઈ વસ્તુ લેતા ન હતા. શક્ય છે કે એવા લોકોનું આયુષ્ય પણ લાંબુ હોય અને લાંબા આયુષ્ય માટે જરૂરી નથી કે માણસ સબ્જી અને ફળ જ ખાય. પરંતુ વાતાવરણની અસર પણ આપણે ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. કદાચ અલાસ્કાના લોકોના લાંબા આયુષ્યનું રહસ્ય તેમના વાતાવરણની અસર પણ હોય. હજુ સુધી કોઈએ પણ આ વિષય ઉપર સંશોધન કર્યું નથી કે જેથી વૈજ્ઞાનિક દૃષ્ટિએ ખબર પડે કે અલાસ્કાના લોકોના લાંબું આયુષ્ય ત્યાંના વાતાવરણના લીધે છે કે નહીં. પરંતુ અમને એટલી જાણકારી છે કે અલાસ્કાના લોકો સતત ઠંડા વાતાવરણમાં રહે છે અને રોજગાર માટે ઘણી મહેનત કરે છે જેથી તેમને વધુ પ્રમાણમાં પ્રોટીનની જરૂર હોય છે કે જે તેમના શરીરમાં ગરમી પેદા કરે. ✻

**યા રબ, મળે મદીના, નજફ, કરબલા તો બસ,**
**એથી વધારે મારે આ દુનિયા ન જોઈએ.**


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

**પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)**

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
**✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.**

**● કલોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**

# ગડમથલ ૨૩૩

:::: સંપાદક ::::
મો.મોલ્વી યાકૂબઅલી ગુલામભાઈ ખણુશીયા (કનાઈ-વાઘરોલ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ■ | ૫ | ૬ | |
| ૭ | | | ■ | ૮ | | ■ | ■ | | ■ |
| | ■ | ૯ | | | ■ | ૧૦ | ■ | ૧૧ | ૧૨ |
| | ■ | | ■ | ૧૩ | | | | ■ | |
| ■ | ૧૪ | ■ | ૧૫ | | ■ | | ■ | ૧૬ | |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | | ■ | | ■ |
| | ■ | ૧૯ | | | | ■ | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | ૨૩ | | ■ | | ■ | | ■ | |
| ■ | | ■ | ■ | ૨૪ | | ■ | | ■ | |
| ૨૫ | | | | ■ | ■ | ૨૬ | | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) ઉપકાર (૨)
(૫) ઊંટ, એક જંગનું નામ (૩)
(૭) **'હલાલ'**નો વિરોધી શબ્દ (૩)
(૮) વર્ણન, તસ્બીહ (૨)
(૯) પ્રખ્યાત ઈસ્લામી મહિલા સંત (૩)
(૧૧) હાથનો પંજો, કાંડું (૨)
(૧૩) મેઅરાજની એક સવારીનું નામ (૪)
(૧૫) ગુજરાતી ભાષામાં કલ્યાણ, ફાયદો, લાભ(૨)
(૧૬) અરબી તખ્તીનો ૧૪મો મૂળાક્ષર (૨)
(૧૭) નાશવંત, ક્ષણભંગુર (૨)
(૧૮) અભિપ્રાય, વૉટ (૨)
(૧૯) જનાબે કાસિમ(અ.)ની સામે લડવા આવેલ એક દુશ્મન(૪)
(૨૦) જન્નતના એક બાગનું નામ (૩)
(૨૨) ઉર્દૂમાં આકાશસમૂહ માટે વપરાતો શબ્દ (૪)
(૨૪) હૃદય (૨)
(૨૫) અજાણ્યો માણસ (૪)
(૨૬) કરબલાના સૌથી નાના શહીદ (૪)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) હુકમનું બહુવચન (૪)
(૨) લીલો રંગ (૨)
(૩) એ શહેરમાં દસમા અને અગિયારમા ઈમામનો રોઝો આવેલ છે. (૪)
(૪) આભાર (૨)
(૬) ફરિશ્તો, મલાઈકનું એક વચન (૩)
(૮) દર્શન, મુલાકાત (ઈમામોના રોઝાઓની) (૪)
(૧૧) હજ કરવા માટેના મેદાનનું નામ (૪)
(૧૨) ઝઘડો, ટંટો (૩)
(૧૪) જનાબે મુસ્લિમ બિન અકીલની હિમાયતમાં શહીદ થનાર (૨)
(૧૫) સ્થળાંતર, એક સ્થળેથી બીજે સ્થળે જવું તે. (૪)
(૧૬) સરદાર, અધ્યક્ષ (ખાસ કરીને કાફલાનો) (૩)
(૧૭) લેમ્પ, ચિમની (૩)
(૧૮) કત્લગાહ, વધસ્થળ (૪)
(૨૦) એક પયગમ્બરનું નામ (૪)
(૨૧) હશ્ર, કયામત (૪)
(૨૩) યાજૂજ અને ............ (૩)

## ગડમથલ નં.૨૩૨નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મુ | ર | ૨ શિ | દ | ■ | ■ | ૩ અ | ઝા | ૪ ખા | ના |
| લ | ■ | કા | ■ | ૫ ઈ | શ્ક | ■ | ■ | દિ | ■ |
| તા | ■ | ૬ ચ | ઝી | દ | ■ | ૭ ફુ | ■ | ૮ મ | ૯ સ |
| ૧૦ ન | જા | ત | ■ | ૧૧ રિ | સા | લ | ત | ■ | લા |
| ■ | ■ | ■ | ૧૨ ના | સ | ■ | સુ | ■ | ૧૩ જા | મ |
| ૧૪ સા | ની | ■ | ■ | ■ | ૧૫ દિ | મ | ■ | ન | ■ |
| દિ | ■ | ૧૬ અ | ૧૭ ફ | ઝ | લ | ■ | ૧૮ અ | ■ | ૧૯ ત |
| ૨૦ ક | ૨૧ ઝા | ■ | ર | ■ | દા | ■ | ૨૨ સ | ક | ર |
| ■ | ઈ | ■ | ૨૩ ઝં | જી | ર | ■ | ગ | ■ | તી |
| ૨૪ મુ | ર | ત | દ | ■ | ■ | ૨૫ સ | ર | તા | બી |

# અલ્લાહની હમ્દ

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**
**અલ્હમ્દોલિલ્લાહે રબ્બીલ આલમીન.**
(સઘળી હમ્દ એ અલ્લાહ તઆલા માટે છે કે જે સઘળી દુનિયાઓનો પાલનહાર છે.)

અલ્લાહની હમ્દ. શાબ્દિક દ્દષ્ટિએ જોઈએ તો હમ્દનો અર્થ થાય છે પ્રશંસા, વખાણ, તા'રીફ, ખુદાની સ્તુતિ, ખુદાનાં ગુણગાન. હમ્દ શબ્દની સાથે સના શબ્દ પણ વપરાય છે જેમકે હમ્દોસના. હમ્દ અને સના બન્ને સમાન અર્થ ધરાવે છે. એવી જ રીતે હમ્દ કરનાર વ્યક્તિને હમ્દગો, હમ્દસરા પણ કહેવામાં આવે છે.

આમ તો હમ્દનો અર્થ પ્રશંસા, વખાણ ભલે થતો હોય પરંતુ હમ્દ શબ્દ ખાસ અલ્લાહની પ્રશંસા માટે જ વપરાય છે. સામાન્ય વ્યક્તિની પ્રશંસા માટે હમ્દ શબ્દ વપરાતો નથી. ઈસ્લામ ધર્મમાં અલ્લાહની હમ્દ કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કદાચ કોઈના મનમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે માણસે અલ્લાહની હમ્દ શા માટે કરવી જોઈએ ? તો આનો જવાબ તો સામાન્યમાં સામાન્ય માણસ પણ આપી શકે તેમ છે.

અલ્લાહ તઆલાએ માનવજાત ઉપર એટલા બધા ઉપકારો કર્યા છે, અલ્લાહે માનવજાતને એટલી બધી નેઅમતો અર્પણ કરી છે કે માનવજાત આ બધી નેઅમતોને ગણાવવા માટે અસમર્થ છે. ખુદ અલ્લાહ તઆલા જ સૂરએ રહેમાનમાં ફરમાવે છેઃ **ફબે અય્યે આલાએ રબ્બેકોમા તોકઝઝેબાન.** (તમે તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોનો ઈન્કાર કરશો ?)

અલ્લાહ તઆલાની નેઅમતો ગણાવવી કાળા માથાના માનવી માટે શક્ય જ નથી એવી જ રીતે અલ્લાહે માનવજાત ઉપર જે ઉપકારો કર્યા છે તેની પૂરે પૂરી હમ્દ કરવી, પૂરે પૂરી પ્રશંસા કરવી પણ માનવજાતના ગજા બહારની વાત છે. અલ્લાહના ગુણોનો કોઈ પાર નથી. જો આપણે પૃથ્વીની રજે રજમાં અને સૃષ્ટિના અણુએ અણુમાં અલ્લાહના ગુણોને શોધવાનો પ્રયત્ન કરીશું તો આપણને તેના ગુણોનો અપાર સમુદ્ર દેખાશે. વળી અમુક બાબતો તો એવી પણ હશે, અમુક ઉપકારો તો એવા પણ હશે કે જેની જાણ સુધ્ધાં પણ આપણને નહીં હોય. આમ માનવી અલ્લાહની પૂરેપૂરી પ્રશંસા કરવા લાચાર છે. તેથી જ તો કહ્યું છે કે -

**નતવાં વસ્ફે તૂ ગુફ્તન કે તૂ દર ફહેમ ન ગુંજી,**
**નતવાં શિબહે તૂ જુસ્તનકે તૂ દર વહેમ ન આઈ.**

(અર્થાત : તારી પૂરેપૂરી પ્રશંસા અમે કરી શકતા નથી કારણ કે તું અમારી મર્યાદિત બુધ્ધિથી પર છે, અમે તારી આકૃતિ શોધી શકતા નથી કારણ કે તું અમારી કલ્પનાશક્તિમાં સમાઈ શકતો નથી.)

આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ રહેમતુલ્લાહ અલયહા પોતાની શાયરીમાં અલ્લાહની હમ્દ કરતાં ફરમાવે છે :

**તેરી હમ્દ ક્યા હો કિસીસે ખુદાયા,**
**કલમ કાંપ ઊઠા જબ તેરા નામ આયા.**

(અર્થાત : યા અલ્લાહ ! તારી હમ્દ કોઈનાથી ય શું થઈ શકે ? જ્યારે તારું નામ લખવાનું આવ્યું તો મારી કલમ પણ કંપી ઊઠી.)

આપણે ખાકી બંદાઓ ભલે અલ્લાહની પૂરેપૂરી પ્રશંસા કરી શકતા ન હોઈએ તો પણ આપણે બંદા તરીકે આપણા માઅબૂદની શક્ય હોય એટલી તો હમ્દ કરવી જ જોઈએ. ખુદ અલ્લાહ તઆલા પણ એવું ઈચ્છે છે કે તેના બંદાઓ તેની હમ્દોસના કરે. જો કે અલ્લાહ તઆલા તેના

બંદાઓની હમ્દનો ભૂખ્યો કે મોહતાજ નથી. પરંતુ આપણે તેની હમ્દ કરીએ તેમાં આપણી જ ભલાઈ સમાયેલી છે. અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની કલામે પાક કુરઆને મજીદનો પ્રારંભ **અલહમ્દ**ના સૂરાથી થાય છે અને સૂરએ અલહમ્દનો પ્રારંભ પણ **અલ્હમ્દોલિલ્લાહ**થી થાય છે.

સરકારે દો આલમ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) તેમજ ચહારદા મા'સૂમીન (અ.મુ.સ.) પણ જ્યારે જ્યારે કોઈ ખુત્બો ઈર્શાદ ફરમાવતા અથવા તો અલ્લાહની બારગાહમાં દુઆ માગતા ત્યારે સૌ પ્રથમ અલ્લાહની હમ્દ બજાવી લાવતા અને ત્યાર પછી જ હિદાયતના કે દુઆના શબ્દો ઉચ્ચારતા હતા. આની સાબિતીમાં આપણી પાસે ચોથા ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની દુઆઓની કિતાબ **સહીફએ કામેલા** મોજુદ છે. ઈમામ સજ્જાદ(અ.) હંમેશાં અલ્લાહના હમ્દની સાથે દુઆઓની શરૂઆત કરતા હતા. આવું બીજા ઈમામોની બાબતમાં પણ હતું. ચાલો હવે આપણે અલ્લાહના હમ્દ વિશેની હદીસો જોઈએ.

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

**'અલ્લાહની હમ્દ કરવી એ તમામ નેઅમતોનો શુકર છે.'**

(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૨૨૩)

'ઈર્શાદાતે રસૂલ' કિતાબમાં છે કે -

**'અલ્લાહ તઆલા એવા બંદાને પસંદ કરે છે કે જે ખાવા-પીવાના સમયે તે નેઅમત ઉપર અલ્લાહની હમ્દ કરતો રહે.'**

(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૩૧૮)

હઝરત રસૂલે ખુદા(સ.)નો ઈર્શાદ છે :

**'જ્યારે તમે સંકટમાં ફસાયેલી કોઈ વ્યક્તિને જુઓ તો અલ્લાહની હમ્દ કરો પરંતુ તે રીતે હમ્દ કરો કે તે વ્યક્તિને તેની ખબર પડે નહીં કારણ કે એવું કરવાથી તેના દુઃખમાં વધારો થાય છે.'**

(ઉસૂલે કાફી, જિલ્દ-૩, બાબ અલ શુક્ર)

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.)થી મરવી છે કે આપ(અ.)એ ફરમાવ્યું,

**'જેણે 'અલ્હમ્દોલિલ્લાહ' કહ્યું તો તેણે ખુદાની સઘળી નેઅમતોનો શુક્ર અદા કર્યો.'**

(નૂરૂસ્સકલૈન, જિલ્દ-૧, પેજ-૪૧)

ઉસૂલે કાફીમાં સફવાન જમાલથી મનકૂલ છે કે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ મને ફરમાવ્યું,

**'અલ્લાહ કોઈને નાની નેઅમતનું કે કોઈ મોટી નેઅમતનું ઈનામ આપે અને પછી તે 'અલ્હમ્દોલિલ્લાહ' કહે તો તેણે નેઅમતનો શુક્ર અદા કરી દીધો.'**

(નૂરૂસ્સકલૈન, જિલ્દ-૧, પેજ-૪૨)

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

**'જેની પાસે નેઅમત આવે તો તેણે તે નેઅમત ઉપર વધારામાં વધારે પ્રમાણમાં 'અલ્હમ્દોલિલ્લાહ' કહેવું જોઈએ.'**

(રાઝ કાફી, જિલ્દ-૧, સફા-૧૮૫)

હઝરત રસૂલે પાક(સ.)એ ફરમાવ્યું છે :

**'જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને નાની અથવા મોટી નેઅમત એનાયત કરે અને તે બંદો દરેક નેઅમત ઉપર 'અલ્હમ્દોલિલ્લાહ' કહે તો તેને જે કંઈ આપવામાં આવ્યું છે તેના કરતાં વધારે આપવામાં આવશે.'**

(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૮)

આ અને આવી તો બીજી ઘણી હદીસો છે કે જે આપણને અલ્લાહની હમ્દ બજાવી લાવવાનું સૂચન કરે છે. તો પછી આપણે અલ્લાહની હમ્દ કરવામાં ગાફેલ રહેવું જોઈએ નહીં અને આપણાથી શક્ય હોય એટલા પ્રમાણમાં અલ્લાહની હમ્દનો હક અદા કરવો જોઈએ. અલ્લાહ તઆલા આપણ બધાને હમ્દ કરવાની તૌફીક અતા ફરમાવે, આમીન.*



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૯૯

**શરમકા પરદા સો દુરિજન કહીએ,**
**દુનીઆં ધુતારી ઉસ માંહી લહીએ.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહા) ફરમાવે છે કે દુરિજનોને એટલે કે શયતાનને શરમનો પડદો કહેવાય છે અને આ શયતાન ધુતારો, ઠગારો, છેતરનારો, દુનિયાની અંદર જ રહેતો હોય છે.

**પીયુજી રે મેરા ભીતર છુપાંના,**
**જે પીત બિના મુરખ હુવા રે અંજાના.**

(મારો પીયુજી તો ભીતરમાં અર્થાત અંદરના ભાગમાં છુપાયેલો છે. પીયુજીની પ્રીત વગરનો માણસ મૂરખો છે અને તે પ્રેમથી અજાણ્યો થયેલો છે.)

**પીયુજી રે મેરા બહુ રંગ રાતા,**
**આપ બખાંના હે રે બોત માતા.**

(મારો પીયુજી તો (પ્રેમના) રંગમાં ખૂબ જ આસક્ત થયેલો છે. પોતે જ વખાણને પાત્ર છે અને ખૂબ જ મદમસ્ત છે.)

**વે રે પીયુજી ક્યું કર પાવે,**
**જો ભીતર ઉસકે પરદા રે આવે.**

(એવો માણસ પોતાના પીયુજીને કેવી રીતે પ્રાપ્ત કરી શકે કે જેણે પોતાના ભીતરમાં-પોતાના અંદરના ભાગમાં પડદો લટકાવી રાખ્યો હોય?)

**પરદા વે તનથી દુર નાં કીજે,**
**તો ક્યું કર પીયુજી અપના પતીજે?**

(જો તનથી પડદાને દૂર કરવામાં જ ન આવે તો પછી તું તારા પીયુજીને કેવી રીતે મેળવવાનો?)

**તો બિન દેખે ભાવા પીયુકા નાં આયા,**
**જો પીયુ રહ્યા પરદે માંહી છુપાયા.**

(જો પીયુજી પડદાની અંદર છુપાયેલો જ રહ્યો હોય તો તેને જોયા વગર પીયુ પ્રત્યે ભાવ-પીયુ પ્રત્યે પ્રેમ કેવી રીતે પેદા થાય ?)

**જો પરદા વે બીચથી દુર નાં નાંખે,**
**તો પરેમ પીયાકા ક્યું કર ચાખે?**

(જો માણસ તેના અને પીયુ વચ્ચેના પડદાને દૂર કરી ન દે તો પછી તે પોતાના પીયુના પ્રેમને કેવી રીતે ચાખી શકે ?)

**તબ દુરિજન મેણે તુજકું રે મારે,**
**તબ પીયા બિના મુરખ ઉસથી હારે.**

(જો આવી પરિસ્થિતિ પેદા થાય તો પછી દુરિજન રૂપી શેતાન તને મેણાં જ મારવાનો અને ત્યાર પછી પીયુના (સહારા) વગર તું શેતાન સામે હારી જવાનો.)

**તબ યું કર કે'વે દુરિજન તેરા,**
**કે પીયુજી તુજસું હે રે અનેરા.**

(એ વખતે તારો દુશ્મન શયતાન તને એવું જ કહેવાનો-એવાં જ મેણાં મારવાનો કે તારો પીયુજી તો તારાથી અલગ અને અનેરો છે.)

બતાવી દીધું છે એવું હયાતનું પાણી,
રહી ગયું છે સકળ કાયનાતનું પાણી.

તરસ રૂપે એ હતી વીરતા શહીદોની,
ઉતારી દીધું છે એણે ફુરાતનું પાણી.

**જો પીયાજીકા ભાવા તુજ પર નાંહાં,**
**તો પરદા બંધાંના દો તન માંહાં.**

(જો તારા ઉપર તારા પીયુજીનો કોઈ ભાવ જ ન હોય, પીયુજીનો પ્રેમ જ ન હોય તો પછી તારા અને તારા પીયુજીના, આ બન્ને તનોની વચ્ચે પડદો બંધાઈ જવાનો.)

**જો તુજકું રે નેહા પીયાજી કા આવે,**
**તો કાહે નાં પરદા દુર કરાવે?**

(જો તને તારા પીયુજી પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો હોય તો પછી તમારા બન્નેની વચ્ચે જે પડદો છે તે પડદાને તું દૂર કેમ કરતો નથી ?)

**તો દેખતે હે પીયાકા નેહ તુજે નાંહાં,**
**જો ભાવ પીયાકા નાં કછું તુજ માંહાં.**

(જો તારા દિલમાં પીયુજી પ્રત્યેનો કોઈ ભાવ જ ન હોય તો દેખીતી જ વાત છે કે પીયુજીને પણ તારા પ્રત્યે જરા પણ સ્નેહ નથી.)

**નાંહી તો એ પરદા ક્યું કર રે'વે,**
**દુરિજન એસો મેણે રે દેવે.**

(જો એવું ન હોય તો એટલે કે તને તારા પીયુજી પ્રત્યે પ્રેમ હોય તો પછી વચ્ચે પડદો રાખવો જ શા માટે પડે ? અને શેતાનને મેણાં મારવાં જ શા માટે પડે ?)

**ખરા તો વે કહીએ જે મેણે નાં સાંખે,**
**એ પીયુ અપને કું પરગટ દાખે.**

(સાચો (મરદ માણસ) તો એને કહેવાય કે જે શેતાનનાં આવાં મેણાંને સાંખી જ ન લે, સહન જ ન કરે અને પોતાના પીયુને પોતાની નજર સમક્ષ નિહાળે.)

**જે નફ્ટ રે હોવે, વે એસે મેણે સે'તા,**
**વે નીચા રે દેખ કર જવાબ નાં કે'તા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે જે માણસ શેતાનનાં આવાં મેણાંને સહન કરી લેતો હોય અને નીચું જોઈને કોઈ જવાબ જ ન આપતો હોય તો એવા માણસને નફ્ફટ જ કહેવાય.)

**વેરાન રણ હતું ત્યાં વસ્તી હુસૈનની છે,**
**કાંઠો બની ગઈ એ કશ્તી હુસૈનની છે.**

**દુરીજન મેણે એને રે નાં જાંના,**
**કે ભાવ પીયાકા જેને નાં પિછાંના.**

**-: રે તુંહી :-**

(જે માણસે પોતાના પીયુના ભાવને, પીયુના પ્રેમને જ ન ઓળખ્યો હોય તેવા નફ્ફટ માણસે દુરિજન શેતાનનાં મેણાંને પણ ન જાણ્યાં-શેતાનના મેણાંની પણ પરવા ન કરી.)

**દુરિજન મેણે દોહેલે, ખરાં કું લાગે દુઃખ રે,**
**ખરાં કુ લાગે દુઃખ;**
**નાં સત કે મનમાં નહીં, નિત હોય ઉસકું સુખ રે,**
**નિત હોય ઉસકું સુખ.**

(દુરિજન રૂપી શયતાનનાં મેણાંને સાંભળી લેવાં ખૂબ જ અઘરી અને કઠીન બાબત છે અને આવાં મેણાં સાંભળીને જે સાચો હોય તેને ખૂબ દુઃખ લાગે છે પરંતુ જે માણસ જૂઠ્ઠો હોય તેના મનમાં તો આવું કોઈ દુઃખ થતું નથી અને તે હંમેશાં સુખમાં જ રાચતો હોય છે.)

**બયાન નં.૧૦૦**

**પીત પીયાકી એસી રે કહીએ,**
**જું ભાલા રે સારકા, વેસી રે લહીએ.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહા) ફરમાવે છે કે પીયુજીની પ્રીત એવી દુઃખદાયક હોય છે જેવી રીતે શરીરમાં ભાલો ઘુસી જાય અને શરીરમાં શારડી ફરતી હોય અને જેવું દર્દ થાય એવું દુઃખ થતું હોય છે.)

**જે લાગતે સુંસરા ઉસ પાર જાવે,**
**પીત પીયા કી એસી રે કા'વે.**

**આખું જગત જીવે છે એની જ જિંદગીથી,**
**કે આખી આ ખુદાઈ હસ્તી હુસૈનની છે.**

(ભાલો અને શારડી આરપાર નીકળી જતાં હોય છે. બસ એવી જ રીતે પીયુજીની પ્રીત પણ એવી જ કહેવાય છે.)

**જિસકું નાં પડીઆ પીત કેરા છેદા,**
**ઉસકું પીયા રંગ કછુએ નાં ભેદા.**

(જેના દેહમાં પ્રીત રૂપી છેદ, પ્રેમ રૂપી છિદ્ર-કાણું ન પડ્યું હોય તેનામાં પીયુજીનો રંગ ઉતર્યો જ નથી એવું સમજવું.)

**જિસકું રે આહા એસી નાંહાં,**
**પીત પીયાકી નાં ઉસ તન માંહાં.**

(જેના શરીરમાં 'આહ, ઓહ, અરેરે' જેવા દર્દ સૂચક ઉદ્‌ગારો નીકળ્યા જ ન હોય તો સમજી લેવું કે તેનામાં પીયુજીની પ્રીત છે જ નહીં.)

**નાંમ પીયાકા કાંન ધર સુણીઆ,**
**ભાવ ઉસ નાંમ પર નેહસું નાં ધરીઆ.**

(જેણે પીયુના નામને ધ્યાનપૂર્વક સાંભળ્યું જ ન હોય અને તે નામ ઉપર ભાવ પેદા કરીને સ્નેહપૂર્વક લક્ષમાં લીધું ન હોય...)

**વે રે દુવાગણ ઈસ રે સંસારા,**
**તો નાંમ પીયાકા નાં હુવા ઉસે પીયારા.**

(...તો તે આ સંસારની અંદર એક દુવાગણ-એક અણમાનીતી સ્ત્રી કહેવાશે કે જેને પોતાના પીયુજીનું નામ પ્યારું લાગતું નથી.)

**જો પીયા નામ સુણતે હેત નાં આયા,**
**તો રંગ પીયાકા ઉસમેં નાં પાયા.**

(જો પોતાના પ્રિતમનું નામ સાંભળીને દિલમાં હેત ઉત્પન્ન ન થાય, પ્રેમ ઉત્પન્ન ન થાય તો સમજી લેવાનું કે તેણે હજુ સુધી પોતાના પીયુનો રંગ પ્રાપ્ત કર્યો નથી.)

**તો રંગ બિના પીત ક્યું કર લીજે?**
**તો ભાવ બિના પીયુજી ક્યું કર પતીજે?**

**જીવનના ખાલી પ્યાલાને છલોછલ એ બનાવે છે,**
**જગતનાં ઝાંઝવામાં નીર સાચાં પીવરાવે છે.**

(તો પ્રેમના રંગ વગર પ્રિયતમની પ્રીત કેવી રીતે મેળવી શકાય ? જો પીયુ પ્રત્યે મનમાં ભાવ જ ન હોય તો પીયુજીને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?)

**જો પીયાર નાં આયા સુણતે રે નાંમા,**
**તો પીયાજી નાં પાવે કિસી હી રે ઠાંમા.**

(જો પોતાના પીયુજીનું નામ સાંભળીને પ્રેમ જ ઉત્પન્ન ન થાય તો તેવી વ્યક્તિને કોઈ પણ જગ્યાએથી પીયુજી પ્રાપ્ત થવાનો નથી.)

**જો ભાવ બિના પીત ઢુંઢણે જાવે,**
**મુરખ પીયા બિના વે રે કહાવે.**

(જો કોઈ વ્યક્તિ મનની અંદર ભાવ પેદા કર્યા વગર પ્રીતને શોધવા જશે તો તેને મૂરખો કહેવાશે કે પીયુજી વગરનો છે.)

**ભાવ બિના ભગત, નાં પીયાજીકા રંગા,**
**ભાવ બિના મુરખ કરે આપ ઢંગા.**

(જો કોઈ ભક્ત ભાવ વગરનો હોય તો તેનામાં પીયુજીનો રંગ નથી. ભાવ વગર કોઈ પ્રીત કરવા નીકળે તો તેને મૂરખો કહેવાય કે જે પોતાની જ રીત અપનાવે છે.)

**પીયાજી મેરેકા દોહેલા મેદાનાં,**
**વે દુહાગણ નજરૂં હે રે ધાંના.**

(મારા પીયુજીના પ્રેમનું મેદાન ખૂબ જ કઠીન છે. પીયુની અણમાનીતી સ્ત્રીની નજરે આ બાબત ગુપ્ત છે. તેને આ બાબત દેખાતી નથી.)

**જે હોકર શુરા મેદાંન ખેલે,**
**પીયાજી તો ઉસકું કદી એક મેલે.**

(જે માણસ પ્રેમના મેદાનમાં શૂરવીરતાપૂર્વક ખેલ ખેલે તો તેવા બહાદુર માણસને કોઈક દિવસ તેનો પીયુજી મળે.)

**કાયર કેરા મેદાંના ના કહીએ,**
**જે શુરા સાધ કા'વે, ઉસકા એ લહીએ.**

**હુસૈને જે સહી છે કરબલા રણ ઉપર 'બેફામ',**
**તરસ એ એવી છે કે જે તરસ સૌની બુઝાવે છે.**

(જે પ્રેમનું મેદાન હોય છે તે કાયર માણસોનું મેદાન કહેવાતું નથી હોતું પરંતુ જે શૂરવીર લોકો છે, જે સિધ્ધ પુરૂષો-સાધુ સંતો છે તેમનું જ આ મેદાન ગણાય છે.)

**જો એ રે બિમાસણ નાં રાખે ચંતા,**
**પીયા કે મેદાંનમાં હોવે રે નચંતા.**

(પ્રેમનું મેદાન તો એવા લોકોનું છે કે જેઓ પોતાના મનમાં કોઈ વિમાસણ કે ચિંતા રાખ્યા વગર નિશ્ચિંત થઈને ફરતા હોય છે.)

**આપ ગમા કર પીયુજી નાં પાયા,**
**નચંતા રે મુરખ જનમ ગમાયા.**

(પોતાની જાતને ગુમાવી દઈને જેણે પોતાના પીયુજીને પ્રાપ્ત ન કર્યો તેવો માણસ ચિંતા વગરનો છે અને તેણે પોતાનો જન્મારો ફોગટમાં ગુમાવી દીધો છે.)

**જો પીત મેદાંનમાં ખરી નાં કીજે,**
**તો પીયુજી નાં કદીએ અપના પતીજે.**

**-: રે તુંહી :-**

(જો પ્રેમના મેદાનમાં સાચી પ્રીત કરવામાં ન આવે તો તેવા માણસને પોતાનો પીયુજી કદી પણ પ્રાપ્ત નહીં થાય.)

**પીત પીયા યું જાંનીયા, જેસા ભલા સાર રે,**
**જેસા ભાલા સાર;**
**જે શુરા હુવા મેદાંનમાં, નિકસા ઉસકે પાર રે,**
**નિકસા ઉસકે પાર.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે પીયુજીની પ્રીત એવી વેદના આપે છે કે જેવી રીતે ભાલો અને શારડી વેદના આપે છે. જે શૂરવીર હોય તેવા જ લોકો પ્રેમના આ મેદાનની પેલે પાર નીકળી જાય છે.) ✻

**હુસૈની કાફલાના ખયમાઓએ રોશની આપી,**
**અને એ રોશની આપી તો પાછી કાયમી આપી.**

## General Knowledge Corner 124

**(૧) 'નેનો' નોલેજ સિટીની સ્થાપના ક્યાં કરવામાં આવી રહી છે ?**
(A) ગુડગાંવ (B) ચંદીગઢ (C) હૈદરાબાદ

**(૨) 'ઈન્ડિયન એસોસીએશન'ના સંસ્થાપક કોણ છે ?**
(A) દાદાભાઈ નવરોજી
(B) ફિરોજશાહ મહેતા
(C) સુરેન્દ્રનાથ બેનરજી

**(૩) પ્રત્યેક રાજ્યની સીમા બદલવાની સત્તા કોની પાસે છે ?**
(A) સર્વોચ્ચ ન્યાયાલય પાસે
(B) ભારતની સંસદ પાસે
(C) ભારતના રાષ્ટ્રપતિ પાસે

**(૪) નાબાર્ડના વર્ગીકરણ અનુસાર મધ્યકક્ષાના ખેડૂત પાસે કેટલી જમીન હોઈ શકે ?**
(A) ૧ હેક્ટર કરતાં વધારે
(B) ૪ હેક્ટર કરતાં વધારે
(C) ૧૦ હેક્ટર કરતાં વધારે

**(૫) ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. કલામની આત્મકથા કઈ છે ?**
(A) આય ડેઅર
(B) ડિસ્કવરી ઑફ ઈન્ડિયા
(C) અગ્નિ પંખ

**(૬) મિશ્રિત દૂધ કયા પ્રકારના સાધનથી ઓળખી શકાય છે ?**
(A) લેક્ટોમીટરથી (B) હાઈડ્રોમીટરથી
(C) નેનોમીટરથી

**(૭) 'ચ્યવનપ્રાશ' નામનું ટોનિક શામાંથી તૈયાર થાય છે ?**
(A) આમળાંમાંથી (B) આદુમાંથી
(C) મધમાંથી

::::: સંપાદક :::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
::::: અનુવાદ :::::
મો.કાસમભાઈ વિજાપુરા


**એહલેબયતની મહોબ્બત અને આ'માલ**

આયતનો અનુવાદ : 'જે એક નેકી બજાવી લાવ્યો હોય તેના માટે તેનો બદલો તેનાથી ઘણો વધારે છે અને એવા લોકો એ દિવસે ખોફ અને ખતરાથી સુરક્ષિત રહેશે અને જે એક ગુનો સાથે લઈ આવશે, તેને મોઢા વરાણે જહન્નમમાં ફેંકી દેવામાં આવશે કે આ તેનો બદલો છે કે જે તેણે દુનિયામાં આચર્યો હતો.'

આ આયતની તફસીરમાં હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું કે અય અબા અબ્દિલ્લાહ ! હું તમને એક નેકીની બાબતમાં પરિચિત કરીશ કે જેને માણસ બજાવી લાવે તો ખુદા તેને જન્નતમાં દાખલ કરશે. વળી એક બૂરાઈની બાબતમાં પણ પરિચિત કરીશ કે જે કરવાનો કોઈ માણસ દોષી બન્યો હોય તો ખુદા તેને મોઢા વરાણે જહન્નમમાં ફેંકશે, અને તે બૂરાઈના કારણે તેનો કોઈ અમલ કબૂલ નહીં કરે. જાણી લો કે એ તે નેકી અમારી મહોબ્બત છે અને તે બૂરાઈ અમારી સાથે બુગ્ઝ(દ્વેષ) છે.

(મજમઉલ બહરૈન, નયાબેઉલ મોવદ્દત, વગેરે પેજ-૨૫)

**એહલે ઝિક્ર એહલેબયત છે.**

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું કે આયત : **ફસ્અલૂ એહલિઝઝિક્ર ઈન્કુન્તુમ લા તઅ્લમૂન** (નમ્લ)માં જે **એહલે ઝિક્ર** લખેલું છે તે એહલે ઝિક્ર અમે એહલેબયત છીએ. (યનાબેઉલ મોવદ્દત, વગેરે)

**ચાલી રહ્યા છે શ્વાસ આ બન્નો જહાનના,**
**ચાને અહીંની જાનને ત્યાંનું જિગર હુસૈન.**

**નોંધ** : ખુદાએ કુરાનમાં કેટલીય જગ્યાએ રસૂલે ખુદા(સ.)ને ઝિક્રના નામથી યાદ કર્યા છે તેથી સાંભળો આયત : **કદ અન્ઝલલ્લાહ અલૈકુમ ઝિક્રન રસૂલન યતલૂ અલૈકુમ આયાતુલ્લાહ મુબૈયેનાત (તલાક)**. અનુવાદ : બેશક ખુદાએ ઝિક્રને મોકલ્યો છે જે અમારા માટે અલ્લાહ તઆલાની સ્પષ્ટ આયતોની તિલાવત કરે છે. આથી જો રસૂલિલ્લાહ(સ.) ઝિક્ર હોય તો એહલે ઝિક્ર એહલેબયતે રસૂલને ગણવામાં આવ્યા.

**નુક્તો**

નુક્તાનું અને દવાતર (ખડિયા)નું ખૂબ જ મહત્વ અને સમજથી દૂર ઉલૂમ પર આધારિત છે કેમકે કલામે હુરુફ પર, અલિફ અક્ષર પર અને અલિફ નુક્તા સુધી પહોંચે છે અને નુક્તા વજૂદે મુત્લકના જાહેરથી બાતિન તરફ અને શરૂઆતથી અંત તરફ નુઝૂલથી ઈબારત છે અર્થાત આ ઝાતે હવીયતના ઝુહૂરથી જે ઈબારતો અસ્તિત્વમાં છે જેના માટે ન તો કોઈ ઈબારત છે કે ન કોઈ ઈશારો.

અલ્લાહનું રાઝ તેની કિતાબોમાં છે અને તેની કિતાબોનું રાઝ કુરાનમાં છે કેમકે કુરાન વિસ્તૃત અને નિવારણ કરનારું છે તેમાં દરેક બાબતનું વર્ણન છે અને કુરાનનું રાઝ સૂરાઓની શરૂઆતમાં હુરુફે મુકતઆતમાં છે અને હુરુફનું ઈલ્મ **લામ** અને **અલિફ**માં અને **અલિફ** જાહેરી અને બાતિની રાઝમાં શામેલ અને તેમાં ફેલાયેલું છે અને **લામ** તેમજ **અલિફ**નું ઈલ્મ, **અલિફ**માં અને **અલિફ**નું ઈલ્મ નુક્તામાં અને નુક્તાનું ઈલ્મ અસલિયતની

**આપી તમારાં દર્દ ને દુઃખની અસર હુસૈન,**
**જીવતાં તમે જ રાખ્યાં છે દિલ ને જીગર હુસૈન.**

માઅરેફતમાં અને કુરાનનું રાઝ સૂરએ ફાતિહામાં અને સૂરએ ફાતિહાનું રાઝ તેની ચાવીમાં કે જે **બિસ્મિલ્લાહ** છે અને **બિસ્મિલ્લાહ**નું રાઝ તેના **'બે'**માં છે અને **'બે'**નું રાઝ તેના નુક્તામાં છે.

(મસારેકુલ અન્વાર)

ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું છે કે જે ઈલ્મની તરફ આં હઝરત(સ.)એ દાવત આપી હતી તે ઈલ્મ હુરુફના અલિફના લામનું હતું અલિફના લામનું ઈલ્મ અલિફમાં છે. અલિફનું ઈલ્મ નુક્તામાં છે અને નુક્તાનું ઈલ્મ માઅરેફતે અસ્લીયામાં છે. માઅરેફતે અસ્લીયાનું ઈલ્મ ઈલ્મે અઝલમાં છે, ઈલ્મે અઝલ મશિય્યતમાં અર્થાત મા'લૂમમાં મોજૂદ છે. ઈલ્મે મશીય્યત ગૈબે હવીયતમાં છે અને તે બાબત એ છે કે જેના તરફ અલ્લાહે પોતાના નબી(સ.)ને પોતાના આ કોલની સાથે દાવત આપી હતી. **'ફા ઈલ્મ અમના લાઈલાહા ઈલ્લલ્લાહ.'** 'અમના'માં જે **'હે'** મોજૂદ છે તે ગૈબે હવીયાની તરફ આકર્ષિત છે. (યનાબેઉલ મોવદ્દત, સફા-૬૩૫)

બધી જ વસ્તુઓ નુક્તા ઉપર છેવટે પહોંચે છે અને નુક્તો ઝાત પર દલીલબાજી કરે છે આ એ જ નુક્તો છે જે ખુદાવંદ ઝુલજલાલનો ફૈઝે અવ્વલ છે અને અઝમત અને જલાલની સરહદોમાં અકલે ફઅ્આલના નામધારી છે. એ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) છે. આથી તે નુક્તો સરુલ અસરાર અને નૂરૂલ અન્વાર છે.

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું છે કે - **અના નુક્તહ બાએ બિસ્મિલ્લાહ, અના જનબિલ્લાહલ્લઝી ફર્તતુમ ફીહે વ અના અલ્લૌહ વ અના અલ કલમ વ અના અલ અર્શ વ અના અલ કુર્સી વ અના અલ સમ્વાત અલ સબ્અ વ અલા રિઝ્વાન.**

અર્થાત : હું 'બા'એ બિસ્મિલ્લાહનો નુક્તો છું. હું અલ્લાહનો એ સિરાત છું કે જેની સાથે તમે બેદરકારી (નષ્ટ કરવાની કોશિશ) કરી. હું લૌહ અને કલમ છું, અને અર્શ અને કુરસી છું, હું સાતેય આસમાન અને જમીનો(નો માલિક અને અધિકાર જમાવનારો) છું.

(બહરુલ મઆરિફ, સફા-૩૩૩)

એક બીજા પ્રસંગે હઝરતે ફરમાવ્યું : 'હું એ નુક્તો છું કે જેને બિસ્મિલ્લાહના 'બે'ની નીચે મૂકવામાં આવે છે.'

ઈલ્મ એક નુક્તો છે કે જેને જાહિલોએ વધારી દીધો. અલિફ વહેદત પર દલીલબાજી કરે છે જેને પાકટ લોકો જાણે છે. આરિફ લોકોએ જઈને ટુકડા કરી દીધા. **જીમ** એક ખાડો છે કે પહોંચનારાઓ જેમાં રહેવા લાગ્યા, **દાલ** એક દરજ્જો છે કે જેને સાચા લોકોએ પવિત્ર બનાવી દીધો.

(યનાબેઅ, સફા-૨૪૪)

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ'ના ભેદ(રહસ્યો)**

જે વસ્તુઓ અસ્તિત્વ ધરાવે છે તે (મૌજૂદાત) **બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**થી જાહેર થઈ છે તેથી નબી મઝહરે રહેમાન અને વલી મઝહરે રહીમ છે અને વિસ્તૃત છે. બન્ને જણ મરતબાઓને પ્રગટ કરનાર છે. અલ્લાહના નામના અને બન્નેના અકીદા વહી અને ઈલ્હામથી છે અર્થાત પહેલો અક્લથી અને બીજો નફસથી અને આ બન્નેથી શ્રેષ્ઠ અને મહાન ઈસ્મે આઝમ જે છે તે અલ્લાહ છે અને તેના શ્રેષ્ઠ અને મહાન પ્રાગટ્ય સ્થાનો આ નામના મઝહર બિલ ફેલ છે, મઝહર બિલ કુવ્વત નથી કેમકે માણસ જાત બધી જ તેની મઝહર બિલ કુવ્વત

**આંસુ તમારી યાદનાં આવે છે આંખમાં,**
**થઈ જાય છે પવિત્ર અમારી નજર, હુસૈન.**

**સતધર્મનો સહારો તમારો અગર ન હો,**
**રઝળી પડે જગતમાં તમારા વગર હુસૈન.**

છે પરંતુ શરફ અને અઝમત નથી. પરંતુ મઝહરે ફે'લીના માટે જે સઘળા નબીઓમાં આપણા નબી(સ.) છે અને સઘળા બીજા નબીઓ ક્રમાનુસાર તેમના પછી છે અને સઘળા અવલિયામાં અલી(અ.) મઝહરે ફે'લી છે અને સઘળા અવલિયા તેમના પછી, અલી(અ.) પછી ક્રમાનુસાર છે. કેટલાક લોકોએ આવી રીતે ફાયદો પ્રાપ્ત કર્યો અને બંદાના માટે તેમાં દ્દષ્ટાંત છે જેમકે અમે પહેલાં બયાન કર્યું છે કે તેના ચહેરાથી પ્રગટ થાય છે. આથી આપણા નબી(સ.) અલ્લાહના નામના મઝહર છે અને દુનિયાના અસ્તિત્વમાં તસર્રૂફ અને ખિલાફતની દૃષ્ટિએ ઈસ્મે રહેમાનના મઝહર છે અને વિલાયતે મુતલ્કાની દૃષ્ટિએ ઈસ્મે રહીમના મઝહર છે. આથી તે અક્લે અવ્વલ અને નફસે કુલ્લીયા છે અને એવી જ રીતે અલી(અ.) અને છેલ્લા ઈમામ સુધી તેમની સઘળી ઓલાદ પણ છે એટલા માટે કે આ હઝરાત એ દૃષ્ટિએ કે કુત્બે મોહંમદથી પ્રાપ્ત કરવામાં આવેલા છે, અસ્હાબે જમીઅત છે તેથી બધા એક જ છે. તેમનામાંથી દરેક અલી અત્તર્તીબ બાએતેબાર જમીઅત મઝહરે ઈસ્મે અલ્લાહ અને બએહતિયારે ખિલાફત મઝહરે ઈસ્મે રહેમાન બએતિબારે વિલાયત મઝહરે ઈસ્મે રહીમ છે તેથી તે સઘળા અવાલૂમે આફાકિયા અને અન્નફસીયાના સામૂહિક મકામ પર છે.

નોંધ : આથી આ સુક્ષ્મ બાબતો ઉપર વિચાર કરો કે આ ઈલ્મે ખુદાના ખજાનાઓમાંથી અને રહસ્યોમાંથી એક સર છે અને તેમનાં વિસ્તૃત રહસ્યોથી આ એક નુક્તો છે જેમકે મૂસા(અ.) અને ખિઝર(અ.)ના કિસ્સામાં આવેલ છે.

**બાએ બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું છે કે તમને ખબર હોવી જોઈએ કે સઘળી આકાશી કિતાબોનાં રહસ્યો કુરાનમાં છે અને સઘળા કુરાનનું ઈલ્મ સૂરએ ફાતિહામાં અને સૂરએ ફાતિહાનું ઈલ્મ બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમમાં અને બિસ્મિલ્લાહ...નું ઈલ્મ બાએ બિસ્મિલ્લાહમાં અને બાએ બિસ્મિલ્લાહનું ઈલ્મ 'બે'ની નીચે આવેલા નુક્તામાં. આથી તે નુક્તો હું છું કે જે બાએ બિસ્મિલ્લાહની નીચે મૂકવામાં આવે છે. (મશારેકુલ અન્વાર)

ઈબ્ને અબ્બાસથી મરવી છે કે એક રાત્રે હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ નમાઝે મગરિબૈનના પછી બાએ બિસ્મિલ્લાહની તફસીર બયાન કરવાનું શરૂ કર્યું અને હજુ તો 'સીન' સુધી ય પહોંચ્યા નહોતા કે ફજ્રનો સમય થઈ ગયો તો ફરમાવવા લાગ્યા કે અગર હું ઈચ્છું તો બિસ્મિલ્લાહનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં એટલી બધી તફસીર બતાવું કે ચાલીસ ઊંટો(ની પીઠ ઉપર)નો વજન થઈ જાય. *

**સજદામાં સર કપાવવાનો અર્થ એ જ છે,**
**ઊંચું કરી ગયા તમે સજદાનું સર હુસૈન.**


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેકટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એકેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## અમીરુલ મોમિનીન(અ.)ના સદ્‌ગુણો, ખાસિયતો અને હેતુઓની પરિપૂર્ણતા

આ બાબતમાં નમૂના સ્વરૂપ એવાં બયાનો લખવામાં આવી રહ્યાં છે કે જે અમીરુલ મોમિનીન(અ.)ના સદ્‌ગુણો, ખાસિયતો, ચારિત્ર્યની સુંદરતા અને નેકીઓ સાથે સંબંધિત છે અને એની સાથે સાથે આપના ખુત્બાઓ, બોધવચનો અને મોઅજિઝાઓ, આપના કાનૂની ચૂકાદાઓ અને સ્પષ્ટીકરણોના અંશો પણ શામેલ છે.

## આપનું અલ્લાહ તઆલા અને રસૂલે અકરમ(સ.) પર સંપૂર્ણ યકીન સાથે ઈમાન લાવવામાં શીઘ્રતા

*અબુ અલ જૈશ મુઝફ્ફર બિન મોહંમદ બલ્ખીએ મને બતાવ્યું. અબુબકર મોહંમદ બિન એહમદ બિન અબી સલ્જે અમને બતાવ્યું. અબુલ હસન એહમદ બિન કાસિમ બર્કીએ યહા બિન ઉઝયફ બિન કૈસના હવાલાથી અમને બતાવ્યું (કે જેમણે એવું કહ્યું કે તેમની વાત ઉઝયફ બિન કૈને બયાન કરી હતી.)*

'હું અબ્બાસ બિન અબ્દુલ મુત્તાલિબ (રઝી.અ.)ની સાથે મક્કામાં બેઠેલો હતો. એ સમય સુધીમાં લોકોને નબુવ્વતના બારામાં કોઈ જાણકારી ન હતી. એવામાં એક માણસ આવ્યો અને આકાશ તરફ જોયું કે જે તરફ સૂર્ય હતો. ત્યાર પછી તે માણસે કા'બાની તરફ મોંઢુ કર્યું અને સીધો ઊભો થઈને ઈબાદતમાં તલ્લીન થઈ ગયો. તે વખતે એક નાની ઉમરનો છોકરો આવ્યો અને તે માણસની જમણી તરફ ઊભો થઈ ગયો. એટલામાં એક સ્ત્રી પણ આવી અને પાછળ ઊભી થઈ ગઈ. તે માણસ રૂકૂઅમાં ગયો અને તેની સાથે તે છોકરો અને તે સ્ત્રી પણ રૂકૂઅમાં ગયાં. ત્યાર પછી તે માણસે પોતાના હાથ ઊંચા કર્યા અને તેની સાથે જ છોકરાએ અને સ્ત્રીએ પણ હાથોને બુલંદ કર્યા. ત્યાર પછી તે માણસે સિજદામાં માથું ઝુકાવ્યું તો છોકરો અને તે સ્ત્રી પણ સિજદામાં ગયાં.

મેં નવાઈ પામીને કહ્યું,

'અબ્બાસ ! આ તો એક અમ્રે અઝીમ (મહાન કાર્ય) છે.'

અબ્બાસે જવાબ આપ્યો,

'સાચે જ આ એક અમ્રે અઝીમ (મહાન કાર્ય) છે શું તમે જાણો છો ખરા કે આ માણસ કોણ છે ? આ મોહંમદ(સ.) બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ છે. આ મારો ભત્રીજો છે. શું તમે આ છોકરાને ઓળખો છો ? એ અલી(અ.) ઈબ્ને અબીતાલિબ છે. એ પણ મારો ભત્રીજો છે. શું તમે તે સ્ત્રીને ઓળખો છો ? એ ખદીજા બિન્તે ખોવેલ્દ છે. મારા ભત્રીજા (મોહંમદ(સ.))એ મને બતાવ્યું હતું કે તેનો અલ્લાહ જ **રબ્બુસ્સમાવાત વલ અર્ઝ** (આકાશો અને જમીનનો રબ) છે. તેણે (અલ્લાહે) જ તેને હુકમ આપ્યો છે કે દીનની તબ્લીગ કરે. તેના ઉપર તે અમલ કરી રહ્યો છે. ખુદાની કસમ, જમીનની સપાટી ઉપર આ ત્રણેયના સિવાય કોઈ એવો નથી કે જે અલ્લાહના દીન ઉપર અમલ કરતો હોય.'

બરબાદ પણ થયા તો ખુદાના જ માર્ગમાં,
આબાદ પણ કર્યું તો ખુદાનું જ ઘર હુસૈન.

બોત્તેર સાથીઓનો નિછાવર કરી દીધા,
કુરબાનીઓમાં કીધી નથી કસકસર, હુસૈન.

*(અબુ હફ્ઝ અમ્ર બિન મોહંમદ શીરનીએ મને બતાવ્યું. મોહંમદ બિન એહમદ બિન અબી સલ્જે મને એહમદ બિન મોહંમદ બિન કાસિમ કર્બીના હવાલાથી બતાવ્યું. તેમણે અબી સાલેહ સહલ બિન સાલેહના હવાલાથી બતાવ્યું. આ હિજરી સન-૧૦૦ની વાત છે. તેમણે બતાવ્યું કે મેં અબુ મોઅમ્મર ઉબાદ બિન અબ્દુસ્સમદ કે જેમણે એવું કહ્યું કે મેં અનસ બિન માલિકને એવું કહેતાં સાંભળ્યા છે :)*

'રસૂલિલ્લાહ(સ.)એ કહ્યું હતું કે ફરિશ્તાઓ મારા ઉપર અને અલી(અ.) ઉપર સિત્તેર વર્ષો સુધી બરકતની દુઆઓ પઢતા રહ્યા જ્યારે અમે ગવાહી આપી હતી અને કહ્યું હતું, **લાઈલાહા ઈલ્લલ્લાહ મુહંમદુર્ર રસૂલુલ્લાહ.**'

*(સનદોના સિલસિલાની એક કડી એહમદ કાસિમ બર્કીના હવાલાથી અસ્હકે અમને બતાવ્યું કે નૂહ બિન કૈસે કહ્યું હતું કે તેમનાથી સુલયમાન બિન અલી હાશમી અબુ ફાતેમાએ બયાન કર્યું કે મેં મઆઝા ઉદવિયાને એવું કહેતા સાંભળ્યા હતા કે)*

'મેં હઝરત અલી(અ.) બિન અબીતાલિબને બસરાના મિમ્બર ઉપરથી એવી તકરીર કરતા સાંભળ્યા હતા કે : 'હું સિદ્દિકે અકબર છું કેમકે હું અબુબકરના પહેલાં ઈમાન લાવ્યો હતો અને હું પહેલો મુસ્લિમ છું, તેઓ પાછળથી મુસ્લિમ થયા.'

*(અબુનશર મોહંમદ બિન હુસૈન મકરી અલ બસરી શૈરવાનીએ બતાવ્યું. અમને અબુબકર મોહંમદ બિન અબી સલ્જે બતાવ્યું હતું. અબુ મોહંમદ નૌફિલીએ મોહંમદ બિન અબ્દુલ હામિદના હવાલાથી બતાવ્યું હતું. તેમને ઉમર બિન અબ્દુલ ગફ્ફાર ફકીમીએ બયાન આપ્યું હતું કે, ઈબ્રાહીમ બિન હૈયાને મને અબુ અબ્દુલ્લાહ કે જે બની હાશિમનો એક ખાદિમ હતો, તેના હવાલાથી બતાવ્યું હતું કે તેણે અબુ સુખૈલાને એવું કહેતાં સાંભળ્યો હતો કે)*

'હું અને અમ્માર હજ માટે ગયા હતા. રસ્તામાં અમે લોકો અબુઝર(રઝી.અ.)ના ઘેર રોકાયા અને અમારું રોકાણ ત્રણ દિવસ સુધી રહ્યું. જ્યારે અમે રૂખ્સત થવા લાગ્યા તો મેં તેમને કહ્યું, અય અબુઝર ! મારી દૃષ્ટિએ લોકો મતભેદ અને મતમતાંતરના શિકાર થઈ ગયા છે. આ બાબતમાં આપનો ખયાલ શું છે?'

તેમણે જવાબ આપ્યો,

'અલ્લાહની કિતાબ અને અલી(અ.) ઈબ્ને અબીતાલિબનો દામન મજબૂતીપૂર્વક પકડી રાખો અને એ બાબતના ગવાહ રહેજો કે રસૂલિલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો હતો, 'અલી(અ.) મારા ઉપર સૌથી પહેલાં ઈમાન લાવ્યા હતા અને કયામતના દિવસે સૌથી પહેલા માણસ હશે કે જે મારી સાથે મુસાફોહ કરશે. તે સિદ્દિકે અકબર છે. તે હક અને બાતિલના તફાવતને સમજે છે. તે મોમિનીનના સરદાર છે અને દુનિયાનો માલ જ ઝુલ્મ અને સિતમનું કારણ છે.'

શેખ મુફીદે કહ્યું છે કે આ ખબરના ઘણા વધારે ભાવાર્થ બતાવવામાં આવ્યા છે અને આ વિષય ઉપર દળદાર કિતાબો છે.

*(આ બાબતમાં ખુઝૈમા બિન સાબિત અન્સારી ઝુઅલશહાદતૈને બતાવ્યું હતું કે તેમણે અબુ અબ્દુલ્લાહ મોહંમદ બિન ઈમરાન મર્ઝબાનીએ મોહંમદ બિન અબ્બાસના હવાલાથી બયાન કર્યું કે જેમણે એવું બતાવ્યું કે)*

*(મોહંમદ બિન યઝીદ નહવી આવા અશઆર (પંક્તિઓ) ઈબ્ને આઈશા અલ ખઝીમા(રઝી.અ.)ના હવાલાથી પઢ્યા કરતા હતાઃ)*

'હું નથી સમજતો કે ખિલાફતના કાર્ય માટેનો

**મા ફાતેમા રડે છે હજી આજ દિન સુધી,**
**કેવા જુલમ થયા'તા તમારા ઉપર હુસૈન.**

**જો કરબલા જવાય તો થઈ જાય કામિયાબ,**
**'બેફામ'ના તમામ જીવનની સફર, હુસૈન.**

ચુકાદો બની હાશિમથી વધારે સારો કોઈ બીજો કબીલો હોય અને એ કબીલાની અંદર અબુલહસન(અ.)થી વધારે સારો કોઈ બીજો માણસ હોય. શું તેઓ પહેલા શખ્સ ન હતા કે જેમણે કિબ્લાની તરફ ઊભા રહીને નમાઝ પઢી હતી? તેઓ હદીસોના સર્વશ્રેષ્ઠ આલિમ હતા અને મોટા આમિલ હતા. શું તેઓ છેલ્લા વ્યક્તિ નહોતા કે જેમનાથી રસૂલે અકરમ(સ.)એ અહદ લીધો હતો ? શું તેમણે રસૂલે અકરમ(સ.)નું ગુસલ અને કફનનું કાર્ય જિબ્રઈલ(અ.)ની મદદથી નહોતું કર્યું?

એમના તો એટલા બધા ફઝાએલ છે કે એટલા તો ન કોઈ બીજાના છે અને ન એવી વિશેષતાઓ બીજા કોઈની છે. આ બધા સારા ગુણો તેમની ફઝીલતનું કારણ છે. કઈ ચીજ એવી છે કે જે તેમની પયરવી કરવાથી તમને રોકે છે ? પહેલાં તેમની બયઅત કરી પછી તેને તોડી નાખી. આ તો રિયાકારી (પાખંડ) હતી.'

### અમીરુલ મોમિનીન(અ.)ના જાહેરી સદ્‌ગુણો-સઘળા મુસલમાનોમાં આપના ઈલ્મની ફઝીલત

*અબુલહસન મોહંમદ બિન જાફર તમીમી નહવીએ મને બતાવ્યું. મોહંમદ બિન કાસિમ મહારબી બઝાઝે મને કહ્યું. હશ્શામ બિન યૂસુફ નહશલીએ અમારી આગળ બયાન કર્યું. આઈઝ બિન હબીબે અબુ સુબાહના હવાલાથી કહ્યું. તેમણે મોહંમદ બિન અબ્દુર્રહેમાન સલમીએ અકરમાના હવાલાથી બતાવ્યું કે એમણે ઈબ્ને અબ્બાસને એવું કહેતા સાંભળ્યા છે કે-)*

'રસૂલિલ્લાહ(સ.)એ કહ્યું કે અલી(અ.) ઈબ્ને અબીતાલિબ મારી ઉમ્મતમાં ઈલ્મ અને બુધ્ધિમત્તામાં સૌથી અફઝલ છે અને મારા પછી ઈન્સાફ ઉપર આધારિત ચુકાદાઓ આપવા માટે સમર્થ છે જયારે કે બીજા લોકો વિવાદાસ્પદ ચુકાદાઓ આપે છે.'

*(અબુબકર મોહંમદ બિન અમ્ર જઆલીએ મને બતાવ્યું. એહમદ બિન ઈસા અબુ જાફર અજલીએ અમને બતાવ્યું. ઈસ્માઈલ બિન અબ્દુલ્લાહ બિન ખાલિદે અમારી આગળ બયાન કર્યું. અબ્દુલ્લાહ બિન અમ્રએ અમને બતાવ્યું. અબ્દુલ્લાહ બિન મોહંમદ બિન અકીલે અમારી આગળ બયાન કર્યું. તેમણે હમ્ઝા બિન અબુ સઈદ ખુદરી અને તેમણે પોતાના બાપ અબુ સઈદ ખુદરીના હવાલાથી બતાવ્યું કે તેમણે કહ્યું હતું કે -)*

'મેં પયગમ્બરે ખુદા(સ.)ને કહેતા સાંભળ્યા છે કે - હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે. જે ઈલ્મ પ્રાપ્ત કરવા ઈચ્છે, તે અલી(અ.) પાસેથી પ્રાપ્ત કરી શકે છે.' (ક્રમશઃ)

**બબ્બે અસર ધરાવે છે એક કરબલાનું નામ,**
**એક દર્દનું છે નામ, બીજું છે દવાનું નામ.**

**પ્રો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા**
**(મેતાવાળા)**
**મોબાઈલ : ૯૮૨૫૪૫૯૮૨૫**

**પૈરાહન**
**રેડીમેડ**

જીન્સ, શર્ટ, ટી–શર્ટ,
સ્લીમ શર્ટ, ટ્રાઉઝર્સ, નાઈટી અને
ચિલ્ડ્રનવેર મળશે.

છાપી તાજ હોટલની બાજુમાં,
ડાયમંડ કોમ્પલેક્ષ, ગાલા નં. ૧૮-એ, છાપી.

**અકબારના શૂરવીર કલેજાનો જોઈનો,**
**ખુદ બરછીની અણીએ લખ્યું વીરતાનું નામ.**

**કુરઆને મજીદના**

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૧** **સૂરએ નૂહ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પણ મારા બોલાવવાનું એ પરિણામ આવ્યું કે (જેટલા વધારે મેં તેમને બોલાવ્યા તેટલા) વધારે તેઓ નાઠા. (૬)**

**અને મેં જયારે જયારે તેમને આ હેતુ માટે બોલાવ્યા કે તું તેમના ગુનાહો માફ કરે ત્યારે તેઓ પોત-પોતાના કાનોમાં આંગળા નાખતા રહ્યા અને (મારાથી સંતાવા માટે) પોતાનાં લુંગડા ઓઢી લીધાં અને પોતાની જ વાત પર અડી રહ્યા અને હદથી વધારે અભિમાન કરતા રહ્યા. (૭)**

**પછી મેં તેમને મોટા અવાજે બોલાવ્યા.(૮)**

**પછી તેમને જાહેર રીતે પણ સમજાવ્યા અને જોઈએ તેટલું ખાનગી રીતે પણ સમજાવ્યા. (૯)**

**અને કહ્યું કે તમે તમારા પરવરદિગારથી ક્ષમા માંગો, બેશક તે મહા ક્ષમાવાન છે.(૧૦)**

મારા બોલાવવાનું પરિણામ એ આવ્યું કે જેટલું વધારે હું તેમને બોલાવતો હતો એટલું જ વધારે કુફ્ર કરીને તેઓ ભાગવા લાગ્યા.

મેં તેમને એ હેતુ માટે બોલાવ્યા કે તું તેમના ગુનાહ માફ કરે પણ તેઓ તો પોતાના કાનોમાં આંગળીઓ નાખી દેતા હતા અને માથા ઉપર કપડાં ઓઢી લેતા હતા અને પોતાની જ વાત ઉપર અડી રહેતા હતા. રખેને હું તેમને ઓળખી જાઉં અને હિદાયત તરફ બોલાવું, તેઓ એટલા બધા મગરૂર થઈ ગયા હતા કે દરેક જણ પોતાના પુત્રને ગોદમાં લઈને જનાબે નૂહ(અ.) પાસે જઈને કહેતો હતો કે આ માણસથી ડરતા રહેજો એવું ન બને કે તમોને ગુમરાહ કરી નાખે માટે ખબરદાર તેની વાતને માનશો નહીં.

પછી જનાબે નૂહ(અ.)એ પોતાની કોમને લાંબા સાદે હિદાયત માટે બોલાવી.

પછી તેમને જાહેર રીતે પણ સમજાવ્યા અને છૂપી રીતે પણ નસીહત કરી કે અય લોકો ! તમે **લાઈલાહા ઈલ્લલ્લાહ** કહો તો તમો મુક્તિ પામશો. જયારે આપ કોઈને એકલો જોતા તો તેના કાનમાં હિદાયતના કલામ કહેતા.

જયારે તેમણે હઝરત નૂહ(અ.)ની વાતને માન્ય રાખી નહીં તો અલ્લાહે વરસો સુધી વરસાદ વરસાવ્યો નહીં. તેમની સ્ત્રીઓ વાંઝણી થઈ ગઈ પણ તેઓ ઈમાન લાવ્યા નહીં. પછી જનાબે નૂહ(અ.)એ અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારાથી બની શકે એટલી મહેનત કરી પણ કાંઈ ફાયદો થયો નહીં. જયારે તે લોકોએ વરસાદ ન આવવાની અને સ્ત્રીઓના વાંઝણી થવાની ફરિયાદ જનાબે નૂહ(અ.)ને કરી તો નૂહ(અ.)એ કહ્યું કે તમો કુફ્ર અને ગુનાહથી તોબા કરો, મારો રબ તોબાને કબૂલ કરનારો છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તે તમારા માટે આસમાન પરથી પુષ્કળ પાણી વરસાવશે.(૧૧)**

**અને માલ તથા ઓલાદથી પણ તમારી**

**કાસિમને મન તો સ્વાદ શહાદતનો એ હતો,**
**મધથી વધારે લાગ્યું છે મીઠું કઝાનું નામ.**

**અબ્બાસના બે હાથ થયા એટલે કલમ,**
**કાંડા કપાવીને ય લખ્યું છે વફાનું નામ.**

**સહાય કરશે, અને તમારા માટે બગીચા ઉત્પન્ન કરશે અને તમારા માટે નદીઓ વહાવશે.(૧૨)**

**તમને શું થઈ ગયું છે કે તમે અલ્લાહ માટે આદરમાન ધરાવતા નથી ?(૧૩)**

**જો કે તેણે તમને જુદી જુદી જાતના પેદા કર્યા છે. (૧૪)**

**શું તમે આ નથી જોતા કે અલ્લાહે એક ઉપર એક (એમ) સાત આસમાનો કેવી રીતે પેદા કર્યાં છે ?(૧૫)**

**અને તેમાં ચંદ્રને એક પ્રકાશ બનાવ્યો છે અને સૂર્યને એક પ્રકાશિત દીવો બનાવ્યો છે.(૧૬)**

જો તમે તોબા કરશો તો તે આસમાનથી પુષ્કળ પાણી વરસાવશે અને તે માલ અને ઓલાદથી પણ તમારી મદદ કરશે. તમારા માટે બગીચા ઉત્પન્ન કરશે અને નદીઓ વહાવશે, પણ તે છતાં તેઓ ઈમાન લાવ્યા નહીં પછી જનાબે નૂહ(અ.)એ તેઓ માટે બદદુઆ કરી.

જનાબે નૂહ(અ.)એ ફરમાવ્યું કે તમને શું થઈ ગયું છે કે તમો ખુદાના માટે આદરમાન ધરાવતા નથી?

જનાબે નૂહ(અ.)એ ફરમાવ્યું કે તમોને જુદી જુદી તરેહના પેદા કર્યા છે જેમકે પહેલાં નુત્ફો હતો પછી જામેલું લોહી થયું પછી ગોશ્ત-હાડકાં વગેરે, પછી તેમાં રૂહ દાખલ કરી એવા શક્તિમાન ખુદાની તમો શા માટે ઈબાદત કરતા નથી ? કેટલાક કહે છે કે તેનો અર્થ એ છે કે તવંગરી, ગરીબાઈ, બીમારી, તંદુરસ્તી, શક્તિ, અશક્તિ, વગેરે.

જનાબે નૂહ(અ.)એ કહ્યું કે તમો જોતા નથી કે ખુદાએ એક ઉપર એક એમ સાત આસમાનો કેવી રીતે પેદા કર્યાં છે.

તેમાં ચંદ્રને એક પ્રકાશ બનાવ્યો અને સૂર્યને એક પ્રકાશિત દીવો બનાવ્યો છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને અલ્લાહે તમને વનસ્પતિની જેમ જમીનમાંથી ઉગાડ્યા છે. (૧૭)**

**પછી તે તમને તેમાં જ પાછા ફેરવી દે છે અને એક વખત (તેમાંથી જ પાછા) તમને કાઢશે. (૧૮)**

**અને અલ્લાહે જમીનને તમારા માટે બિછાનું બનાવી છે. (૧૯)**

**કે જેથી તમે તેના પહોળા પહોળા માર્ગો પર ચાલો ફરો. (૨૦)**

જનાબે નૂહ(અ.)એ કહ્યું કે ખુદાએ તમોને અને તમારા બાપ-દાદાને જમીનથી પેદા કર્યા છે.

પછી તમને મૃત્યુ આપીને તે જ જમીનમાં લઈ જશે અને તમોને કયામતના દિવસે તે જ જમીનમાંથી હિસાબ માટે બહાર કાઢશે.

અને ખુદાએ તમારા માટે જમીનને બિછાનું બનાવ્યું છે કે જેથી તમો તેના પહોળા પહોળા માર્ગો ઉપર ચાલો ફરો. (ક્રમશઃ)

**ગો જામ શહાદતકા પીએ જાતે હૈ,**
**દુન્યાકો વો પૂરનૂર કીએ જાતે હૈ,**
**અય 'અમન' ચિરાગે ખાનદાને નબવી,**
**ગુલ હો કે ભી રોશની દીએ જાતે હૈ.**
- મુન્શી ગોપીનાથ 'અમન'

★

**ઈસ્લામ ન રહેતા કીસી તદબીરસે ઝિંદા,**
**ઈસ્લામ હૈ કુરબાનીએ શબ્બીરસે ઝિંદા.**
- કવિશ્રી મુન્શી બિશ્વરપ્રસાદ સાહેબ

**નામે હુસૈન ના રહે - કોશિષ યઝીદની,**
**કોશિષ હુસૈનની કે રહે બસ ખુદાનું નામ.**

**સો વાર જો જનમ મળે, સો વાર પણ મરે,**
**કરબલમાં કોઈએ ન લીધું જીવવાનું નામ.**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## (Bad) Neighbour ((ખરાબ) પાડોશી)

**خانه ای را که چون تو همسایه است**
**ده درَم سیم بدعیار ارزد**
**لکَن امّیدوار باید بود**
**که پس از مرگ تو هزار ارزد**

**ખાના અય રા કે ચૂન તૂ હમસાયા અસ્ત**
**દહ દિર્મ સીમ બદ અયાર અર્ઝદ**
**લક્કન ઉમ્મીદવાર બાયદ બૂદ**
**કે પસ અઝ મર્ગ તૂ હઝાર અર્ઝદ**

(એવું ઘર કે જેનો પાડોશી તમારા જેવો હોય તો તે દસ દિરહમના બનાવટી સિક્કા જેટલું મૂલ્ય ધરાવે છે પરંતુ માણસે આશાવાદી બનવું જોઈએ કે મોત પછી તે પાડોશીનું મૂલ્ય એક હજાર ગણું થઈ જાય.)

## Non - Attachment (અનાસક્તિ)

**چون مرد درفتاد ز جای و مقام خویش**
**دیگر چه غم خورد، همه آفاق جای اوست**
**شب هر توانگری به سرایی همی رود**
**درویش هر کجا که شب آمد، سرای اوست**

**ચૂન મર્દ દરફ્તાદ ઝ જાયી વ મકામ ખવીશ**
**દીગર ચે ગમ ખૂર્દ, હમા આફાક જાયી ઔસત**
**શબ હર તવાન્ગારી બે સરાયી હમી રૂદ**
**દરવેશ હર કુજા કે શબ આમદ સરાયી ઔસત**

(જ્યારે માણસ પોતાનો દરજ્જો અને પદ ગુમાવી દે છે ત્યારે તેણે ચિંતા કરવાની જરા પણ જરૂર નથી કેમકે આખી દુનિયા તેના માટે રહેઠાણ છે. રાતના સમયે દરેક પૈસાદાર માણસ પોતાના મહેલમાં આરામ કરે છે જ્યારે સાધુ સંતો તો રાત પડે ત્યારે જ્યાં ઈચ્છા થાય ત્યાં રાતવાસો કરી લેતા હોય છે.)

**برآنچه می گذرد، دل مَنه که دجله بسی**
**پس از خلیفه بخواهد گذَشت در بغداد**
**گرت ز دست برآید، چو نخل باش کریم**
**ورت ز دست نیاید، چو سرو باش آزاد**

**બર આંચા મી ગુઝરદ દિલ મના કે દજલા બસી**
**પસ અઝ ખલીફા બ ખ્વાહદ ગુઝિશ્ત દર બગદાદ**
**ગરત ઝ દસ્ત બર આયદ, ચૂ નખ્લ બાશ કરીમ**
**વરત ઝ દસ્ત નયાયદ, ચૂ સરવ બાશ આઝાદ**

(જે ક્ષણભંગુર છે તેને જોઈને હિંમત હારી ન જાઓ કેમકે બગદાદમાં ખલીફો મરણ પામે તેમ છતાં બગદાદની દજલા નદી વહેવાનું ચાલુ જ રાખે છે. જો તમારી પાસે ધન સંપત્તિ હોય તો ખજૂરીના વૃક્ષની માફક સખાવત કરો પરંતુ જો તમે ધન સંપત્તિથી વંચિત હો તો સરુના વૃક્ષની માફક આઝાદ રહો.)

## Obedience (આજ્ઞાપાલન/ફરમાબરદારી)

**مهتری درقبول فرمان است**
**ترک فرمان دلیل حرمان است**
**هرکه سیمای راستان دارد**
**سرِ خدمت بر آستان دارد**

**મહતારી દર કબૂલ ફરમાન અસ્તા**
**તર્કે ફરમાન દલીલ હરમાન અસ્તા**
**હર કે શૈમાયી રાસ્તાન દારદ**
**સારે ખિદમતા બાર આસ્તાન દારદ.**

(આજ્ઞાપાલન મહાનતાની ખાત્રી આપે છે; નાફરમાની નિષ્ફળતા તરફ દોરી જાય છે. જે કોઈ સદાકતવાળો (સચ્ચાઈવાળો) ચહેરા ધરાવે છે તે

**એણે ચુમ્યા છે આબિદે બીમારના કદમ,**
**કરબલની ખાક પામી છે ખાકે શિફાનું નામ.**

**'બેફામ' થરથરે છે બધી મારી મુશ્કિલો,**
**મનમાં લખી લીધું છે મુશ્કિલકુશાનું નામ.**

પોતાનું આજ્ઞાપાલનવાળુ મસ્તક અલ્લાહની બારગાહમાં ધરી દે છે.)

**Obligation (ઉપકાર/એહસાન)**

هر که نان از عمل خویش خورد
منّتِ حاتم طایی نبرد

**હર કે નાન અઝ અમલ ખવીશ ખુદ**
**મન્નતો હાતિમતાઈ નબાર્દ**

(જે કોઈ પોતાની મજૂરીથી કમાયેલો રોટલો ખાય છે તેણે હાતિમતાઈ (જેવા સખી માણસ)નો એહસાન ચઢાવવો પડતો નથી.)

નોંધ : હાતિમતાઈ પોતાની સખાવત અને મહેમાનનવાઝી માટે પ્રખ્યાત હતો.

حقّا که با عقوبت دوزخ برابراست
رفتن به پایمردیِ همسایه در بهشت

**હક્કાકે બા ઉકૂબત દોઝખ બરાબર અસ્ત**
**રફ્તન બે પાયમર્દીએ હમસાયા દર બેહિશ્ત**

(સાચું તો એ છે કે પાડોશીઓની મદદથી જન્નતમાં જવું તે બાબત દોઝખની યાતનાઓ વેઠવા બરાબર છે.)

به نان خشک قناعت کنیم و جامهٔ دلق
که بار محنت خود بِه که بارِ منّت خلق

**બે નાન ખુશ્ક કિનાઅત કનીમ વ જામા દલક**
**કે બાર મહેનત ખુદ બે કે બારે મિન્નત ખલક**

(સૂકાયેલો રોટલો ખાઈને અને ખરબચડાં કપડાં પહેરીને સંતોષ માનવો વધારે સારી બાબત છે કારણ કે બીજાઓના એહસાન હેઠળ રહેવું એના કરતાં તો પોતાની જરૂરિયાતોનો ભાર વેઠી લેવો વધારે પસંદગીપાત્ર બાબત છે.)

نانم افزود و آبرویم کاست
بینوایی بِه از مذلّتِ خواست

**નાનમ અફઝૂદ વ આબરૂયમ કાસત**
**બેનવાઈ બે અજ મઝિલ્લતો ખ્વાસત**

(તેણે મારી રોઝીમાં વધારો કરી દીધો પરંતુ મારા ગૌરવને ઓછું કરી નાખ્યું. કોઈની આગળ હાથ લાંબો કરીને માગવાનું અપમાન સહન કરવું એના કરતાં તો ગરીબાઈને વેઠી લેવી વધારે સારી બાબત છે.)

**Old Age (ઘડપણ/વૃધ્ધાવસ્થા)**

طرب نوجوان ز پیر مجوی
که دگر ناید آب رفته به جوی
زرع را چون رسید وقت درو
نخرامد چنان که سبزهٔ نو

**તરબ નૌજવાન ઝ પીર મજવી**
**કે દીગર નાયદ આબો રફતા બોજવી**
**ઝર્અ રા ચૂન રસીદ રકત દરૂ**
**નખર આમદ ચુનાન કે સબ્ઝાનૂ**

(કોઈ ઘરડા માણસ પાસેથી યુવાનીના જોશની આશા ન રાખો કેમકે ઝરણામાં થઈને જે પાણી વહી ગયું છે તે પાછું આવી શકતું નથી. જ્યારે પાક કાપવા માટે તૈયાર થઈ જાય છે ત્યારે તે લીલાછમ અને તાજા છોડની માફક ઊંચો અને ટટ્ટાર રહી શકતો નથી.)(ક્રમશઃ)

**ઉગ્યો જ્યાં ચાંદ, તારાની બરાબર થઈ ગયાં આંસું,**
**મોહર્રમ આવતાં આંખોનો અવસર થઈ ગયાં આંસુ.**

**અમસ્તી તો હતી બે ચાર ટીપાં જેટલી શક્તિ,**
**મગર માહે અઝા આવ્યો, સમંદર થઈ ગયાં આંસુ.**


**જોઈએ છે.**

મોમિન મેડીકલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત **'લાઈફ લાઈન મેડીકલ શોપ એન્ડ કન્સલટેશન'** માટે

❖ **ડૉક્ટર** (M.B.B.S.)

બાયોડેટા સાથે અરજી કરવી.

::::::::: **સરનામું** :::::::::

હોટલ સહયોગ, કીલાચંદ શોપીંગ સેન્ટર, કોહીનૂર સિનેમાની બાજુમાં, પાટણ-૩૮૪૨૬૫

મો.૯૮૨૪૦૬૫૪૪૦, ૯૮૨૪૬૦૦૪૨૯

# ખુદાના વિશિષ્ટ સર્જનમાં ખુદાની માઅરેફત

લેખન : મો.મોહંમદહુસૈન દાઉદભાઈ નુરભાણેજ(ઈલોલ તલાવ)

અલ્લાહ તઆલા હદીસે કુદસીમાં ફરમાવે છે કે હું એક છૂપો ખજાનો હતો, જાહેર થવાની ઈચ્છા થઈ એટલે મેં આ દુનિયા પેદા કરી છે. અલ્લાહે આપણને એટલા માટે પેદા કર્યા છે કે આપણે તેને ઓળખીએ, તેની માઅરેફત મેળવીએ. અલ્લાહની માઅરેફત, કુદરતની અજાયબીઓ અને તેણે બનાવેલી ચીજો સંબંધે મનન કરીને થઈ શકે છે.

આ સૃષ્ટિમાં કેટલી બધી રંગબેરંગી ચીજો બનાવી છે ! અને તેની યંત્ર યોજનામાં કેટલો બધો કમાલ રહેલો છે ! એની ક્રિયાઓમાં કેટલી કાર્યદક્ષતા રહેલી છે ! આ બધી બાબતોનું બારીક અવલોકન કરીને અને તેના ખાલિક વિષે ચિંતન કરવામાં આવે તો એનાથી સમજાશે કે એ કેટલો ભવ્ય હશે કે જેની બનાવેલી તદ્દન નજીવી ચીજોમાં પણ જરા જેટલી ખોડખાંપણ કે દોષ રહેલો નથી. આ સૃષ્ટિ અને તેની રચના પર વિચાર કરવાથી પણ અલ્લાહની માઅરેફતનું ભાન થાય છે.

અલ્લાહે ઘડેલી ચીજો અગણિત છે. એની યોજનાઓ તો એટલી ગૂઢ છે કે સદીઓથી ઈન્સાન તેના પર વિચાર કરતો આવ્યો છે છતાં એનો સાર પામી શક્યો નથી. એની બુધ્ધિ કુદરતના ભેદો ઉકેલવામાં નિષ્ફળ નિવડી છે. કુદરતે સર્જેલી સઘળી ચીજોમાં ઈન્સાનનું સર્જન સર્વશ્રેષ્ઠ સર્જન ગણાય છે. ઈન્સાનને અક્લે સલીમ (સદબુધ્ધિ) આપવામાં આવેલ છે. આ અક્લ-બુધ્ધિથી ઈન્સાને કુદરતની માઅરેફત તરફ આગળ વધવાનું છે.

માઅસૂમ(અ.)ની હદીસ છે કે કુદરત(ના સાનિધ્ય)માં એક કલાક ચિંતન કરવું એક વર્ષની ઈબાદત કરતાં પણ શ્રેષ્ઠ છે. ખુદાએ આપણું સર્વશ્રેષ્ઠ સર્જન તરીકે સર્જન કર્યું છે. તેનું રહસ્ય માનવી કદી ઉકેલી શકવાનો નથી. તેના રહસ્યને પામવા માટે તે દિશામાં મુસાફરી ચાલુ કરવામાં જ એની માઅરેફત મેળવવાનો હેતુ સિધ્ધ થઈ શકે તેમ છે. આ મુસાફરીનો કોઈ અંત જ નથી. અલ્લાહે ઈન્સાનનું સર્જન કર્યું છે તે બાબતે અલ્લાહ ફરમાવે છે કે ઈન્સાનનું સર્જન અમે કેવું સરસ કર્યું છે ! મૌલા અલી(અ.)નું કથન છે કે તમારામાં આખી દુનિયા સમાયેલી છે. ઈમામ જાફરે સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે આખી દુનિયામાં જેટલા જીવો છે તેના કરતાં વધારે જીવાત્માઓ તમારામાં અસ્તિત્વ ધરાવે છે. ઈન્સાન પોતે પોતાને ઓળખે તો અલ્લાહની માઅરેફતનાં દર્શન થઈ શકે છે. હઝરત અલી(અ.)ના પ્રખ્યાત કોલ મુજબ જેણે પોતાના નફસને, આત્માને ઓળખ્યો તેણે તેના રબને ઓળખ્યો. રૂહ અને શરીરના મિશ્રણથી આપણું જીવન અસ્તિત્વ ધરાવે છે. આપણે રૂહ વિષે કદી માઅરેફત મેળવી શકવાના નથી પણ શરીર વિષે જાણીને સર્જક વિષે માઅરેફતનો એક અંશ મેળવી શકીએ છીએ. હકીમોએ એના સંબંધી જે જ્ઞાન મેળવ્યું છે તે અંશ આનાથી વિશેષ નથી એની કુદરત વિશે નબીઓ કે અવલિયા અલ્લાહનું જ્ઞાન આ હદીસોના જ્ઞાન કરતાં ઘણું વિશેષ છે. છતાં તેઓ કુદરતની હકીકતને સંપૂર્ણપણે જાણી શકતા નથી.

કુદરતે સર્જેલી દરેક ચીજ, ભલેને એ નાની

**હતી ખુદાનાં દુઃખો પર માત્ર કોડી જેટલી કિંમત,**
**વહાં જો શાહના ગમમાં તો ગોહર થઈ ગયાં આંસુ.**

**હતાં દેખાવમાં તો એ ફક્ત ઝાળકનાં બિન્દુઓ,**
**ભળી ખુશ્બૂ અકીદતની તો અત્તર થઈ ગયાં આંસુ.**

હોય કે મોટી હોય, એક અને અનોખી છે. કુદરતે દરેક ચીજમાં કોઈક ખાસ વિશિષ્ટતા મૂકેલી છે. એનું દરેક સર્જન બીજાથી ભિન્ન છે. કુદરતે સર્જેલાં બે પાંદડાં પણ તદ્દન એક સમાન જોવા મળતાં નથી. ભિન્નતા એ કુદરતનો નિયમ છે.

આ રીતે જોતાં જેમ ચહેરાથી-બહારથી આપણે એક બીજાથી અલગ દેખાઈએ છીએ એવી જ રીતે અંદરથી પણ એકબીજાથી અલગ હોઈએ છીએ. એક માણસના આંગળાની છાપ બીજાને મળતી આવતી નથી. એ જ રીતે એના શરીરનો કોઈ પણ ભાગ બીજી વ્યક્તિને બધી રીતે આબેહૂબ મળતો આવતો નથી. જુદી જુદી વ્યક્તિઓની હોજરી દેખાવમાં અને કદમાં, આકાર અને રચનામાં અલગ અલગ હોય છે અને તેમની પાચનશક્તિ અને પાચનની પ્રક્રિયા પણ અલગ અલગ હોય છે. ખોરાકને પચાવવા માટે હોજરીમાં આવતા પેપ્સીન નામના રસનું અને હાઈડ્રોકલોરિક એસિડનું પ્રમાણ પણ જુદું હોય છે. અમેરિકાના પ્રખ્યાત જોયો ફાઉન્ડેશન તરફથી પાંચ હજાર નોર્મલ ગણાતી વ્યક્તિઓના એક અભ્યાસમાં આ વાત જાણવા મળી છે.

આપણે અવારનવાર નોર્મલની વાત કરીએ છીએ પણ આ નોર્મલની વાત બહુ છેતરામણી છે કારણ કે નોર્મલ બ્લડ પ્રેશર, નોર્મલ ટેમ્પરેચર, હૃદયના નોર્મલ ધબકારા, નોર્મલ ઊંઘ કે નોર્મલ ખોરાક જેવું ખરેખર કશું હોતું નથી. નોર્મલ ગણાતા માણસોના હૃદયની બાબતમાં પણ ભિન્નતા જોવા મળી છે અને તેમના રૂધિરાભિસરણમાં પણ ભિન્નતા જોવા મળે છે. સામાન્ય રીતે નોર્મલ ગણાતી જુદી જુદી વ્યક્તિઓની થાઈરોઈડ ગ્રંથિઓ, પિચ્યુટરી, એન્ડોક્રાઈન વગેરે વિવિધ ગ્રંથિઓમાં ભિન્નતા જોવા મળી છે. આની અસર માણસની વર્તણૂંક અને સ્વભાવ પર અચૂક પડે છે. એટલે કે દરેક વ્યક્તિ જુદા જુદા સંજોગોમાં જુદી જુદી રીતે વર્તે છે. એટલું જ નહીં પણ પોતાની વર્તણૂંકને જ સાચી માને છે અને બીજા ઉપર હસે છે કે ગુસ્સે થાય છે.

આપણા જ્ઞાનતંતુઓની રચના પણ વ્યક્તિએ વ્યક્તિએ ભિન્ન હોય છે. એના પરિણામે આપણી લાગણીશીલતા પણ ભિન્ન હોય છે. એક માણસને થોડુંક વાગતાં તે ચીસ પાડી ઊઠે છે જ્યારે બીજાને એટલું વાગતાં તેના ચહેરાની રેખાઓ પણ બદલાતી નથી. આવું બને ત્યારે આપણે એક વ્યક્તિને ઢીલી-પોચી ગણીએ છીએ અને બીજીને મજબૂત ગણીએ છીએ. પણ બન્નેમાં રહેલા શારીરિક તફાવતની આપણને ખબર જ હોતી નથી. જ્ઞાનતંતુઓના અમુક તફાવતના કારણે એક વ્યક્તિને બીજી વ્યક્તિના કરતાં વધારે પીડાનો અનુભવ થાય છે એ આપણે જાણતા નથી હોતા.

આપણી જ્ઞાનેદ્રિયો - આંખ, નાક, જીભ અને ચાંમડી જે કાર્યો કરે છે તેનો મુખ્ય આધાર તેમાં રહેલા જ્ઞાનતંતુઓ પર હોય છે. બાહ્ય જગતનું જ્ઞાન આપણને આ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થાય છે અને એની રચના તેમજ તેમાં ફેલાયેલા જ્ઞાનતંતુઓની રચના ભિન્ન ભિન્ન હોય છે અને આપણું મગજ પણ એક બીજાથી ભિન્ન હોય છે. એક માણસના ચહેરાથી બીજા માણસનો ચહેરો જેટલો જુદો હોય છે, એના કરતાં પણ મગજ વધારે ભિન્નતાવાળુ હોય છે અને એટલે જ આપણા વિચારો અને વિચાર કરવાની પધ્ધતિઓ અલગ અલગ હોય છે. વ્યક્તિઓમાં રહેલી આવી ભિન્નતા પતિ-પત્નીઓની બાબતમાં ઘણી વાર હળવા રમૂજી પ્રસંગો તો ઘણી વાર

**ખરેખર તો હતાં પાણી સમાં પાણી, છતાંયે કાં-**
**કોઈ દુશ્મનના દિલને કાજ પથ્થર થઈ ગયાં આંસુ?**

**હતી એની હુકુમત દર્દની દુનિયા ઉપર એવી,**
**લીધું શબ્બીરનું જ્યાં નામ, હાજર થઈ ગયાં આંસુ.**

ગંભીર પ્રસંગો સર્જે છે. એકને ઠંડી લાગે છે ત્યારે બીજાને ખુલ્લામાં સૂવું ગમે છે. એકને સુગંધ ગમે છે ત્યારે બીજાને એનાથી શરદી થઈ જાય છે. એકનો ખોરાક જોઈને બીજાને હેરત થાય છે અને એકને વહેલી ઊંઘ આવે છે ત્યારે બીજાને એથી ગુસ્સો ચઢે છે. આવી વિવિધતામાં એકતા રાખવી એમાં આપણું કમાલ છે.

આ બધું એ સાબિત કરે છે કે એવરેઝ કે નોર્મલ વ્યક્તિ શોધવી મુશ્કેલ હોય છે. અમુક રીતે આપણે બધા સરખા હોવા છતાં દરેકને પોતપોતાની ભિન્નતા હોય છે. નોર્મલ વ્યક્તિને બે આંખ, બે કાન, એક નાક હોવા છતાં બીજી કોઈ પણ વ્યક્તિ કરતાં તે જુદી તરી આવે છે. એક રીતે શરીરની આંતરિક બાબતોમાં પણ અનેક તફાવત હોય છે અને પરિણામે વ્યક્તિઓની શારીરિક અને માનસિક શક્તિઓમાં તેમજ વર્તન અને વલણમાં ભિન્નતા જોવા મળે છે. બીજી વ્યક્તિઓમાં આપણને જ્યારે વિચિત્રતા દેખાય ત્યારે તે તેની વિશિષ્ટતા છે એમ માની સ્વીકારી લેવા પ્રયત્ન કરવો જોઈએ અને આપણા પોતાનામાં જો એવું કશુંક દેખાય તો એ પણ કુદરતી છે એમ માની સંકોચ કે શરમની ભાવના મનમાંથી કાઢી નાખવી જોઈએ. (મોમિન બેનિયાઝ હોવો જોઈએ.)

એક વ્યક્તિનું નાક, ચહેરો, આંખો, અવાજ, વગેરે જે રીતે બીજાથી જુદા પડે છે એ જ રીતે એક આખે આખી વ્યક્તિ બીજી કોઈ પણ વ્યક્તિથી તદન જુદી છે. આ પૃથ્વી પર તમે એક અને અનોખા છો. તમારી જોડ કુદરતે અગાઉ ક્યારેય બનાવી નથી અને હવે પછી પણ ક્યારેય બનાવશે નહીં. કુદરત જે હેતુ માટે તમારું સર્જન કર્યું છે એ હેતુની પૂર્તિ માત્ર તમે જ કરી શકો છો અને તમે જેવા છો તેવા રહીને જ તે પૂરી શકો છો. (આડંબર રાખવાથી કે વાણી વર્તનમાં ભિન્નતા રાખવાથી આ હેતુ સિધ્ધ થશે નહીં. નાના બાળકમાં આ દુર્ગુણ ન હોવાથી તે માસૂમ કહેવાય છે.)

જીવનના આ પ્રવાસમાં આપણે સૌએ ઘણું શીખવાનું છે. દરેક પળે, દરેક પ્રસંગે ઘણું શીખવાનું છે. પરંતુ એ શીખતી વખતે આપણે આપણાપણું ગુમાવવાનું નથી. આપણે બીજા જેવા નહીં, આપણા જેવા બનવાનું છે.

તમારો સ્વભાવ તમે અમુક અંશે બદલી શકો છો. શારીરિક, માનસિક ક્ષમતા પણ બદલી શકો છો. પરંતુ તમારા માંહેનું બધું તમે બદલી શકતા નથી. તમે બીજા જેવા બહાદુર નથી. તમે બીજા જેવા કઠણ નથી. બીજા જેવા ચાલાક નથી. જે હેતુ માટે તમારું કુદરતે સર્જન કર્યું છે એ તમે જેવા છો એવા રહીને જ પાર પાડી શકો છો. કુદરતે કોઈ વિશિષ્ટ રીતે જ તમને ઘડ્યા છે અને એ રીતે તમારું જીવન જીવીને જ તમારું સ્થાન અને સૃષ્ટિને શોભાવી શકો છો.

આ ત્યારે સંભવી શકે છે કે જ્યારે આપણે આડંબર, વાણી, વર્તનની ભિન્નતા આપણા સાનિધ્યના લોકોનું આંધળુ અનુસરણ વગેરેથી બચીને સ્વઅધ્યયન કરીને સાચા માર્ગદર્શકની સૂચનાઓ, આજ્ઞાઓનું પાલન કરીએ.

અલ્લાહથી આપણે દુઆ કરીએ કે અલ્લાહ આપણને એવું ઈલ્મ અતા ફરમાવે કે જેના દ્વારા આપણે આપણને ઓળખીએ, બીજાઓને ઓળખીએ, સૃષ્ટિના દરેક સર્જનને ઓળખીએ અને એ રીતે ચિંતન કરતા કરતા ખુદાની માઅરેફત તરફ પ્રયાણ કરીએ. *

**બીજી તો ભેટ કોઈ ક્યાં હતી કાસિમની શાદીમાં?**
**ફર્યો જ્યાં થાળ મહેંદીનો, ત્યાં સાદર થઈ ગયાં આંસુ.**


**અલમબરદારની જે મશ્ક છેદાઈ નદી કાંઠે,**
**નયનમાં ધાર થઈ એનો જ મંઝર થઈ ગયાં આંસુ.**

અરબ પ્રદેશ બહારના રાજવીઓને ઈસ્લામ સ્વીકાર માટે લખેલ

# હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો

## પત્ર નં. ૫

## બહરૈનના ગવર્નર મુંઝિર બિન સાવાને પત્ર



રસૂલિલ્લાહ(સ.)એ 'અલ-અલા' બિન હલ હદ્રામીને ઈસ્લામ સ્વીકારની દાવત આપતો પત્ર લઈને બહરૈનના ગવર્નર તરફ મોકલ્યો. જવાબમાં અલ મુંઝિર બિન સાવાએ નીચે મુજબ પત્ર લખ્યો :

**'અલ્લાહના પયગમ્બર(સ.) ! મને આપના આદેશો મળ્યા. આના પહેલાં મેં તમારો પત્ર વાંચ્યો હતો કે જે આપે બહરૈનના લોકોને ઈસ્લામની દાવત આપતો લખ્યો હતો. તેમનામાંથી કેટલાકને ઈસ્લામે આકર્ષ્યા છે અને તેઓ ઈસ્લામના દાયરામાં પ્રવેશ્યા છે. જ્યારે કેટલાકને તેનાથી આકર્ષણ થયું નથી. મારા દેશમાં પારસીઓ અને યહૂદીઓ રહે છે અને તેથી આપ મને જણાવી શકો છો કે તેમની સાથે કેવો વ્યવહાર રાખવો.'**

રસૂલિલ્લાહ(સ.)એ તેના જવાબમાં નીચે મુજબ પત્ર લખ્યો :

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ.**

**મોહંમદ રસૂલિલ્લાહ તરફથી મુંઝિર બિન સાવા જોગ.**

**તમારા ઉપર સલામ થાય. હું એવા અલ્લાહની હમ્દ કરૂં છું કે જેનો કોઈ ભાગીદાર નથી, અને હું સાક્ષી આપું છું કે મોહંમદ તેના બંદા અને રસૂલ છે. તેથી હું તમને શક્તિશાળી, યશસ્વી અલ્લાહની યાદ અપાવું છું. જે કોઈ આ તાકીદનો સ્વીકાર કરી લે છે તે પોતાના ભલા માટે કરે છે. જે કોઈ મારા સંદેશવાહકોને અનુસરે છે અને તેમની હિદાયત મુજબ અમલ**

**તૂટલી જોઈ બરછીની અણી અકબરની છાતી પર,**
**તો કટકા થઈ કલેજાના નયન પર થઈ ગયાં આંસુ.**

**તરસમાં પાણી બદલે લોહી અસગરને ગળે જોઈ,**
**હ્રદયનાં લોહીનું આંખે રૂપાંતર થઈ ગયાં આંસુ.**

**કરે છે તે હકીકતમાં તો મારી જ સલાહનો સ્વીકાર કરે છે. મારા સંદેશવાહકોએ તમારા વર્તનની ઊંચી પ્રશંસા કરી છે. તમે તમારા હોદ્દા ઉપર ચાલુ રહેશો. નવમુસ્લિમોને તેમના ધર્મનો પ્રચાર કરવાની સંપૂર્ણ તક આપજો. બહરૈનના લોકો સંબંધી હું તમારી ભલામણનો સ્વીકાર કરું છું અને હું ગુનેગારોના ગુનાઓને માફ કરું છું. તેથી તમે પણ તેમને માફ કરી શકો. બહરૈનના લોકોમાંથી જે કોઇને તેમના યહૂદી કે પારસી ધર્મ પર ચાલુ રહેવાની ઈચ્છા હોય તો તેમની પાસેથી જઝિયાવેરો વસૂલ કરવો જોઈએ.' (ઝા'દ અલ મ'આદ, ૩/૬૧,૬૨)**

## પત્ર નં. ૬

## યમામાના ગવર્નર હૌઝા બિન 'અલીને પત્ર

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

**મોહંમદ રસૂલિલ્લાહ તરફથી હૌઝા બિન 'અલીના જોગ.**

**સલામ હોજો એના ઉપર કે જે સાચી હિદાયતને અનુસરે છે. જાણી લેજો કે મારો દીન સર્વે જગ્યાએ છવાઈ જશે. તમારે ઈસ્લામ ધર્મ સ્વીકારવો જોઈએ અને જે કંઈ તમારા કબજામાં હોય તે તમારું જ રહેશે.'**

રાજદૂત કે જેમની પસંદગી કરવામાં આવી હતી તે સુલૈન બિન 'અમ્ર અલ 'અમીરી હતા કે જેઓ પોતાનો સંદેશો પહોંચાડ્યા પછી રસૂલિલ્લાહ(સ.) તરફ નીચે મુજબ વળતો જવાબ લઈને આવ્યા હતા. 'જે દીન તરફ આપ દાવત આપો છો તે ખૂબ સારો છે. હું એક પ્રખ્યાત વક્તા અને શાયર છું. અરબ લોકો મને ઊંચું સન્માન આપે છે અને મારી ગણના તેમનામાં થાય છે. જો આપ મને આપની હુકૂમતમાં શામેલ કરશો તો આપનું અનુસરણ કરવા માટે હું તૈયાર છું.'

પછી ગવર્નરે સુલૈતને ઈનામથી નવાજ્યા અને તેમને હજના કાપડમાંથી બનાવેલો પોષાક ભેટ આપ્યો. અલબત્ત, તેમણે આ બધી બક્ષિસોને રસૂલિલ્લાહ(સ.)ના કદમોમાં મૂકી દીધી.

રસૂલિલ્લાહ(સ.)એ હૌઝાની માગણીનો સ્વીકાર ન કર્યો. આપ હંમેશાં આવા આદેશાત્મક અવાજને ધીમો પાડી દેતા હતા અને આપ ફરમાવતા હતા કે આ સમગ્ર બાબત અલ્લાહના હાથમાં છે કે જે કોઈને આપવાની તેણે ઈચ્છા કરી તેને તેણે આપી દીધી. પછી પાછળથી જિબ્રઈલ એવી વહી લઈને નાઝિલ થયા કે હૌઝા મૃત્યુ પામ્યો છે. રસૂલિલ્લાહ(સ.)એ આ સમાચાર બાબતે પોતાનો અભિપ્રાય દર્શાવતાં ફરમાવ્યું, 'યમામા એક એવા જૂઠ્ઠાનો ઉદય કરવાનું જ છે કે જે પોતે જ પયગમ્બરીનો ખોટો દાવો કરશે પરંતુ પાછળથી તેને મારી નાખવામાં આવશે.' કાતિલની ઓળખાણની બાબતમાં એક પ્રશ્નના જવાબમાં રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું,'તે ઈસ્લામના અનુયાયીઓમાંથી, તમારામાંથી જ એક છે.' (ઝા'દ અલ મા'અદ, ૩/૬૩)

## પત્ર નં. ૭

## દમાસ્કસના બાદશાહ હારિસ બિન અબી શામિર અલ ઘસ્સાનીને પત્ર

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

**મોહંમદ રસૂલિલ્લાહ તરફથી અલ હારિસ બિન અબી શામિર જોગ.**

**સલામ હોજો એના ઉપર કે જે સાચી**

**પૂછ્યું જ્યારે હુસૈને કે મદદ કરનાર છે કોઈ?**
**તો એના પ્રશ્નનો જાણે કે ઉત્તર થઈ ગયાં આંસુ.**

**કપાવ્યું જેણે સર સજદા મહીં, બસ એના કદમોમાં,**
**સર્યાં એવાં કે દિલના દર્દના સર થઈ ગયાં આંસુ.**

હિદાયતને અનુસરે છે અને તેમાં ઈમાન ધરાવે છે અને તેને હક માને છે. હું તમને ફક્ત એક એવા ભાગીદાર વગરના અલ્લાહમાં ઈમાન ધરાવવા માટેનું આમંત્રણ આપું છું, ત્યાર પછી તમારી હુકૂમત તમારી રહેશે.'

શુજા' બિન વહાબને આ પત્ર હારિસ પાસે લઈ જવાનું સન્માન પ્રાપ્ત થયું હતું કે જેણે આ પત્ર હાજર રહેલાઓની સમક્ષ વાંચ્યો તો સાંભળતાંની સાથે જ ગુસ્સામાં ગાંડોતૂર થઈ ગયો અને કહેવા લાગ્યો, 'મને મારા દેશમાંથી બહાર કાઢવાની હિંમત કોની છે ? હું તેની (રસૂલિલ્લાહની) સામે લડીશ', અને ઘમંડપૂર્વક રસૂલિલ્લાહ(સ.)ની ઈસ્લામ ધર્મમાં દાખલ થવા માટેની દાવતને ઠુકરાવી દીધી. (ઝા'દ અલ મા'અદ મુહદરત તારીખ અલ ઉસ્માન અલ ઈસ્લામિયા-૧,૧૪૬)

*


ડિસ્ટ્રીક્ટ ઈસ્પેક્ટર લેન્ડ રેકર્ડ હિંમતનગરમાં કામ કરતા લાયસન્સી સર્વેયર

જમીનની માપણી માટે તથા એન. એ. માટે મળો.

એચ. જે. વિજાપુરા
મુ. જેઠીપુરા, તા. ઈડર,
જિ. સાબરકાંઠા.
મોબાઈલ : ૯૮૯૮૭૫૯૪૦૬

Print Your Dream

One 10
ફોટો કલર લેબ

ફોટો પ્રિન્ટીંગ કોઈ પણ મિડીયામાંથી ફોટો પ્રિન્ટ (મોબાઈલ, મેમરી કાર્ડ, રોલ) વગેરે

4x6 થી 30x100 સુધીની પ્રિન્ટ કાઢી આપવામાં આવશે.

વિડીયો શુટીંગ તેમજ ફોટોગ્રાફી, આલ્બમ ક્રિએશન તથા દરેક પ્રકારના આલ્બમ બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

હોટલનું મેનું બનાવી આપવામાં આવશે.

ફોટો ફ્રેમ મળશે

ગુલામઅલી એચ. નાંદોલીયા
મો. ૯૭૨૪૨૪૨૧૧૦
હસનઅલી આઈ. ખોરજીયા
મો.૯૯૨૫૬૩૪૨૮૪
ઓફિસ : (૦૨૭૬૬) ૨૨૦૩૮૬

દુકાન : ૨૬ થી ૨૮, ભોયરામાં, સીટી પોઈન્ટ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, પાટણ - ૩૮૪ ૨૬૫

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે સૈયદતુન્નિસા ફાતેમા ઝેહરા(અ.)નાં ગુણગાન

**એ બાબતનું વર્ણન છે કે જ્યારે જનાબે સરવરે આલમ(સ.) સફરમાંથી તશરીફ લાવતા હતા તો સૌથી પહેલાં જનાબે સૈયદા(અ.)ની મુલાકાત કરતા હતા :**

(૧) શૂબાન કહે છે કે જનાબે રસૂલે અકરમ(સ.) સફરમાં તશરીફ લઈ જતા હતા તો સૌથી છેલ્લે જનાબે ફાતેમા(અ.)ને મળતા હતા અને જ્યારે (પાછા) તશરીફ લાવતા તો સૌથી પહેલાં જનાબે ફાતેમા(અ.)ને મળતા હતા.

(૨) અબુ શોઅલ્બા કહે છે કે જ્યારે જનાબે રસૂલિલ્લાહ(સ.) ગઝવાતથી અથવા સફરથી તશરીફ લાવતા તો શરૂઆત મસ્જિદથી કરતા હતા અને તેમાં બે રકાત (નમાઝ) પઢીને જનાબે ફાતેમા(અ.)ની પાસે તશરીફ લઈ જતા હતા ત્યાર પછી પોતાની પત્નીઓ પાસે તશરીફ લઈ જતા હતા.

(૩) ઈબ્ને અબ્બાસ(રઝી.અ.) કહે છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.) સફરથી તશરીફ લાવતા હતા તો સૌ પ્રથમ જનાબે ફાતેમા(અ.)ની પાસે જતા.

**કયામતના દિવસે સૌથી પહેલાં જન્નતમાં જનાબે ફાતેમા(અ.)નું દાખલ થવું :**

(૧) અબી હુરૈરા કહે છે કે જનાબે રિસાલત મઆબ(સ.)એ ફરમાવ્યું છે કે જે માણસો સૌ પ્રથમ જન્નતમાં દાખલ થશે તે અલી(અ.) અને ફાતેમા(અ.) છે. ફાતેમા(અ.)નું ઉદાહરણ આ ઉમ્મતમાં એવું છે કે જેવું બની ઈસરાઈલમાં મરિયમ બિન્તે ઈમરાનનું.

(૨) અબુ હુરૈરા(રઝી.અ.) કહે છે કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે બધા જ નબીઓ(અ.)ને કયામતના દિવસે એવા ચોપગાં (પ્રાણીઓ) ઉપર સવાર કરવામાં આવશે કે જે એમની કોમના મોમિનોના પ્રમાણે હશે અને સાલેહ પયગમ્બરને ઊંટડી પર સવાર કરવામાં આવશે અને હું બુરાક ઉપર સવાર હોઈશ અને મારી આગળ ફાતેમા(અ.) હશે.

**કયામતના દિવસે જનાબે સૈયદા(અ.)ના આગમન વખતે ત્યાં રહેલા લોકોને મસ્તક ઝુકાવવાનો અને પોતાની નજર નીચી રાખવાનો અલ્લાહ તઆલા તરફથી હુકમ થશે :**

(૧) ઈબ્ને અમ્ર કહે છે કે જનાબે રસૂલે મકબૂલ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે જ્યારે કયામતનો દિવસ થશે તો પોકારવાવાળો અર્શની અંદરથી પોકારશે કે અય અહીં (હાજર) રહેલા લોકો! તમારી આંખો બંધ કરી દો અને તમારાં મસ્તક ઝુકાવી દો જેથી ફાતેમા(અ.) બિન્તે

**ઉઘાડે મસ્તકે ફરવું પડ્યું ઝયનબને-એ સુણતાં,**
**નયનમાં બાઝયાં ઝળઝળિયાં ને ચાદર થઈ ગયાં આંસુ.**

**અમે લખતાં રહ્યાં આંખોથી કરબલની કરૂણ કથની,**
**અને 'બેફામ' એ કથનીના અક્ષર થઈ ગયાં આંસુ.**

મોહંમદ(સ.) સિરાત ઉપરથી પસાર થઈ જાય.

(૨) અબુ ઐયુબ અન્સારી(રઝી.)થી રિવાયત છે કે જ્યારે કયામતના દિવસે અલ્લાહ સુબ્હનહુ વ તઆલા પહેલાંના જમાનાના અને પાછળના જમાનાના બધા જ લોકોને એક મેદાનમાં એકઠા કરી લેશે. ત્યાર પછી એક પોકારવાવાળો અર્શની અંદરથી પોકારશે કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ફરમાવે છે કે અય હાજર રહેલા લોકો ! તમે તમારાં મસ્તક ઝુકાવી દો અને તમારી આંખોને બંધ કરી દો. આ ફાતેમા(અ.) બિન્તે મોહંમદ(સ.) છે કે જે સિરાત ઉપરથી પસાર થવાનો ઈરાદો ધરાવે છે.

(૩) હઝરત અલી(રઝી.અ.)થી રિવાયત છે કે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે જ્યારે કયામતનો દિવસ આવશે તો એક પોકારવાવાળો એવું પોકારશે કે અય લોકો ! બંધ કરી લો તમારી આંખો ત્યાં સુધી કે જ્યાં સુધી ફાતેમા(અ.) બિન્તે મોહંમદ(સ.) પસાર ન થઈ જાય.

**જનાબે સૈયદા(અ.)ને જન્નતમાં મૂસા(અ.)ની માતા અને મરિયમ બિન્તે ઈમરાન કરતાં પણ વધારે મહેલો મળશે :**

(૧) અબુ સઈદ ખુદરી કહે છે કે આં હઝરત(સ.)એ એવું ફરમાવ્યું છે કે અમે સાતમા આસમાન પરથી પસાર થઈને જોયું કે મરિયમ અને મૂસા(અ.)ની માતા અને ફિરઓનની બીબી આસિયા અને હઝરત ખદીજા બિન્તે ખોવેલ્દનાં ઘર યાકૂતનાં બનેલાં છે અને બીબી ફાતેમા(અ.) મોહંમદ(સ.)ના માટે સિત્તેર મહેલો મૂંગા (મરઝાન)ના જોયા કે જે મોતીઓથી જડેલા હતા, તેના દરવાજા ઊદના લાકડાના હતા.

**જન્નતમાં જનાબે સૈયદા(અ.)નું સરવરે આલમ(સ.)ની સાથે એક મકાનમાં હોવું :**

જનાબે અલી(રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.) અમારી પાસે આવ્યા અને તે રાત ત્યાં પસાર કરી અને જનાબે હસન(અ.) અને હુસૈન(અ.) બન્ને સૂઈ રહેલા હતા. પછી હઝરત હસન(અ.)એ પાણી માગ્યું અને રસૂલિલ્લાહ(સ.) ઊભા થયા અને મશ્કની તરફ તશરીફ લઈ ગયા અને પ્યાલામાં પાણી ભર્યું પછી આવ્યા જેથી હસન(અ.)ને (પાણી) પીવડાવે (પરંતુ) જનાબે હુસૈન(અ.)એ પીવા માટે તે પકડી લીધું તેથી હુઝૂર(સ.)એ તેમને રોકી લીધા અને પહેલાં જનાબે હસન(અ.)ને પીવડાવ્યું અને જનાબે ફાતેમા(અ.)એ ફરમાવ્યું, યા રસૂલિલ્લાહ ! જાણે કે આપને આ બન્નેમાંથી હસન(અ.) સાથે વધારે મોહબ્બત છે. (આપ(સ.)એ) ફરમાવ્યું, એટલા માટે કે હસન(અ.)એ પહેલાં માગ્યું હતું. પછી ફરમાવ્યું કે હું અને તમે અને આ બન્ને અર્થાત હસન અને હુસૈન અને આ સૂઈ રહેલો અર્થાત અલી(અ.) કયામતના દિવસે એક જ મકાનમાં હશે.

(આ હદીસથી બીજા સહાબીઓની શંકા બિલકુલ જતી રહે છે જે એક અટકળ ભરેલો મસઅલો રજૂ કરે છે કે ઉમ્મુલ મોમિનીન જનાબે આઈશા સિદ્દીકા(રઝી.અ.) હઝરત સૈયદા

**G. K. Corner Solution 124**

(૧) ચંદીગઢ (૨) સુરેન્દ્રનાથ બેનરજી (૩) ભારતની સંસદ પાસે (૪) ૪ હેક્ટર કરતાં વધારે (૫) અગ્નિ પંખ (૬) લેક્ટોમીટરથી (૭) આમળાંમાંથી


**કહે છે કરબલા - હકની હકીકત હો તો એવી હો,**
**ખુદા માટે ખરેખરની જો ખિદમત હો તો એવી હો.**

**જનમ પહેલાંથી માગે વાયદો કુરબાન થવાનો,**
**ખુદાને પણ જો બંદાની જરૂરત હો તો એવી હો.**

(અ.)થી અફઝલ છે કેમકે ઉમ્મહાતુલ મોમિનીન જન્નતમાં સરવરે આલમ(સ.)ની સાથે એક મકાનમાં અને એક દરજ્જામાં હશે અને હઝરત સૈયદા(અ.) મુર્તઝા(અ.) જન્નતના બીજા મહેલમાં તશરીફ રાખતાં હશે. નિરૂપાયે જનાબે મુર્તઝા(અ.)ના મકાનથી હુઝૂર(સ.)નું મકાન ઉચ્ચ દરજ્જા પર હશે એ કારણે ઉમ્મુલ મોમિનીન સિદ્દીકા(રઝી.અ.) પણ હઝરત સૈયદા(અ.)થી ચઢિયાતા હશે અને જન્નતમાં ચઢિયાતું મકાન હોવું અફઝલિયતની દલીલ છે. પરંતુ અહાદીસના મુકાબલામાં તર્ક વિતર્કને રજૂ કરવો ન જોઈએ. હદીસવાળા લોકોની વિશ્વાસપાત્રતાને જોવી જોઈએ કે ઈમામ માલિક(રહે.અ.) સ્પષ્ટપણે **લા નફઝલ અહલ અલી બિઝઅતુર્રરસૂલ** કહેનારા છે.

શોઅલ્બી(રહે.અ.) પોતાની તફસીરમાં લખે છે કે ઈબ્ને અબ્બાસ આ આયતે કરીમાની તફસીરમાં કે જેનો અનુવાદ આ મુજબ છે કે અમે તેમના સંતાનોને તેમની સાથે મેળવી દીધા છે, ફરમાવે છે કે પરવરદિગારે આલમ મોમિનની સંતતિને તેના દરજ્જામાં રાખશે ભલેને પછી અમલમાં તેમનાથી કમતર હોય. પછી આ આયતને પઢવી કે જેનો અનુવાદ આ મુજબ છે (અને એ લોકો કે જેઓ ઈમાન લાવ્યા અને તેના રસ્તા પર ચાલ્યા તેમની ઓલાદને ઈમાનથી પહોંચાડી દીધી, અમે તેમને તેમની ઓલાદને અને ઘટાડ્યું નથી એમનાથી તેમનું જે કંઈ પણ કંઈ હોય) સૈયદ જલાલુદ્દીન શમ્હૂદી લખે છે કે આ મરતબો તો મોમિનની સંતતિના સંબંધમાં મળશે તો આં હઝરત(સ.)ની સંતતિનો દરજ્જો જોવો જોઈએ.) ✻

**કહે છે સાથીઓ-સો વાર પણ મરવું પડે, મરશું, નિસારો હો તો એવા હો ને નુસરત હો તો એવી હો.**

મોબાઈલ ૯૨૨૮૬૦૧૯૫૪

**સાકિરઅલી વી. સુરપુરા**

**એલ.આઈ.સી. જીવન વિમા એડવાઈઝર**

**::::: ઓફિસ :::::**

લેથવાલા મોલ, ૨ જો માળ,
રેલ્વે ક્રોસીંગ પાસે, ઈડર, જિ.સાબરકાંઠા.
મો.૯૨૨૮૬૦૧૯૫૪

**::::: રહેઠાણ :::::**

મુ.પો. સુરપુર, તા. ઈડર જિ. સાબરકાંઠા.

*પરવરદિગારના કરમથી આ વર્ષથી આપની સેવામાં*

LIC ના રોકાણ/બચત, જુના તથા નવા વીમાના કામકાજ માટે અમારો સંપર્ક કરો.

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- ➞ કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.
- ➞ લેપટોપ વેચાણ અને રીપેરીંગ.
- ➞ જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.
- ➞ કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.
- ➞ દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.
- ➞ **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનો નવીન સંકલ્પ

# શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ

## Educational Career Buildup Programme (ECBP)

### વર્ષ ૨૦૧૧-૧૨ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા.૧૧૧૧૧/- મો.સુલેમાનભાઈ હબીબભાઈ લોઢા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૫૦૦૦/- મો.હાસમભાઈ નુરભાઈ પટેલ (કિશોરગઢ) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦૦/- મો.ઉરીબેન ઈબ્રાહીમભાઈ ભોવણીયા-મહંમદઅલી ઈબ્રાહીમભાઈ ભોવણીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૩૦૦૦/- મો.અહેસાનઅલી ઈકબાલભાઈ ભોવણીયા - રેમેડી મેડીકલ સ્ટોર્સ-અમદાવાદ (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૨૦૦૦/- મો.ગુલામહુસૈન હબીબભાઈ લોઢા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૨૦૦૦/- મો.આબિદઅલી અલીભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૨૦૦૦/- મો.મહંમદઅલી ઈબ્રાહીમભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૨૦૦૦/- નવજીવન કન્સલ્ટન્ટ - મો.મહેમૂદહુસૈન યુસૂફભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૧૦૦/- સરગમ રેડીયો સર્વિસ - ઈડર (ઈમાનપુરા કંપા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.હલીમાબેન કાસમભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.ગુલામહૈદર નુરભાઈ ભોવણીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.ખાદિમહુસૈન ગુલામહૈદર ભોવણીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી નશીરભાઈ મતીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.હસનઅલી ગુલામહુસૈન દાંત્રેલિયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.હનીફભાઈ જમાલભાઈ લોઢા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.ગુલામઅબ્બાસ સુલેમાનભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.સજ્જાદઅલી મહંમદભાઈ મોમિન (બારોડીયાકંપા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.ગુલામભાઈ જલાલભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.અબ્બાસભાઈ અલીભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી

રૂા.૧૦૦૦/- મો.અસગરઅલી સેવાણીવાળા (બારોડીયા કંપા) તરફથી

રૂા.૭૮૬/- મો.અબ્બાસભાઈ નુરભાઈ ભોવણીયા (ઈલોલ પહાડીયા) તરફથી

### બે વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૧૦૦૦/- મો.રસુલભાઈ શરીફભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી

રૂા. ૧૦૦૦/- મો.અલીભાઈ નશીરભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી

## ત્રણ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૧૧,૦૦૦/- મો.રહીમભાઈ વલીભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા.૫૦૦૦/- મો.ગુલામમહંમદ શરીફભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૫૦૦૦/- મો.અલીમહંમદ નશીરભાઈ ભોવણીયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૨૦૦૦/- મો.અકબરઅલી જમાલભાઈ સુણસરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૨૦૦૦/- મો.મહંમદઅલી સુલેમાનભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.કાસમભાઈ ગુલામભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.અલીભાઈ દાઉદભાઈ દાંત્રેલિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.શરીફભાઈ ઈબ્રાહીમભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- બંદએ ખુદા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- બંદએ ખુદા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ જેથરાભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી વજીરભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.અલીભાઈ ગુલામભાઈ ભટ્ટા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી ઈસબભાઈ ભટ્ટા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.હસનઅબ્બાસ સુલેમાનભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા.૧૦૦૦/- મો.કમરઅલી સુલેમાનભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા) તરફથી

## પાંચ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૫૦૦૦/- મો.અબ્બાસભાઈ નુરમોહંમદ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૫૦૦૦/- મો.અબ્બાસભાઈ વલીભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૫૦૦૦/- મો.મર્હૂમ હાજી નસીરભાઈ મેમદજીભાઈ (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૫૦૦૦/- મો.મર્હૂમ વલીભાઈ નુરભાઈ સુરપુરા (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૨૫૦૦/- મો.ગુલામઅલી હબીબભાઈ સુરપુરા (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.શબ્બીરઅલી નુરભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.ગુલામહૈદર સુલેમાનભાઈ બલોસપુરા(ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.યુસુફભાઈ હબીબભાઈ સુરપુરા (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.મર્હૂમ અલાઉદ્દીનભાઈ નાથુભાઈ (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.શરીફભાઈ નુરમોહંમદ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.રહીમભાઈ નુરમોહંમદભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.માસૂમઅલી નુરાભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.મહંમદઅલી દાઉદભાઈ મસી (કિશોરગઢ-હૈદરાબાદ) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.રહીમભાઈ દોસનભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.ગુલામભાઈ ઈબ્રાહીમભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૨૦૦૦/- આશા બિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (ઈલોલ પહાડીયા) તરફથી

રૂા. ૨૦૦૦/- મો.ગુલામઅલી ઈબ્રાહીમભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મર્હૂમ જેથરાભાઈ જમાલભાઈ (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મહંમદઅલી અબ્બાસભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.હબીબભાઈ નુરાભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.શબ્બીરઅલી રહીમભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.શરીફભાઈ અલીભાઈ મોમિન (બારોડીયા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.ગુલામભાઈ સુલેમાનભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.કાસમભાઈ હબીબભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.અકબરઅલી હબીબભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.ઝાકિરઅલી હૈદરભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મહેમૂદઅલી હૈદરભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.તાહેરઅલી સુલેમાનભાઈ શેરસીયા (પહાડીયોલ કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મર્હૂમ અલજીભાઈ સુલેમાનભાઈ રામસડા (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ દાઉદભાઈ સાઠીયા (ઈમાનપુરા કંપા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મર્હૂમ અલીભાઈ દાઉદભાઈ મસુ (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ ખાંનજીભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.શરીફભાઈ ગુલામભાઈ ભટ્ટા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મોહંમદઅશરફ નશીરભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ ગુલામભાઈ મસી (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.ઈનાયતહુસૈન નુરભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.હુસૈનાબેન મહંમદઅલી બલોસપુરા-આંગણવાડી કાર્યકર-ઈલોલ-૨ (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.રફીકભાઈ નુરભાઈ લોઢા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.આબિદઅલી ઈબ્રાહીમભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.હસનઅલી નશીરભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.મોલ્વી શબ્બીરઅલી નશીરભાઈ ખણુશીયા (હરિપુરા) તરફથી

## ECBPમાં જોડાયેલ આજીવન દાતાઓ

રૂા. ૧૦,૦૦૧/- મો.નુરભાઈ વલીભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૫૦૦૦/- મો.અકબરઅલી નુરભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૩૦૦૦/- મો.મુબારકઅલી શરીફભાઈ બલોસપુરા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૨૦૦૦/- મો.તાલિબઅલી ઈસ્માઈલભાઈ ભોવણીયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧૦૦૦/- મો.વજીરભાઈ હબીબભાઈ લોઢા (ઈલોલ પહાડીયા) તરફથી

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના તથા તેમના મર્હૂમોના હકમાં દુઆ ગુજારે છે.**

## વધુ માહિતી અને ડોનેશન આપવા માટેનો સંપર્ક

**મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ ૯૪૨૬૩૮૦૬૫૩**
**મો.ગુલામમહંમદ એસ. વિજાપુરા(માસ્ટર) મો.૯૪૨૭૬૯૧૧૦૧**

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### માફી આપવી

(ગતાંકનું ચાલુ)

અલ્લાહ તઆલા કુરાન શરીફમાં ફરમાવે છે, '... જો તમે માફ કરો તો દરગુઝર કરો અને (તેમના અયબોને) ઢાંકી દો, પછી ખરેખર અલ્લાહ સૌથી મોટો માફ કરનાર દયાવાન છે.'

ઉપરની આયત આપણને બતાવે છે કે જો આપણે માફ કરી દઈએ અને માત્ર માફ જ નહીં, પરંતુ બીજાઓના અયબોને છુપાવીએ તો પછી અલ્લાહ પણ આપણા માટે એવું જ કરશે અને યાદ રાખો કે અલ્લાહ સૌથી મોટો માફ કરનારો છે.

અલ્લાહ ફક્ત આપણને માફ કરવાનું નથી કહેતો પણ દરગુઝર કરવાનું પણ કહે છે.આંખ આડા કાન કરવાનું કહે છે અને વળી દોષ પણ ઢાંકવા. માણસે જે કંઈ કર્યું હોય તે બીજાને કહેવું નહીં.

આપણા પહેલા ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે કે કોઈ વાર જ્યારે તમે કોઈના ઉપર વેર વાળો જ્યારે કે તમારા પાસે વળતો પ્રહાર કરવાની શક્તિ હોય અને ત્યારે તમે માફ કરી દો તો તે બાબતને સાચી માફી કહેવાય.

ઉપરની હદીસ આપણને કહે છે કે માણસે જે કંઈ કર્યું હોય તેના માટે બદલો લેવાનાં સાધનો જ્યારે તમારી પાસે હોય તેમ છતાંય તમે તે સાધનોનો ઉપયોગ કરો નહીં પરંતુ તેના બદલે તેને માફ કરી દો.

કોઈને માફ કરી દેવાનો અર્થ થાય તમે તેના વિષે ભૂલી જાઓ અને તેના વિષે માણસને ન તો યાદ દેવડાવવું કે ન તો કોઈને તેના વિષે કંઈ કહેવું.

**ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે :**

'તમે તમારા દુશ્મનોને દયા બતાવીને શિક્ષા કરો અને તેમણે તમને જે નુકસાન પહોંચાડયું હોય તેના બદલે તેમની સાથે ભલાઈ કરો.' *

**ઝીલીને તીર છાતી પર કરે રક્ષણ નમાઝીનું,**
**હતી આશુરાના દિવસે જમાઅત હો તો એવી હો.**

### માફ કરવા વિષેની હદીસો

હઝરત રસૂલે ખુદા(સ.)નો ઈરશાદ છે,

(૧) 'તમારા ઉપર માફ કરવું આવશ્યક છે કેમકે માફ કરવું કોઈ (માફ કરનારા) બંદાની ઈજ્જત સિવાય બીજી કોઈ બાબતમાં વધારો કરતું નથી. બસ તમે માફી આપી દો, ખુદા તમને ઈજ્જત આપશે.'

(ઉસૂલે કાફી, જિલ્દ-૩, હદીસ-૫)

(૨) 'હઝરત મૂસા(અ.)એ એક વખત પૂછયું, અય મારા પરવરદિગાર ! મારા બંદાઓમાંથી કયો બંદો તારી નજીક પ્રતિષ્ઠિત છે ? ફરમાવ્યું, એ કે જે બદલો લેવાની કુદરત ધરાવીને માફ કરી દે.'

(જવાહિરુલ સનીયા સફા - ૫૭)

(૩) 'જે લોકોને માફ કરે છે, ખુદા તેને માફ કરે છે.' (અઅની ઉસ્રીયા, સફા-૧૦)

(૪) 'દુનિયા અને આખેરતમાં ત્રણ વસ્તુઓ સારા અખ્લાકની નિશાની છે : જેણે તમારા ઉપર જુલ્મ કર્યો હોય તેને માફ કરો, જે તમારી સાથેનો સંબંધ તોડી નાખે તેની સાથે સંબંધ જોડી દો અને જે તમારી સાથે ગુસ્તાખી કરે તેની સાથે નમ્રતાથી વર્તો.'

(બિહારૂલ અન્વાર, જિલ્દ-૮૮, સફા-૪૯)

**યઝીદી ફોજથી નીકળી, યઝીદી ફોજની સામે,**
**કરી કરબલામાં હુરે જે બગાવત હો તો એવી હો.**

## ઉડાઉખર્ચ - ઈસ્રાફ

ઉડાઉખર્ચનો અર્થ થાય છે કોઈ વસ્તુનો બેફામ ખર્ચ કરવો જ્યારે કે એવું કરવાની કોઈ જરૂર ન હોય. બીજા શબ્દોમાં કહીએ તો વ્યય કરવો, બગાડ કરવો.

- અરબી ભાષામાં આના માટેનો એક શબ્દ છે : **ઈસ્રાફ.**

  અલ્લાહ તઆલા કુરાને મજીદમાં આ અંગે આપણને સમજાવે છે :

  **'હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહે તમારા માટે જે પાક વસ્તુઓ હલાલ ઠરાવી છે, તેમને હરામ ન ઠરાવો અને હદ બહાર જાઓ નહીં; બેશક અલ્લાહ હદ બહાર જનારાઓને દોસ્ત નથી રાખતો.'**

  (સૂરએ માએદહ, આયત-૮૭)
- ઈસ્લામ ધર્મમાં કોઈ પણ વસ્તુના બગાડને રોકવા ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવેલ છે. મોટા ભાગનાં બાળકોને યાદ હશે કે જ્યારે તેઓ જમતી વખતે પ્લેટમાં ખોરાક ખાવાનું છોડી દે છે તો તેમનાં માતા-પિતા તેમને આવો બગાડ ન કરવાનું કહે છે. જો કે ઈસ્રાફ-બગાડ માત્ર ખોરાક સાથે જ સંબંધિત નથી પરંતુ તે દરેક વસ્તુને લાગુ પડે છે. પરંતુ ભોજનનો બગાડ પણ એક અગત્યની બાબત છે.
- જ્યારે બિન-મુસ્લિમો કોઈ મુસલમાનને ભોજનની થાળીમાંથી એકે એક કોળિયો સમાપ્ત કરતા જુએ છે તો તેઓ એવું વિચારે છે કે આ માણસ ખૂબ લોભી છે અથવા તો તે મખ્ખીચૂસ છે. આ બાબત બીજા લોકોની દૃષ્ટિમાં સમજણનો અભાવ દર્શાવે છે.
- ઈસ્લામ ધર્મ આપણને અલ્લાહે આપેલી બધી જ વસ્તુઓનું સન્માન કરવાનું શીખવે છે અને તેણે આપેલી રોઝી કરતાં વધારે સન્માનપાત્ર કઈ બાબત હોઈ શકે ?
- એનો અર્થ એ થાય છે કે આપણે ખોરાકનો બગાડ ન કરીને તેનું સન્માન કરવું જોઈએ. આપણે ગમ્મત ખાતર પણ રોઝી સાથે રમત રમવી ન જોઈએ. કોઈ પણ રીતે આપણે તેનો દુરૂપયોગ કરવો ન જોઈએ અને જો તે રોઝી બગડી ગઈ ન હોય તો તેને કદી પણ ફેંકી દેવી ન જોઈએ. જો આપણે કોઈ કારણ વગર ખોરાકને ફેંકી દઈશું તો આપણે તે ખોરાકને ફેંકી દેતા નથી પરંતુ અલ્લાહે આપેલી ભેટને ફેંકી દઈએ છીએ.
- જો હું તમને કોઈ વસ્તુ ભેટ તરીકે તમને આપું અને તમે મારી નજર સામે જ તે વસ્તુને ફેંકી દો તો સ્પષ્ટપણે તમને મારા પ્રત્યે અને મારી ભેટ પ્રત્યે કોઈ માન નથી એવું ગણાશે. બસ ખોરાકને ફેંકી દેવાની બાબત પણ એવી જ છે.

**આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં,**
**સામાન સો બરસકા પલકી ખબર નહીં.**

(કોઈ પણ માણસને ખબર નથી કે પોતાનું મોત ક્યારે આવવાનું છે. એક પળ પછી શું થવાનું છે તેની તેને ખબર નથી તેમ છતાં તે જાણે એકસો વર્ષ જીવવાનો હોય તેવી તૈયારી કરે છે.)

**જીવન આકાના કદમોમાં, મરણ આકાના હાથોમાં,**
**મળી'તી જોનને જો કિસ્મત હો તો એવી હો.**

**ઝઈફી એની લલકારી ઉઠી દુશ્મનોના લશ્કરને,**
**જો તેવર હો તો એવા હો, જો તાકત હો તો એવી હો.**

- જો આપણે ભૂખ્યા હોઈએ, તો કોઈ પણ એવું કહેતું નથી કે આપણે ખાવું ન જોઈએ. તેમ છતાં આપણે આપણી પ્લેટમાં એટલું જ લેવું જોઈએ કે આપણને એવું લાગે કે આપણે તેને પૂરું કરી શકીશું. એટલું પૂરું કર્યા પછી પણ જો આપણે હજુ ભૂખ્યા હોઈશું તો આપણે થોડું વધારે લઈશું. પરંતુ કેટલીય વખત તમે જોયું હશે કે જ્યારે લોકો ભૂખ્યા હોય ત્યારે પ્લેટમાં ખોરાકનો ઢગલો કરી નાખે છે અને ત્યાર પછી તેમાંથી અડધું જ ખાય છે અને બાકીનું ફેંકી દે છે. આ ઈસ્રાફ નથી તો બીજું શું છે ?
- દુનિયામાં કેટલા બધા લોકો એવા હોય છે કે જેમને ખાવા માટે પૂરતો ખોરાક મળતો નથી અને વળી તેઓ એ પણ જાણતા નથી હોતા કે તેમનું હવે પછીનું ભોજન ક્યાંથી આવશે. ખોરાક જાણે કે કચરો હોય એ રીતે કચરાપેટીમાં પધરાવી દેવાનો આપણને શું અધિકાર છે ?
- આવો ઈસ્રાફ, આવો બગાડ તો રોજિંદા જીવનમાં આપણને ઠેર ઠેર જોવા મળે છે. ઘણી વખત તો ઘરની અંદર રોઝી આપણી રાહ જોઈ રહી હોય છે તેમ છતાં આપણે ખાવા માટે બહારનો-બજારું ખોરાક ખરીદીએ છીએ. આ પણ ઈસ્રાફનું જ એક સ્વરૂપ છે.
- ઈસ્લામ ધર્મ આપણને એવું શીખવે છે કે બગાડ કરવો કોઈ પણ રીતે હલાલ નથી. આપણે જે કંઈ ધનસંપત્તિ ધરાવીએ છીએ તે અલ્લાહે આપેલી છે. કોઈ પણ માણસ આપણને તે ખર્ચવાની ના પાડતો નથી. કોઈ પણ માણસ આપણને કાર, કપડાં, ખોરાક વગેરે જેવી મોંઘી વસ્તુઓ ખરીદવાની મનાઈ કરતો નથી.
- સારી સારી વસ્તુઓ ખરીદવાનું, સારો ખોરાક કે સારાં કપડાં ખરીદવાનું કોઈ ના પાડતું નથી.
- કુરાને મજીદ, સૂરા-૭, આયત-૩૧માં અલ્લાહ તઆલા ફરમાવે છે :

**'હે આદમની ઓલાદ ! તમે દરેક નમાઝના સમયે તમારો (આત્મિક તથા શારીરિક) શણગાર કરતા રહો તથા ખાઓ અને પીઓ અને ઉડાઉખર્ચ કરો નહીં. નિઃસંશય ઉડાઉખર્ચ કરનારાઓને તે દોસ્ત રાખતો નથી.'**

(સૂરએ અઅરાફ, આયત-૩૧)

- જે કિંમતી વસ્તુઓ આપણે વાપરવાના હોઈએ, તેની ખરીદી કરવી કંઈ ખોટી બાબત નથી. તેમ છતાંય ઉપયોગ વગરની કોઈ વસ્તુ ઉપર બિન જરૂરી રીતે પૈસા ખર્ચી નાખવા પરવાનગીપાત્ર નથી.

## શબ્દ પરિચય

### જફા

**<u>જફા</u>** ( جفا ) : ફારસી શબ્દ, અર્થ (૧) અત્યાચાર, અન્યાય, જુલમ, સિતમ (૨) શરીરને ઈજા થાય તેવું નુકસાન **જફાએ ચર્ખ** - આકાશી આફત, દૈવી કોપ **જફા કફા** - જુલમ અને અત્યાચાર **જફાકશ** - (૧) શરીર ઉપર કષ્ટ ઉઠાવનાર, સખત પરિશ્રમ કરનાર (૨) પરાક્રમી **જફાકાર**- અત્યાચારી, સિતમગાર **જફા ઝેલના** - જુલમ સહન કરવો, અત્યાચાર સહન કરવો **જફાતલબ**- મુશ્કેલ કામ **જફા પરસ્ત** - (૧) મહાન અત્યાચારી (૨) અન્યાયી (૩) પ્રેમી **જફાપર્વર** - (૧) ઘોર અત્યાચારી (૨) અત્યાચારનું પ્રોત્સાહક **જફા પેશ** - જાલિમ, અત્યાચારી (૨) પ્રેમી

**મરણ જેવું મરણ પણ લાગે મધ કરતાં વધુ મીઠું,**
**લડાઈમાં જો મરવાનીય લઝઝત હો તો એવી હો.**

**અલમને હાથમાં લીધા પછી પડવા નથી દીધો,**
**કપાયેલાં ય કાંડાની જો કુવ્વત હો તો એવી હો.**

- લોકો ઉડાઉપણે ઈરાદાપૂર્વક શા માટે ખર્ચા કરતા હશે ? આવું કરવા પાછળનાં કારણો શું હશે?
- ઈસ્રાફ-ઉડાઉખર્ચ કરવા પાછળ આવાં કારણો હોઈ શકે :

(૧) ઉડાઉખર્ચ કરવા પાછળ દુનિયાવાળાઓને બતાવવાનો આશય હોય.

(૨) પડોશીના ઘેર વસ્તુ છે તો આપણે પણ એવી વસ્તુ ખરીદવી જોઈએ.

(૩) ધન દોલતનું કોઈ મનમાં મૂલ્ય જ ન હોય. માત્ર ખરીદવા ખાતર જ ખરીદતા હોય.

- આ બધાં કારણો ધિક્કારપાત્ર છે અને એ બાબત દર્શાવે છે કે વ્યક્તિને પોતાની ધન દોલતની જવાબદારીનું ભાન નથી. કયામતના દિવસે જ્યારે અલ્લાહ આવું પૂછશે, 'મેં તને જે ધન દોલત આપી હતી તેનો તેં કેવા કાર્યોમાં ખર્ચ કર્યો? તો જે લોકોએ ઈસ્રાફ કર્યો હશે, ઉડાઉખર્ચ કર્યો હશે તેમની પાસે કોઈ બહાનું નહીં હોય અને તેઓ અલ્લાહ તઆલાની નારાજગી વહોરી લેશે.
- જ્યારે જ્યારે આપણે એ પૈસા ખર્ચીએ કે જે અલ્લાહે આપણને આપ્યા છે ત્યારે ત્યારે જો આપણે અલ્લાહ તઆલાના હુકમો વિષે વિચાર કરીશું અને એવું વિચારીશું કે શું અલ્લાહ મારી આ ખરીદીને માન્યતા આપશે ખરો ? તો આપણે કદી પણ ઈસ્રાફ-ઉડાઉખર્ચ કરવાથી બચી જઈશું. ✻



**નન્હે રોઝેદાર**

**સફદરઅલી શબ્બીરઅલી ઢુકકા**
**માતા : આબેદાબાનુ (વાઘરોલ)**
**ઉ.વર્ષ : ૯ રોઝા : ૩૦**

**કલેજા પર લખાઈ હોય બરછીની અણીથી જે,**
**જવાનીની તવારીખની કિતાબત હો તો એવી હો.**

## નુસ્ખા

### આધાશીશી - માથાનો દુઃખાવો

✻ સૂંઠને પાણીમાં ઘસીને તેનો ઘસારો કપાળે લગાડવાથી આધાશીશી મટે છે.

✻ દૂધમાં ઘી મેળવી, પીવાથી આધાશીશી અને માથાનો દુઃખાવો મટે છે.

✻ સૂરજ ઊગે તે પહેલાં ગરમાગરમ તાજી, ચોખ્ખા ઘીની જલેબી ખાવાથી આધાશીશી મટે છે.

✻ માથું દુઃખતું હોય તો કપાળે ચોખ્ખું ઘી ઘસવાથી માથું ઊતરે છે.

✻ આમળાનું ચૂર્ણ, સાકર અને ઘી સરખે ભાગે લઈ ખાવાથી માથું દુખતું હોય તો ઊતરે છે.

✻ એક કપ પાણીમાં એક ચમચી હળદર નાખી ઉકાળીને પીવાથી તેનો વાક(નાસ) લેવાથી માથાનો દુઃખાવો મટે છે.

✻ ઠંડા દૂધમાં સૂંઠ ઘસીને, તે દૂધનાં ૩-૪ ટીપાં નાકમાં નાખવાથી આધાશીશી મટે છે.

✻ અડધો ચમચો લીંબુનો રસ અને અડધો ચમચો તુલસીનો રસ ભેગો કરીને પીવાથી માથાનો દુઃખાવો મટે છે.

✻ માથું દુઃખતું હોય તો તુલસીનાં પાન અને અગરબત્તી વાટીને માથે ચોપડવાથી તરત જ માથું ઊતરે છે.

✻ નાળિયેરનું પાણી પીવાથી આધાશીશી અને માથાનો દુઃખાવો મટે છે.

✻ વલીંગનું તેલ ઘસવાથી માથાનો દુઃખાવો મટે છે.

✻ નવશેકા પાણીમાં મીઠું નાખીને બન્ને પગ પાણીમાં રાખવાથી ૧૫ મિનિટમાં માથાનો દુઃખાવો મટે છે.

# આપણા ઘરની વાતો

● **વસો મુકામે 'યાદગારે હુસૈન રક્તદાન કેમ્પ' :**

કરબલાના અમર શહીદોને શ્રધ્ધાંજલી રૂપે વસો શીઆહ જાફરી મશયાખી મોમિન જમાઅત તથા સર્વોદય ક્લબના સંયુક્ત ઉપક્રમે મુ.તા. ૮ મોહર્રમ, તા.૪-૧૨-૨૦૧૧ને રવિવારના રોજ ઈમામવાડા હુસૈનીયામાં **'યાદગારે હુસૈન રક્તદાન કેમ્પ'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં વસો ગામના સરપંચશ્રી કનુભાઈ મુખી, ઉપ સરપંચ શ્રી અતુલભાઈ અમી, માજી સરપંચ શ્રી ભાનુભાઈ રાજા તથા મધુભાઈ અમી, ખેડા જિલ્લા પંચાયતના સભ્ય દીપકભાઈ દલવાડી, વસો કેળવણી મંડળના મંત્રી શ્રી જતીનભાઈ પટેલ, વસો ગૃપ સહકારી મંડળીના માજી સેક્રેટરી શ્રી ચંદ્રકાન્તભાઈ અમીન, વસો મુસ્લિમ કસ્બાના પ્રમુખ શ્રી બચુભાઈ શેખ, વહોરા સમાજના અગ્રણી મુનાફભાઈ વોરા, સુન્ની મોમિન જમાઅતના પ્રુમખ શ્રી ઈબ્રાહીમભાઈ મોમિને હાજરી આપી હતી. આ રક્તદાન કેમ્પ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, બ્લડ બેંક, પેટલાદ દ્વારા સવારે ૯-૦૦ થી બપોરના ૨-૦૦ સુધી સતત કામગીરી કરીને રક્તદાતાઓને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ રક્તદાન કેમ્પમાં ભાઈઓ દ્વારા ૬૨ બોટલ તથા બહેનો દ્વારા ૨૪ એમ કુલ ૮૬ બોટલ રક્તદાન કરવામાં આવેલ હતું. અત્રે સૌથી મોટી વયની વ્યક્તિ તરીકે આઈ.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ-નડીયાદના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટના પ્રોફેસરશ્રી ગુલામઅબ્બાસ મોમિને પણ રક્તદાન કરેલ હતું અને તેમણે મોમિન જમાઅતને રક્તદાન કરવા અંગેની ખૂબ જ સરસ સમજ આપીને પ્રોત્સાહિત કરી હતી. સદર કેમ્પના ઉદ્‌ઘોષક તરીકે શ્રી અસદઅલી મોમિન હતા.

● **પાડગોલ મુકામે 'હુસૈની રક્તદાન શિબિર' :**

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના દીને મુજાહિદ કેળવણી મંડળ દ્વારા આયોજિત કરબલાના પવિત્ર શહીદોને શ્રધ્ધાંજલિ સ્વરૂપે પાડગોલ, વલેટવા, વડતાલ, રામોલ, પેટલાદના શીઆહ મોમિન ભાઈ-બહેનો દ્વારા **'હુસૈની રક્તદાન શિબિર'**નું આયોજન મુ.તા.૮, મોહર્રમ, તા.૪-૧૨-૨૦૧૧ને રવિવારના રોજ પાડગોલ મુકામે 'હુસૈની ચોક'માં કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત રક્તદાનનું આયોજન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં ડૉ.કિશોરભાઈ સોની તથા રેડક્રોસ સોસાયટીના સ્ટાફે હાજર રહી આ કાર્યને સફળ બનાવેલ છે. શિબિર દરમિયાન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના ચેરમેનશ્રી કમલેશ પરીખ તથા ટ્રેઝરર શ્રી કે.જી.પટેલ હાજર રહ્યા હના અને રક્તદાતા મોમિન ભાઈ-બહેનોને રક્તદાન વિશે માહિતી આપી અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું તથા સમાજમાં આવેલ આવી જાગૃતિની ખૂબ પ્રશંસા કરી હતી અને આવા માનવતાભર્યા કાર્યને બિરદાવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૫૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

● **બુંદ બુંદસે ઝિયારત :**

દમણ-વસો-લેસ્ટર અને લંડનમાં રહેતા શીઆહ જાફરી મશાયખી મોમિન ભાઈ-બહેનો તરફથી


સ્વૈચ્છિક ફાળો એકત્ર કરીને જે રકમ એકત્ર થઈ તેમાંથી હિજરી સન-૧૪૩૧થી બુંદ બુંદસે ઝિયારત શરૂ થઈ. ગઈ સાલની માફક આ વર્ષે પણ બુંદ બુંદસે ઝિયારતના ઉપક્રમે નીચેના ત્રણ મોમિન ભાઈ-બહેનોને મહેર ટૂર દ્વારા ઝિયારત અર્થે મોકલવામાં આવેલ છે. (૧) મોલ્વી સાહેબ શેરઅલી ગુલામહુસૈન ભગત-વસો (૨) મોમિના નઝરબાનુ શેરઅલી ભગત-વસો (૩) મોમિન ગુલામમોહંમદ અબ્દેરહેમાન-વસો. સમિતિના પ્રમુખ મો.ગુલામશબ્બીર એ. મોમિન (SAT)એ પોતાના સ્વખર્ચે એક વિધવા બાઈ મોમિના જમીલાબેન ગુલામરસૂલ વસોને પણ ઝિયારત અર્થે મોકલેલ છે. અલ્લાહ તઆલા તમામ દાતાઓને જઝાએ ખૈર અતા ફરમાવે અને તેમની રોઝી રોજગારમાં બરકત નાઝિલ ફરમાવે, આમીન.

● **ઝહીર હોસ્ટેલનું ગૌરવ :**




શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની યાદી જણાવે છે કે હાલમાં વાઘરોલનો વિદ્યાર્થી મો.અકબરઅલી મહંમદભાઈ સુણસરા ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદમાં રહી વેદવ્યાસ પોલીટેકનીક-સમર્થ કેમ્પસ ખાતે Diploma in Electronics & Communicationના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થી બીજા સેમેસ્ટરમાં ૯૧% ગુણ મેળવી સમગ્ર કેમ્પસમાં પ્રથમ આવેલ છે કે જેને શીઆહ જાફરી મશાયખી મોમિન જમાતનું ગૌરવ ગણી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે સદર વિદ્યાર્થીની અદભૂત સફળતાને ધ્યાનમાં રાખીને કોલેજ મેનેજમેન્ટે રૂા.૩૨૦૦૦/- ફી પેટે રોકડ પુરસ્કાર આપેલ છે અને સફળતા મેળવે ત્યાં સુધી પુરસ્કાર આપવાની ખાત્રી આપેલ છે. મો.અકબરઅલીને કોલેજમાં સરકારશ્રીની TFWS (Free admission) સ્કીમ હેઠળ ફ્રી પ્રવેશ મળેલ હતો જેથી કોલેજ મેનેજમેન્ટે કોલેજની થતી ફી વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર તરીકે આપેલ છે અને એ પણ જણાવવું જરૂરી છે કે મો.અકબરઅલી પ્રથમ સેમેસ્ટરમાં પણ ૮૪% ગુણ મેળવી કેમ્પસ ફર્સ્ટ આવેલ હતા. મો.અકબરઅલીને શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

● **ઈન્નાલિલ્લાહે... :**



વાઘરોલ નિવાસી **મર્હૂમ હાજી નૂરમોહંમદ સુલેમાનભાઈ આંબલીયાસણા** મુ.તા.૨૧, ઝિલહજ-૧૪૩૨, તા.૧૮-૧૧-૨૦૧૧ને શુક્રવારના રોજ ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમનું જે દિવસે અવસાન થયું તે દિવસે તેઓ જુમ્આની નમાઝ બાદ માઅસૂમીન(અ.)ની ઝિયારત કરવા માટે રવાના થવાના હતા અને તેઓ જુમ્આની નમાઝની અઝાન કરતાં કરતાં ઢળી પડ્યા હતા અને અવસાન થયું હતું. મર્હૂમ નૂરમોહંમદભાઈ પાટણ એસ.ટી. ડેપોમાં કન્ડકટર તરીકે ૨૭ વર્ષ સુધી ઈમાનદારી અને વફાદારીથી સેવા બજાવી નિવૃત્ત જીવન પસાર કરતા હતા.



←···· બાદરગઢ નિવાસી **મર્હૂમ મો.મીયાંજી વલી ખોરજીયા** મુ.તા.૩, મોહર્રમ-૧૪૩૩, તા.૨૯-૧૧-૨૦૧૧ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.





મેતા નિવાસી **મર્હૂમ મો.રસુલભાઈ અલાઉદ્દીન મુખી** મુ.તા.૪, મોહર્રમ-૧૪૩૩, તા.૩૦-૧૧-૨૦૧૧ને બુધવારના રોજ આશરે ૬૧ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ, નેક, ઈમાનદાર, મિલનસાર હતા અને મેતા શીઆહ જમાઅતમાં પ્રમુખ તરીકે ૧૩ વર્ષની લાંબી સેવા આપી હતી. જમાઅતે એક સારા આગેવાન ગુમાવ્યા છે. ---➜



⟵--- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમા મો.સકીનાબેન અલીભાઈ ભુરા** મુ.તા.૬, મોહર્રમ-૧૪૩૩, તા.૨-૧૨-૨૦૧૧ને શુક્રવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ખૂબ જ માયાળુ, સહનશીલ અને મહેમાનનવાઝીનાં ખૂબ જ આગ્રહી હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદનાં ચાહક હતાં.


જેઠીપુરા નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ વજીરભાઈ વિજાપુરા (કારકુન)** માજી કારભારી ધોળકા મુ.તા. ૧૦, મોહર્રમ-૧૪૩૩, તા.૬-૧૨-૨૦૧૧ને મંગળવારે રાત્રે ૧૦-૦૦ કલાકે ૯૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ, નેક અને હસમુખા હતા. મર્હૂમ નશીરભાઈએ ધોળકા ખાતે કારભારી તરીકે સેવા બજાવીને જાફરી ખાનદાનની સેવા કરવામાં પોતાના જીવનનો મોટા ભાગનો સમય પસાર કરેલ છે. તેમને દીન અને દુન્યવી એમ બન્ને રીતે નેકી કરવાનો મોકો મળેલ છે. જાફરી ખાનદાનની સેવા કરવાનો લાભ દુનિયામાં એ મળ્યો કે તેમને આવો સારો દિવસ નસીબ થયો અને આખેરતમાં પણ ઈન્શાઅલ્લાહ તેમને યોગ્ય બદલો અલ્લાહ તઆલા અર્પણ કરે એવી દુઆ માગીએ છીએ. ---➜





⟵--- ઈલોલ પહાડીયા નિવાસી **મર્હૂમા મો.ઉરીબેન શરીફભાઈ મતિયા** મુ.તા.૧૬, મોહર્રમ-૧૪૩૩, તા.૧૨-૧૨-૨૦૧૧ને સોમવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.

વસો નિવાસી **મર્હૂમ મો.ગુલામઅબ્બાસ ફતેહભાઈ મોમિન** મુ.તા.૨૩, માહે મોહર્રમ-૧૪૩૩, તા.૨૦-૧૨-૨૦૧૧ને રવિવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. મર્હૂમ સ્વભાવે ભોળા અને દયાળુ હતા. તેઓ મહેમાનનવાઝીના ખૂબ જ શોખીન હતા. ---➜



અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો.**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મો.મર્હૂમ નશીરભાઈ વજીરભાઈ વિજાપુરા (કારકુન) (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૧/- મો. કાસમભાઈ નશીરભાઈ વિજાપુરા
રૂા.૫૦/- મો. નુરમોહંમદ હબીબભાઈ પરબડીયા
રૂા.૫૦/- મો. ઝોહરાબેન નુરમહંમદ પરબડીયા
રૂા.૫૦/- મો. ફિઝઝાબેન શબ્બીરહસન પટેલ
રૂા.૫૦/- મો. શેરબાનુ ગુલામઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો. હુસૈનાબેન હબીબઅલી પરબડીયા
રૂા.૫૦/- મો. શરીફાબેન હાસમભાઈ ભટ્ટ
રૂા.૫૦/- મો. ઝયનબબેન વજીરઅલી માણુસીયા
રૂા.૫૦/- મો. મદીનાબેન મહંમદઅલી માવા
રૂા.૫૦/- મો. હસનઅલી વલીભાઈ વિજાપુરા
રૂા.૫૦/- મો. હુસૈનાબેન વલીભાઈ વિજાપુરા
રૂા.૫૦/- મો. મદીનાબેન કાસમભાઈ વિજાપુરા
રૂા.૫૦/- મો. અબ્બાસભાઈ નુરભાઈ વિજાપુરા

**રૂા.૨૦૦૧/- મો. મર્હૂમા ઉરીબેન શરીફભાઈ મતિયા(ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે તેમના પુત્રો તથા તેમના સગાસંબંધીઓ તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.સકીનાબેન અલીભાઈ ભુરા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના સગા-સંબંધીઓ તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.અલીભાઈ ગનીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.અમીનાબેન ગનીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી અલીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન આબિદઅલી ભુરા
રૂા.૫૦/- મો.આબેદાબેન આબિદઅલી ભુરા
રૂા.૫૦/- મો.મહંમદઅલી આબિદઅલી ભુરા
રૂા.૧૦૦/- મો.અમીનાબેન દાઉદભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન ગુલામહૈદર રાજપુરા
રૂા.૧૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખણુશીયા
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન ઈન્તેખાબઅલી ખણુશીયા
રૂા.૫૦/- મો.તન્વીરફાતેમા ઈન્તેખાબઅલી ખણુશીયા
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી ઈન્તખાબઅલી ખણુશીયા
રૂા.૧૦૦/- મો.ઉરીબેન ગુલામભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.મહેંદીઅલી ઈસ્માઈલભાઈ ભલા
રૂા.૨૦૦/- મો.હુસૈનાબેન મહેંદીઅલી ભલા
રૂા.૫૦/- મો.કામયાબઅલી મહેંદીઅલી ભલા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા મહેંદીઅલી ભલા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ ગનીભાઈ ભુરા
રૂા.૧૦૦/- મો.અસ્કરઅલી ગુલામહુસૈન ભુરા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી ગુલામહુસૈન ભુરા
રૂા.૫૦/- મો.મુનિરહુસૈન આબિદઅલી ભુરા
રૂા.૫૦/- મો.બખ્તાયારહુસૈન આબિદઅલી ભુરા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી નુરભાઈ ભુરા
રૂા.૫૦/- મો.શબ્બીરહસન અકબરઅલી ભુરા
રૂા.૧૦૦/- મો.એહમદઅલી નુરભાઈ ભુરા
રૂા.૨૫/- મો.તાહેરાબેન અહેસાનઅલી ભુરા
રૂા.૨૫/- મો.મકબૂલફાતેમા ઈર્શાદએહમદ ભુરા
રૂા.૨૫/- મો.સાજેદાબેન નજરમહંમદ ભુરા
રૂા.૫૦/- મો.શીરીનબેન હસનભાઈ ભુરા
રૂા.૨૫/- મો.શીરીનબેન કમ્બરઅલી ભટ્ટ
રૂા.૨૫/- મો.સકીનાબેન ઈબ્રાહીમભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન વલીભાઈ પટેલ
રૂા.૨૫/- મો.ઝોહરાબેન અબ્બાસભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ નશીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.હાજરાબેન ઈબ્રાહીમભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી નશીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન આબિદઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.અલીભાઈ ઈબ્રાહીમભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.મરીયમબેન અલીભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન હાસમભાઈ વેપારી

રૂા.૧૦૦/- મો.ઝયનબબેન ગુલામહુસૈન વેપારી
રૂા.૧૦૦/- મો.હબીબભાઈ ગુલામભાઈ હાજી
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન હબીબભાઈ હાજી
રૂા.૧૦૦/- મો.હનીફભાઈ વલીભાઈ મતિયા
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન હનીફભાઈ મતિયા
રૂા.૫૦/- મો.સાબિરઅલી ઈબ્રાહીમભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.બાકરઅલી ઈબ્રાહીમભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.સાજીદહુસૈન આબિદઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ વાઘ
રૂા.૫૦/- મો.રહીમાબેન બાકરઅલી નુરભાણેજ
રૂા.૫૦/- મો.સાબેરાબેન એહસાનઅલી મસી
રૂા.૫૦/- મો.આબેદાબેન અહેસાનઅલી થાવરા
રૂા.૫૦/- મો.ફિઝ્ઝાબેન ગુલામહુસૈન મસી
રૂા.૫૦/- મો.સલમાબેન ગુલામઅબ્બાસ વાઘ
રૂા.૫૦/- મો.ઝેહરાબેન શબ્બીરઅલી હાજી
રૂા.૫૦/- મો.રાબિયાબેન ગુલામહુસૈન મસી
રૂા.૫૦/- મો.તાહેરાબેન આબિદહુસૈન ગોદડ

**મર્હૂમ મો.રસુલભાઈ અલાઉદ્દીનભાઈ સુણસરા મુખી(મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૨૫/- મો.ઝયનબબેન રસુલભાઈ સુણસરા
રૂા.૧૨૫/- મો.તાહેરાબેન ગુલામભાઈ આંબલીયાસણા
રૂા.૧૨૫/- મો.ગુલામમોહંમદ શરીફ આંબલીયાસણા
રૂા.૧૨૫/- મો.અફઝલફાતેમા ગુલામભાઈ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી ગુલામભાઈ આંબલીયાસણા
રૂા.૧૨૫/- મો.રાબિયા સુલેમાન ચૌધરી
રૂા.૧૨૫/- મો.સુલેમાન દાઉદ ચૌધરી
રૂા.૧૦૦/- મો.આબિદહુસૈન સુલેમાન ચૌધરી
રૂા.૧૦૦/- મો.આરેફાબાનુ સુલેમાન ચૌધરી
રૂા.૧૦૦/- મો.હાજી સુલેમાન અલાઉદ્દીન સુણસરા
રૂા.૧૦૦/- મો.અમીનાબેન સુલેમાન સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી સુલેમાન સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન તાહેરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.હબીબા તાહેરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.આબિદઅલી તાહેરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી સુલેમાન સુણસરા
રૂા.૧૦૦/- મો.હબીબા અકબરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.સફદરઅબ્બાસ અકબરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.ઈમ્તિયાઝઅલી સુલેમાન સુણસરા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન કમ્બરઅલી અસામદી
રૂા.૧૦૦/- મો.શીરીનાબેન અનવરઅલી શેલીયા
રૂા.૧૦૦/- મો.આબેદા અબ્બાસ નાંદોલીયા
રૂા.૧૦૦/- મો.સાકેરા ખાદિમહુસૈન કડીવાલ
રૂા.૫૦/- મો.હાજી ઈસ્માઈલભાઈ નુરમદ શેલીયા
રૂા.૧૦૦/- મો.યૂસુફ હાજી અલાઉદ્દીન સુણસરા
રૂા.૧૦૦/- મો.મરીયમબેન યૂસુફ સુણસરા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી યૂસુફ સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરા શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.મોહસિનઅલી શબ્બીરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.શાકેરાફાતમા શબ્બીરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.હસનઅલી યૂસુફ સુણસરા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝા હસનઅલી સુણસરા
રૂા.૫૦/- મો.શીરીનબેન હસનઅલી સુણસરા
રૂા.૨૫/- મો.ઈમદાદઅલી હસનઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.ઈમદાદઅલી યૂસુફ સુણસરા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન ઈમદાદઅલી સુણસરા
રૂા.૫૦/- મો.ઈમ્તિયાઝઅલી ઈમદાદઅલી સુણસરા
રૂા.૨૫/- મો.રફીકાફાતમા ઈમદાદઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી યુસુફ સુણસરા
રૂા.૧૦૦/- મો.સાજેદા અબ્બાસઅલી સુણસરા
રૂા.૨૫/- મો.શુજાઅતહુસૈન અબ્બાસઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મીકદાદઅલી અસામદી
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન હસનઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.શહરબાનુ હસનઅલી બાલસાણીયા

રૂા.૬૦૦/- મો.મહંમદહુસૈન મહંમદઅલી (વસો-લંડન) તરફથી મર્હૂમ સકીનાબેન જી.(અમદાવાદ), મર્હૂમ ગુલામઅલી જે.(અમદાવાદ), મર્હૂમ ગુલામઅબ્બાસ એમ.(વસો), મર્હૂમ ગુલામહુસૈન આર.(વસો), મર્હૂમા ફાતમાબેન જી.(વસો), મર્હૂમા સકીનાબેન એમ.(વસો)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૪૦૦/- મો.ઈમ્તિયાઝઅલી ગુલામઅબ્બાસ મોમિન(વસો)તરફથી મર્હૂમ

ગુલામઅબ્બાસ ફતેભાઈ મોમિન(વસો)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૪૪૦/- મો.અઝીમઅલી નૂરમોહંમદ આંબલીયાસણા તેમજ તેમના પરિવાર(વાઘરોલ) તરફથી મર્હૂમ હાજી નૂરમોહંમદ સુલેમાનભાઈ આંબલીયાસણાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦/- મો.હબીબભાઈ ગુલામભાઈ લોઢા (કનાઈ)તરફથી જનાબ સૈયદ વફીએહમદ બાવા સાહેબની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦/- મો.હબીબભાઈ ગુલામભાઈ લોઢા (કનાઈ)તરફથી પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) પોતાના કુટુંબીજનો સાથે કરબલાની ઝિયારત કરીને પરત આવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન(વસો)તરફથી શહીદાને કરબલા અને અસીરાને કરબલાની અરવાહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.શેરઅલી અબ્દેરહેમાન તથા તેમના મહોરદાર નસીમાબાનુ શેરઅલી(લંડન) તરફથી તેઓ હજ-ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામશબ્બીર ગુલામનબી રાઈસમીલવાળા(વસો) તરફથી તેમના દીકરા એહસાનઅલીની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.ઈકબાલહુસૈન ગુલામમોહંમદ ખેડાવાળા(વસો)તરફથી તેમની દીકરી ઈરફાનાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ગુલામહૈદર હાજી મોહંમદહુસૈન(વસો)તરફથી આણંદમાં નવું મકાન બનાવ્યું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.હાજી મોહંમદઅલી હાજી અબ્દુલરહીમ(વસો)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૦/- મો.નૂરમોહંમદભાઈ હાજી ગુલામહુસૈન અલીજી(વસો)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ઈબ્રાહીમભાઈ અબ્દેરહેમાન (વસો)તરફથી તેમના દીકરા મહેબૂબહુસૈનના લગ્નની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામમોહંમદ અબ્દેરહેમાન ભગત તથા તેમનાં મહોરદાર(વસો)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.શબ્બીરહુસૈન ગુલામહુસૈન તથા તેમનાં મહોરદાર(દમણ)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.શબ્બીરહસન ગુલામહુસૈન તથા તેમનાં માતુશ્રી હાજરાબેન(આણંદ) ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ગુલામઅલી હાજી નૂરમોહંમદ તથા તેમનાં મહોરદાર શહરબાનુ(દમણ)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.અકબરભાઈ તથા તેમનાં મહોરદાર(દમણ)તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.ગુલામમોહંમદ તથા સાકિરહુસૈન તથા તેમનાં મહોરદાર (અમદાવાદ) તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત તથા તેમનાં મહોરદાર નઝરબાનુ(વસો) તરફથી તેઓ ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૧/- મો.ગુલામહૈદર તથા ગુલામજાફર (વસો)તરફથી તેમણે આણંદ મુકામે નવું મકાન બનાવ્યું તેના ઉદ્‌ઘાટનની ખુશાલી પ્રસંગે.


રૂા.૫૦૦/- મો.દિલબરહુસૈન એહમદભાઈ હસન (કાંણોદર)તરફથી શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.નજરઅલી દાઉદ મુસે (હૈદરપુરા)તરફથી તેમના દીકરા મોહસિનઅલી કરબલાની ઝિયારત માટે ગયા હતા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામઅલી થરાદરા (હૈદરપુરા-સુરત) તરફથી મર્હૂમ નૂરીબાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૧/- મો.મર્હૂમ મીયાંજી વલી ખોરજીયા(બાદરગઢ)ની રૂહના સવાબ અર્થે.

**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૫ ❖ ૧૦, જાન્યુઆરી-૨૦૧૨

૧૫, સફર, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૬૫

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION

## લેખ સૂચિ

| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને ........................ | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ .................... | ૦૫ |
| ❋ અહાદીસ ............................ | ૦૬ |
| ❋ ઈલાહી નિસ્બત ...................... | ૦૮ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૭ |
| ❋ ગડમથલ .............................. | ૨૧ |
| ❋ અલ્લાહની હમ્દ ...................... | ૨૩ |
| ❋ મશાયખવાણી ........................ | ૨૫ |
| ❋ નહજુલ ઈસરાર ...................... | ૨૯ |
| ❋ અલ ઈર્શાદ ............................ | ૩૨ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. | ૩૫ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... | ૩૭ |
| ❋ ખુદાના વિશિષ્ટ સર્જનમાં ખુદાની માઅરેફત | ૩૯ |
| ❋ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો ... | ૪૨ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ...................... | ૪૫ |
| ❋ શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ .... | ૪૮ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ ............................ | ૫૧ |
| ❋ આપણા ઘરની વાતો .................. | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ..... | ૫૮ |

## ઊઘડતે પાને...

શહીદે કરબલા હુસૈન(અ.).

ગરીબે નયનવા હુસૈન(અ.).

કિતાબ બિહારૂલ અન્વારમાં મનકૂલ છે કે એક અરબ શાહઝાદાએ કૌનેન ઈમામ હુસૈન(અ.)ની ખિદમતમાં હાજર થયો અને તેણે અરજ કરી,

'અય ફરઝંદે રસૂલ ! હું એટલો બધો દેવાદાર છું કે હું દેવું ચૂકવી શકવાની શક્તિ ધરાવતો નથી.

**મુસીબતના સમંદરને અને દુઃખના ગિરિવરને,**
**સહીને શબ્બીરે મુક્તિ અપાવી વિશ્વ-જીવતરને.**

તેથી મેં મારા દિલમાં વિચાર કર્યો કે કોઈની આગળ સવાલ કર્યા વગર આ બાબતનો ઈલાજ શક્ય નથી. પરંતુ એવા સખીની આગળ સવાલ કરું કે જેનો કાઈનાતમાં કોઈ જોટો ન હોય.'

વધુમાં તેણે ઉમેર્યું,

'આથી ઘણો વિચાર કર્યો પછી એહલેબયતે અત્હાર(અ.) સિવાય કોઈ કરીમ નજરે ન પડ્યો તેથી હું ઉમેદ ધરાવું છું કે આપ મારી હાજતને પૂરી કરો.'

આ સાંભળીને ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું,

'અય બિરાદર ! પહેલાં તો હું તને ત્રણ સવાલ પૂછવા માગું છું. જો તેં તેમાંથી એકનો જવાબ આપી દીધો તો હું તારું ત્રીજા ભાગનું (૧/૩) દેવું અદા કરી દઈશ અને જો તેં તેમાંથી બેના જવાબ આપ્યા તો હું તારું બે ભાગનું (૨/૩) દેવું અદા કરીશ અને જો તેં ત્રણેય સવાલોના જવાબ આપી દીધા તો પછી તારું સઘળું દેવું અદા કરી દઈશ.'

આથી પેલા બુધ્ધિશાળી પુરૂષે કહ્યું,

'અય ઈબ્ને રસૂલિલ્લાહ ! શું મારા માટે એ શક્ય છે કે અલ્લાહના ઈલ્મના જાણકાર અને આંતરિક રહસ્યોના જ્ઞાતા મારા જેવા અજ્ઞાની અને ઓછી બુધ્ધિવાળા માણસ સાથે કોઈ સવાલ કરે, શું મારા માટે એ શક્ય છે ? મારા જેવાના કદમ પરીક્ષામાં અડગ રહેશે ખરા ?'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'તેં સાચું કહ્યું છે. પરંતુ મેં મારા નાના રસૂલે ખુદા(સ.)થી સાંભળ્યું છે કે મોમિન બિરાદર પર એટલી બધી નેકી અને એહસાન કરવા જોઈએ કે જેટલા પ્રમાણમાં તે મોમિનને દીનની માઅરેફત પ્રાપ્ત થયેલી હોય. તેથી હું ઈચ્છું છું કે તને પ્રચાર કરવામાં આવેલ ઈલ્મ અને માઅરેફતના પ્રમાણ અનુસાર દીન વિષે સવાલ કરું જેથી તે પ્રમાણે તારી સાથે નેકી અને એહસાન કરું.'

આથી પેલા એ'રાબીએ કહ્યું,

'અય ફરઝંદે રસૂલ ! આપે જો પૂછવા જ હોય તો આ નાચીઝને સવાલ કરો. જો મને તેનો સાચો જવાબ આવડશે તો સુબ્હાનલ્લાહ, નહિતર હુઝૂર(અ.)ને પૂછી લઈશ. મારામાં કોઈ હિંમત કે શક્તિ નથી પરંતુ ખુદાવંદે બુઝુર્ગના તરફથી પ્રયત્ન કરીશ.'

તેથી ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'અય બિરાદર ! બતાવો કે આ'માલમાંથી બેહતરીન અમલ કયો છે ?'

તે અરબીએ કહ્યું,

'મૌલા ! બેહતરીન અમલ અલ્લાહની વહદાનિયત પર ઈમાન લાવવું તે છે.'

ફરીથી ઈમામ(અ.)એ પૂછ્યું,

'હલાકતથી કઈ વસ્તુ નજાત આપે છે ?'

તેણે અરજ કરી,

'યા ઈબ્ને રસૂલિલ્લાહ ! હલાકતથી નજાત પરવરદિગારે આલમ પર તવક્કુલ (વિશ્વાસ) અને ભરોસો રાખવામાં છે.'

પછી ઈમામ(અ.)એ પૂછ્યું,

'પુરૂષની શોભા કઈ વસ્તુ છે ?'

પેલા બુધ્ધિશાળી માણસે કહ્યું,

'યા ઈબ્ને રસૂલિલ્લાહ ! પુરૂષની શોભા ઈલ્મ છે, જે બરબાદીની સાથે ન હોય.'

પછી ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'અગર કોઈ પુરૂષ ઈલ્મવાળો ન હોય તો પછી

**સબર જેવી સબરનું કાળજું કંપી ઉઠ્યું ત્યારે,**
**પિતા ખુદ ભેટવા ચાલ્યો તડપતા પુત્ર અકબરને.**

**જુલમગારો નહીં, પણ ખુદ જુલમ રોતો હતો એથી,**
**ગળે ત્રણ ભાલનું હો તીર દુધમલ બાળ અસગરને.**

તેની શોભા શું છે ?'

તેણે અરજ કરી,

'અગર પુરૂષ ઈલ્મવાળો ન હોય તો પછી તેની શોભા માલ છે કે જે સભ્યતાની સાથે હોય.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'અગર કોઈ માણસ માલદાર પણ ન હોય તો પછી તેના માટે કઈ વસ્તુ શોભારૂપ છે ?'

તો તેણે કહ્યું,

'જો કોઈ માણસ માલદાર પણ ન હોય તો પછી તેની શોભા ફુક્ર (નિર્ધનતા) છે એ શરતે કે તે સબ્ર અને કનાઅત (સંતોષ)ની સાથે હોય.'

ફરી પાછું હઝરત(અ.)એ પૂછ્યું,

'અગર ફુક્ર (નિર્ધનતા) સબ્રની સાથે પણ ન હોય તો પછી પુરૂષની શોભાનું કારણ શું છે ?'

તો તે પ્રતિભાશાળી માણસે ચિંતન મનન કર્યા પછી કહ્યું,

'યા ઈબ્ન રસૂલિલ્લાહ ! જો એ પણ ન હોય તો તેની શોભા એમાં છે કે આસમાનથી તેના ઉપર વીજળી પડે, તેને બાળીને ભસ્મ કરી નાખે અને તે તેના લાયક જ છે.'

રાવી કહે છે કે જ્યારે ઈમામ(અ.)એ આવા શબ્દો એ દીનદાર પુરૂષ પાસેથી સાંભળ્યા તો હઝરત ખુશ થયા અને આપે એ જ સમયે એક હજાર અશરફીઓવાળી થેલી તેના હાથમાં મૂકી દીધી અને એક અંગૂઠી પણ તેને આપી દીધી જેનું મૂલ્ય બસ્સો દિરહમ હતું અને આપે તેને ફરમાવ્યું,

'આ હજાર દીનાર લઈને તું તારું દેવું અદા કરી દેજે અને આ નગીનાની કિંમત તારા અહલોઅયાલ માટે ખર્ચી દેજે.'

આથી તે અરબ આ બક્ષિસને લઈને ખૂબ જ

**ઘડીકમાં કુબરાને વરનાર નીકળ્યો મોતને વરવા,**
**જિગરમાં કોડ શાદીના હતા શા ઈબ્ને શબ્બરને.**

ખુશ થયો અને તેણે આ આયત પઢી :

**'અલ્લાહો યઅ્લમો હૈસો યજઅલ રેસાલતહુ.'**

(ખુદાવંદે આલમે નબુવ્વત અને રિસાલતને ઉતારવા માટે આવા મહાન ખાનદાનને પસંદ કર્યું છે કે જે આ મહાન કાર્ય માટે લાયક છે.)

*

કિતાબ બિહારૂલ અન્વારમાં મન્કૂલ છે કે એક માણસ મદીના મનુવ્વરામાં દાખલ થયો અને તેણે શહેરના રહેવાસીઓને પૂછ્યું,

'આ શહેરમાં એવો કોણ માણસ રહે છે કે જે સખાવતમાં અજોડ હોય ?'

શહેરવાસીઓએ એકમતે કહ્યું,

'આખા શહેરમાં હુસૈન(અ.) જેવો કોઈ દયાળુ નથી. અર્થાત એ હઝરત તો એવા કરીમ છે કે આપની પવિત્ર જીભમાંથી કદી **'લા'**(ના) નથી નીકળ્યું સિવાય કલ્મએ તૌહીદના કે જે **અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ** છે કે જેમાં **'લા'** શબ્દ જીભ ઉપર આવે છે. જો તશહ્હુદનો કલમો પઢવાનું જરૂરી ન હોત તો આપની જબાન મુબારકથી કદી **'નઅમ'** શબ્દ સિવાય **'લા'** શબ્દ ન નીકળત.'

પછી તો તે પુરૂષ રસૂલે ખુદા(સ.)ની મસ્જિદમાં દાખલ થયો. તેણે જોયું કે ઈમામ(અ.) નમાઝ પઢવામાં મશગૂલ છે. તે પુરૂષ ઈમામ(અ.)ની પાસે જઈને ઊભો થઈ ગયો અને તેણે ઈમામ(અ.)ની પ્રશંસામાં અને પોતાની હાજત તલબ કરવા માટે કેટલીક પંક્તિઓ પઢી જેનો અર્થ એવો થતો હતો કે કોઈ પણ હાજતમંદ માણસ આ દરવાજાથી નાઉમેદ થઈને પાછો જતો નથી. અને

**વફાદારી, મોહબ્બત, જાંનિસારી શી હતી એની?**
**ઉકેલે છે જગત અબ્બાસ એ ભવ્ય અંતરને.**

કોઈ માગનારો જો આ ઘરના દરવાજાની સાંકળ ખખડાવે છે તો તે ખાલી હાથે નથી જતો. આપ એવા કરીમ ઈબ્ને કરીમ છો કે જમાનો આપના જેવા બીજાને શોધી લાવવા માટે લાચાર છે અને આપ સમગ્ર કાઈનાત માટે વિશ્વાસપાત્ર છો. આપના વાલિદે બુઝુર્ગવાર અમીરુલ મોમિનીન મુશરિકોના કાતિલ અને દીનના સરદાર છે અને સાચી બાબત તો એ છે કે જો આપના જદ્દે અમ્જદે અમને સાચો અને મુસ્તકીમ માર્ગ ન બતાવ્યો હોત તો અમે બધા જહન્નમમાં દાખલ થઈ જાત.'

આથી જ્યારે હઝરત(અ.) નમાઝથી ફારેગ થયા તો આપે ફરમાવ્યું,

'અય કમ્બર ! શું આપની પાસે હિજાઝના માલમાંથી કોઈ માલ બચ્યો છે ખરો ?'

કમ્બરે અરજ કરી,

'મૌલા ! ચાર હજાર અશરફીઓ બાકી છે.'

હઝરત(અ.)એ ફરમાવ્યું,

'તે અશરફીઓ લઈ આવો.'

પછી તો ઈમામ(અ.)એ પોતાના ખભા મુબારક ઉપરથી રિદા ઉતારીને એ અશરફીઓને તેમાં બાંધી દીધી. આપ દરવાજાની પાછળ ઊભા થઈ ગયા અને આપે તે ચાદરને પોતાના હાથ ઉપર મૂકીને દરવાજા પાછળથી હાથ બહાર કાઢ્યો અને આપ સાઈલના સન્મુખ ન થયા એટલા માટે કે કદાચ તે શરમનો અનુભવ કરે અને તે વખતે આપ કેટલીક પંક્તિઓ બોલ્યા જેનો ભાવાર્થ આ મુજબ થતો હતો :

'અય બિરાદર ! આ થોડાક માલને કબૂલ કર અને તેની સાથે સાથે મારા બહાનાને પણ કબૂલ કર અને એવું યકીન માન કે હું તારી હાલત પર ખૂબ મહેરબાન છું... વિગેરે વિગેરે.'

**ખુદાઈની લુટાતી લાજને ઢાંકી જવા કાયમ,**
**ધરે છે ફાતેમાની લાડલી પોતાની ચાદરને.**

પછી તો મન્કૂલ છે કે તે અરબ પુરૂષે તે અશરફીઓ લઈ લીધી અને ત્યાર પછી ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યો. હઝરતે તેને ફરમાવ્યું,

'અય બંદએ ખુદા ! કદાચ તું એટલા માટે રડે છે કે આ માલ તારી હાજતના માટે કાફી નથી. જો કે મેં પહેલેથી જ મારી નાદારી અને તંગદસ્તીનું બહાનું બતાવી દીધું છે.'

આ સાંભળીને તેણે અરજ કરી,

'યા ઈબ્ને રસૂલિલ્લાહ ! ખુદાની કસમ, આ માલ તો મારી હાજત કરતાં ય વધારે છે અને હું માલની કમી ઉપર રોતો નથી પરંતુ હું તો એટલા માટે રડું છું કે આ હાથ કે જેનાથી ગરીબ ગુરબાંને મદદ મળે છે, અફસોસ એક દિવસ આ દસ્તે હકપરસ્ત ખાકમાં મળી જશે અને જમીનમાં સંતાઈ જશે.'

મઝલૂમના અઝાદારો !

તે અરબ એટલામાટે રડતો હતો અને અફસોસ કરતો હતો કે એક દિવસ ઈમામે મઝલૂમ વતનથી દૂર, આ ફાની દુનિયાથી વિદાય લેશે, અને આ ઉકદાકુશાએ ખલ્ક અને હાજતરવાએ આલમ ગુસલ અને કફન પછી દફન થશે.

પરંતુ... એ અરબને ક્યાં ખબર હતી કે ઈમામે મઝલૂમને આશુરાના દિવસે ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા અને તરસ્યા ઝુબ્હ કરવામાં આવશે અને તે પરદેશીની લાશ મુબારક કેટલાય દિવસો સુધી કફન દફન કર્યા વગરની ગરમ રેતી ઉપર પડી રહેશે. આ હકપરસ્ત હાથ કે જેમના દ્વારા બધાને ફૈઝ મળતો હતો તેમને પણ કાપી નાખવામાં આવશે.

જો આવું બધું પેલા અરબે સાંભળ્યું હોત તો ચોક્કસ મરી જાત.

**અલા લઆનતુલ્લાહે અલલ કૌમિઝ્ઝાલેમીન.**

**પડી ભાંગેલ આખા વિશ્વના ઘરને ભરી દેવા,**
**હુસૈન ! એક તું જ છે કે જે લુટાવે છે ભર્યા ઘરને.**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ અને જેઓ પોતાના અંતઃકરણોનો વિશ્વાસઘાત કરે છે તેવાઓનો પક્ષ લઈ તું (લોકો સાથે) તકરાર કર નહીં; બેશક અલ્લાહ તેમને દોસ્ત રાખતો નથી કે જેઓ વિશ્વાસઘાતી અને ગુનેગાર છે. **(પારો-૫, સૂરએ નિસા, આયત-૧૦૭)**

✻ હે લોકો ! બેશક તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી (સત્યધર્મની ખુલ્લી) દલીલ આવી ચૂકી છે અને અમોએ તમારા તરફ સત્ય ખુલ્લું કરી દેખાડી દેનાર નૂર (કુરઆન) ઊતાર્યું છે. **(પારો-૬, સૂરએ નિસા, આયત-૧૨૫)**

✻ હે ઈમાન લાવનારાઓ ! તમારામાં જે કોઈ પોતાના ધર્મથી ફરી જશે તો (તેઓ અલ્લાહનું કાંઈ જ બગાડશે નહીં) અલ્લાહ નજદીકમાં જ એવા લોકોને લાવીને હાજર કરશે કે જેમને તે દોસ્ત રાખતો હશે અને તેઓ તેને દોસ્ત રાખતા હશે, મોમિનો તરફ તેઓ નમ્ર હશે (અને) ઈમાન નહીં લાવનારાઓ તરફ સખત, અલ્લાહની રાહમાં ધર્મયુધ્ધ કરે એવા અને કોઈ ઠપકો આપનારાના ઠપકાથી ન ડરે એવા; આ અલ્લાહની કૃપા છે કે જેને ચાહે આપે છે અને અલ્લાહ વિશાળ જ્ઞાનનો સાહેબ છે.

**(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૫૪)**

✻ (હે ઈમાનદારો !) તમારો રક્ષક અલ્લાહ અને તેના રસૂલના સિવાય કોઈ નથી અને તે લોકો પણ કે જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ નમાઝ કાયમ કરે છે તથા રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે. **(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૫૫)**

✻ અને જે અલ્લાહ તથા તેના રસૂલને તથા મોમિનોને મિત્ર બનાવશે (તે અલ્લાહવાળાઓના ટોળામાં દાખલ છે) અને ખરે જ અલ્લાહના પક્ષવાળા જ હંમેશાં વિજયી રહેશે.

**(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૫૬)**

✻ હે રસૂલ ! જે કાંઈ તમારા પરવરદિગાર તરફથી તારી તરફ ઉતારવામાં આવ્યું છે તે (લોકો સુધી) પહોંચાડી દે; અને જો તેં તેમ ન કર્યું તો જાણે તેં તેનો (કોઈ પણ) સંદેશો પહોંચાડ્યો જ નહીં; અને અલ્લાહ તને લોકો(ના ત્રાસ)થી સુરક્ષિત રાખશે; નિઃસંશય અલ્લાહ ઈન્કાર કરનારી કોમને (સીધો) માર્ગ દેખાડતો નથી.

**(પારો-૬, સૂરએ માએદાહ, આયત-૬૭)**

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૪ના જવાબો**

(૧) અલ અમીન અને અલ સાદિક (૨) પચીસ વર્ષ (૩) ખૂબ ઉદાર અને બહાદુર હતા. (૪) મસ્જિદે સખરા (૫) મિઝાબે રહેમત (૬) શનિવાર (૭) દજલા

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭

**તરસ એ, જે તરસ માટે હુસૈને પાણી દઈ દીધું,**
**તરસ એ, લાગી જે હુરને, મળ્યું જ્યાં પાણી લશ્કરને.**

**ખુદાને સર નમાવીને ઝીલી ગરદન ઉપર ખંજર,**
**જગતમાં એ ફેલાવી ગયો અલ્લાહો અકબરને.**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૪ અલ્લાહ પર ભરોસો અને તવક્કુલ

**'અને જેણે અલ્લાહ પર ભરોસો કર્યો તે તેના માટે પૂરતું છે.'**
(સૂરએ તલાક, આયત-૩)

(૪૮) 'જે વ્યક્તિ એમ ઈચ્છા રાખે કે લોકોની મોહતાજીથી આઝાદ થઈ જાય તો તેણે, જે કંઈ લોકોના હાથમાં છે તેના કરતાં જે કંઈ અલ્લાહના હાથમાં છે તેના પર વધારે ભરોસો કરવો જોઈએ. *(ઉસૂલે કાફી, જિલ્દ-૩, બાબ અલ કિનાઅત, હદીસ-૮)*

(૪૯) 'જે માણસ લોકોમાં સૌથી વધારે શક્તિશાળી થવાની ઈચ્છા ધરાવતો હોય તેણે અલ્લાહ પર ભરોસો રાખવો જોઈએ.'
*(તુહાફુલ ઉકૂલ, મુઆવઝુન્નબી)*

(૫૦) 'જો તમે અલ્લાહ પર ભરોસો રાખવાની હદ સુધી તવક્કુલ રાખશો તો તમને એ પક્ષીની જેમ રોઝી આપશે કે જે સવારમાં પોતાના માળામાંથી ભૂખ્યાં નીકળે છે અને સાંજે પેટ ભરીને પાછાં ફરે છે.'
*(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૨૨)*

(૫૧) 'જે અલ્લાહ સિવાય કોઈનાથી પણ આશા રાખતો નથી, અલ્લાહ તેની બધી જરૂરિયાતો પૂરી કરે છે અને તેને એવી જગ્યાઓથી રોઝી આપે છે કે જે તેની કલ્પનામાં પણ ન હોય અને જે અલ્લાહને છોડીને દુનિયાવાળાથી આશા રાખે છે તો અલ્લાહ તેને દુનિયાવાળાઓને હવાલે કરી દે છે.'
*(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૨૨)*

(૫૨) 'અલ્લાહની દૃષ્ટિમાં સૌથી સારા બંદાઓ તે છે કે જે અલ્લાહ પર ભરોસો રાખે છે અને તેના હુકમોનું પાલન કરે છે.'
*(અઅની ઉશ્શીહ, સફા-૧૪)*

(૫૩) 'જિબ્રઈલ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા, અલ્લાહે મને તમારા માટે એક એવો હદીયો આપીને મોકલ્યો છે કે જે આના પહેલાં બીજા કોઈને આપવામાં આવ્યો નથી.'
આ સાંભળીને રસૂલ (સ.)એ પૂછ્યું,
'એ હદીયો શું છે ?'
જિબ્રઈલે કહ્યું,
'સબ્ર અને તેનાથી એક વધારે સારી વસ્તુ.'
મેં પૂછ્યું,
'અને તે વસ્તુ કઈ છે ?'
જિબ્રઈલે કહ્યું,
'અલ્લાહની ખુશી અને તેનાથી એક સારી વસ્તુ.'
મેં પૂછ્યું,

### ગતાંકનો સુધારો

(૩૮) 'જન્નતવાળા કદી પણ <u>જન્નતમાં</u> તેમના દુન્યવી કોઈ કામ પર અફસોસ નહીં કરે સિવાય એ ક્ષણોના કે જેમાં તેમણે અલ્લાહનો ઝિકર ન કર્યો હોય.'
*(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા-૭૮)*

**યઝીદી સૈન્ય શું હરવી શકે એ જગ-વિજેતાને,
એ હાર્યો હક વિશે કુરબાની દાખવવા જગતભરને.**

**સુતો છે કરબલાનો વીર આલમને જગાવીને,
ને પાડ્યો દેહ, યુગયુગમાં કરી ઊભાં કલેવરને.**

'તે વસ્તુ કઈ છે ?'
જિબ્રઈલે કહ્યું,
'ઈબાદતગુઝારી અને તેનાથી એક સારી વસ્તુ.'
મેં પૂછ્યું,
'તે વસ્તુ કઈ છે ?'
જિબ્રઈલે કહ્યું,
'નિખાલસતા અને તેનાથી પણ સારી એક વસ્તુ.'
મેં કહ્યું,
'અને તે શું છે ?'
જિબ્રઈલે કહ્યું,
'યકીન અને તેનાથી પણ એક સારી વસ્તુ.'
મેં પૂછ્યું,
'તે વસ્તુ કઈ છે ?'
જિબ્રઈલે કહ્યું,
'યકીનના એ દરજ્જા સુધી પહોંચવાનો વસીલો અલ્લાહ પર ભરોસો છે.'
મેં પૂછ્યું,
'અલ્લાહ પર તવક્કલ (ભરોસો) શું છે?'
જિબ્રઈલે કહ્યું,
'એવું યકીન રાખવું કે કોઈ પણ મખ્લૂક ન તો નુકસાન પહોંચાડી શકે કે ન ફાયદો પહોંચાડી શકે કે ન કોઈ રોકી શકે કે ન તો કોઈ આપી શકે. આમ તે મખ્લૂકથી આશા રાખશો નહીં. જ્યારે બંદો આ દરજ્જા સુધી પહોંચે છે ત્યારે તેનો દરેક અમલ અલ્લાહ ખાતર થઈ જાય છે. તે અલ્લાહ સિવાય કોઈનાથી આશા રાખતો નથી અને ભયભીત થતો નથી કે ન કોઈથી લાલચ કરે છે, તેનું નામ જ તવક્કુલ છે.'

*(તરાએફુલ હુકમ, જિલ્દ-૨, સફા-૧૨૪)*

**રૂધિર ને પ્રાણનાં મિશ્રણ વડે, તલ્લીન થઈ જઈને,
ઘડ્યું એણે જગે 'બેફામ' માનવતાના ઘડતરને.**

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ઈસ્લામી કવીઝ નં. ૨૧૪

**(૧) રિસાલતની જાહેરાત પહેલાં કુરૈશના લોકો આપને કયાં બે ઉપનામોથી સંબોધતા હતા?**
(A) અલ યાસીન અને અલ તાહા
(B) અલ અમીન અને અલ સાદિક
(C) અલ મુસ્તફા અને અલ મુજતબા

**(૨) જ્યારે હઝરત રસૂલે ખુદા(સ.)ની શાદી હઝરત બીબી ખદીજાની સાથે થઈ ત્યારે આપની ઉંમર કેટલી હતી ?**
(A) પચીસ વર્ષ (B) પાંત્રીસ વર્ષ
(C) તેત્રીસ વર્ષ

**(૩) કુસૈયને કુરૈશના સરદાર એટલા માટે બનાવવામાં આવ્યા હતા કેમકે તેઓ -**
(A) ખૂબ ઉદાર અને બહાદુર હતા.
(B) ખૂબ મોટા વેપારી હતા.
(C) ખૂબ વગદાર માણસ હતા.

**(૪) કઈ મસ્જિદને જૂના કા'બા તરીકે ઓળખવામાં આવે છે ?**
(A) મસ્જિદે અકસા (B) મસ્જિદુલ હરામ
(C) મસ્જિદે સખરા

**(૫) કા'બા ઉપરથી વરસાદનું પાણી જે પરનાળા (નિકળા) મારફતે જમીન ઉપર પડે છે તેને કયા નામથી ઓળખવામાં આવે છે ?**
(A) મિઝાબે રહેમત (B) મકામે ઈબ્રાહીમ
(C) હતીમ

**(૬) યહૂદી લોકો કયા વારને રજાનો દિવસ ગણે છે ?**
(A) શુક્રવાર (B) શનિવાર (C) રવિવાર

**(૭) ઈરાકનું પાટનગર બગદાદ કઈ નદીના કાંઠે આવેલું છે ?**
(A) દજલા (B) ફુરાત (C) નીલ